





अनुराधा

શરદ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય કૃત

અનુરાધા

: અનુવાદક :

દયાશંકર ભ. કવિ.



કિંમત બે રૂા.

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ અને પબ્લિશર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

પ્રકાશક : એન. એમ. ઠક્કરની કાં. વતી નંદલાલ મોહનલાલ ઠક્કર
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨


દયાશંકર ભ. કવિનાં પુસ્તકો


ભારતજનની કસ્તુરબા	...રૂા.	૧-૮-૦
રણચંડી કેપ્ટન લક્ષ્મી	...	૨-૮-૦

અનુવાદક ગ્રંથો


અનુરાધા	...	૨-૦-૦
રેણુની મા	...	૪-૮-૦
જયશ્રી	...	૩-૮-૦
પથેરદાબી ભા. ૧ લો.	...	૩-૮-૦
,, ભા. ૨ જો.	...	૩-૦-૦
બહેન	...	૪-૮-૦
મોક્ષદા	...	૩-૦-૦
પતિપત્ની	...	૨-૮-૦
કુળવતી	..	૨-૮-૦
દુર્ગેશ નંદિની	...	૩-૮-૦
કૃષ્ણકાંતનું વીલ	...	૨-૮-૦

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ : ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા પાસે, અમદાવાદ.
૧૯૪૬


CHECKED 1973
Initial



શ્રીમતી લલિતા બહેન અમૃતલાલ મહેતા



અર્પણ

સુશિક્ષિત અને આદર્શ ગૃહલક્ષ્મી સમા
અ. સૌ. લલીતાબ્હેન અમૃતલાલ મહેતા
ની સંસ્કાર ભાવનાને

દયાશંકર ભ. કવિ.

આછો આછો ખ્યાલ આવે છે કે એ ૧૮૯૯ કે ૧૯૦૦ ની સાલ હતી. બપોરના ત્રણેક વાગ્યાનો સમય હતો, ત્યાં લીંબડીમાં આવેલી બેઠકની ઓરડીના દ્વાર પર મેલોઘેલો ડગલો અને ગોળ કાળી ટોપી પહેરેલો, લાંબી દાઢીવાળો અને બાવા જેવો દેખાતો એક આધેડ કરતાં વધુ ઉમ્મરનો આદમી આવીને ઊભો રહ્યો.

"કેમ કવિરાજ ક્યાં છે?" આગંતુકે આવતાં વેંત પ્રશ્ન કર્યો.

"કેમ શું કામ છે?" મેં સામો પ્રશ્ન કર્યો.

"હું મુંબઈથી આવું છું. કવિરાજને ખબર કરો કે બંગાળી બાબુ આવ્યા છે."

નવ આગંતુકનો ઉત્તર સાંભળી મેં તેમને બેઠકમાં બેસાડ્યાં; અને મારા પિતાશ્રી–સ્વર્ગસ્થ કવિ ભવાનીશંકર નરસિંરામને તેમના લેખન વ્યવસાય માટેના મેડી ઉપરના ઓરડામાં જઈને મહેમાન આવ્યાના ખબર આપ્યા. ઘણા વર્ષે મળ્યા હોય તેમ બન્ને પરસ્પરને મળ્યા ભેટ્યા. તે પછી તેમની વાતચીત ઉપરથી હું જાણવા પામ્યો કે એ બાવા જેવા દેખાતા દાઢીવાળા અમારા મહેમાન તે શ્રી. નારાયણ હેમચંદ્ર હતા. લાંબો સમય દેવર્ષિ દેવેન્દ્ર ટાગોરને ત્યાં રહ્યાં હોવાથી અને બંગાળી ભાષાના પ્રખર પંડિત હોવાથી તેમના સ્નેહીઓ તેમને બંગાળી બાબુના નામથી ઓળખતા હતા. લીંબડીના વસવાટ દરમિયાન તેમની પાસેના કેટલાક બંગાળી પુસ્તકો મને જોવા મળ્યા અને એ ભાષા શીખવાની હૃદયમાં તીવ્ર ઇચ્છા ઉદ્ભવી. પણ મહેમાન અને મેહ તે ક્યાંય રોકાણા જાણ્યાં છે? શ્રી. નારાયણ તો થોડાક દિવસ રોકાઈને ચાલ્યા ગયા અને

બંગાળી ભાષા શીખવાની મારા મનની મુરાદ તો મનમાં જ રહી ગઈ.

આખરે ૧૯૧૨ની સાલમાં હું અમદાવાદ આવ્યો અને સ્વર્ગસ્થ જસ્ટીસ સર લલ્લુભાઈના પિતાશ્રી સ્વર્ગસ્થ મુરબ્બી શ્રી આશારામ ભાઇનો મહેમાન બન્યો. આ સમયે "ભારત જીવન" માસિકના તંત્રી શ્રી. ડાહ્યાભાઇને મળવાનો મને પ્રસંગ મળ્યો. મારા પિતાશ્રીના સ્નેહી હોવાથી તેમણે મારા પર મમતા દર્શાવી અને બંગાળી ભાષા શીખવાની ઈચ્છા પ્રદર્શિત કરતા તેમણે મને શિખવવા માંડી. લીંબડી પાછા ફરવાનો સમય થયો ત્યારે તેમણે મને બે ચાર ઉત્તમ બંગાળી ગ્રંથો અને કેટલાંક માસિકો પણ આપ્યા અને વાંચનનો અભ્યાસ વધારવાની સલાહ આપી. બંગાળી ભાષા શીખવાની મારી લાંબા સમયની ઈચ્છા આખરે ફળીભૂત થઈ.

બંગાળી સાહિત્યના સમર્થ સાહિત્યકાર શરદ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય ગ્રામ્ય લોકજીવનને શબ્દોનો દેહ આપી રસમય બનાવવાની કલામાં ખરેખર અદ્વૈત છે. સમાજના નીચલા થરના જ નહિ પણ પતિ લોકોમાંય સાચી કુલીનતા હોય છે અને કહેવાતા કુલીન વર્ગ તરફથી આ લોકો પ્રત્યે દાખવવામાં આવતી શ્રેષ્ઠતા અને ગૌરવ ત્યાગની ભાવનામાં સત્યાંશ નથી એમ તે દઢતાપુર્વક માનતા હતા. આ વિચારશ્રેણીના પ્રતાપે જ રાજ્યનીતિ શાસ્ત્રે કદીયે નહિ કલ્પેલી એવી લોકશાસન-ક્રાંતિકારી ભાવના તેમનામાં ઉદ્ભવી હતી. તેમની લોકશાસનની ભાવનામાં શ્રેણીભાવ કે પરંપરાગત નૈતીક વિચારો કલ્પનાપર રચાયેલી ભાવના નથી. લોકશાસનની આ ભાવના એ માનવતા ભૂતદયાનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે; કારણ કે લોકશાસનના આ દષ્ટિબિંદુથી જ ઉચ્ચ-નીચના ભેદભાવ વગર સમાનતાની દષ્ટિએ સર્વ સ્ત્રીપુરુષને નિહાળવાનું શક્ય અને સંભવિત છે.

જીવનના અનુભવોએ શરદ્ચંદ્રને સ્ત્રી સ્વભાવ સાંગોપાંગ સમજતાં શીખવ્યું હતું, સ્ત્રી સ્વભાવનું ઊંડું જ્ઞાન અને સ્ત્રી સમસ્યાઓની પૂરતી સમજ અન્ય લેખકોની અપેક્ષા એ તેમનામાં વિશેષ હતા. તેમના મંતવ્ય મુજબ સ્ત્રી એ નિર્બળતાની મૂર્તિ ન હતી. પુરુષ કરતાં સ્ત્રીમાં શીલ અને સંકલ્પ વધુ તીવ્ર હોય છે તેમ તે માનતા હતા. જીવનનાં આ વિસ્મયકારક અને વિવિધ અનુભવોએ શીખવેલા એ સત્યોને તેમણે પોતાની કૃતિઓમાં ગૂંથ્યા છે. તેમની પ્રત્યેક કૃતિ માનવજાતિ માટેના ઊંડા અને વ્યાપક પ્રેમથી રસબસતી છે એ પ્રેમે જાતિ કે વર્ગનો ભેદભાવ જાણ્યો નથી. એ તો ઘોડાપૂર ધસતી શ્રાવણની સરિતાના જેવો છે. એ પ્રવાહ ખસૂસ કરીને સમાજના હડધૂત, દલિત અને નિઃસહાય સ્ત્રી પુરુષ માટે જ વહ્યો છે.

આ વિચારશ્રેણીથી આલેખાયેલાં, અનુરાધા, સતી અને પરેશ છે. આ પુસ્તકના પાને પાને બંગાળી ગૃહજીવનના આનંદ ઉલ્લાસ, ઇર્ષ્યાઓ, ક્લેશ, કંકાશો, વહેમો અને પદદલિત માનવજાતિ માટે–ખાસ કરીને સ્ત્રી જાતિ માટેની તેમની અદ્ભુત અનુકંપા પાને પાને અનુભવી શકાય છે.

આવા એક પ્રખર વિદ્વાન લેખકની ઉત્તમ કૃતિને ગૂજરાતી વાચકો સમક્ષ સાદર કરતાં મને પરમ આનંદ થાય છે.

મુંબઈ : દયાશંકર ભ. કવિ.

અનુક્રમણીકા.

		પાનું

અ નુ રા ધા



કન્યાના વિવાહની યોગ્ય ઉમ્મરની બાબતમાં જેટલું ખોટું ચલાવી શકાય — બોલી શકાય તેટલું ચલાવવામાં કે બોલવામાં પણ હવે તો હદ ઓળંગાઈ જવામાં આવી હતી. વિવાહની આશા પણ હવે રહી નથી. "હાય ! હાય ! એ વળી શું ?" થી શરૂઆત કરી આંખોને જરા ઝીણી કરી કન્યાના ભાઈ ભાંડુની સંખ્યા કેટલી છે તે પૂછવામાં પણ હવે કોઇને રસ રહ્યો નથી. સમાજમાં એ રસિકતા યે પણ વધુ પડતી થઇ ગઈ હતી. અનુરાધાની આ દશા હતી.

આ વાત કંઈ જૂના જમાનાની નથી; આધુનિક કાળની જ છે. આ દિવસોમાં ય દિવસો ગણી ગણીને, લાંબા ટૂંકા અને સારા નરસા કુળવાળા છોકરાંઓની ગણત્રી કરતાં કરતાં તો અનુરાધા ત્રેવીશ વર્ષથી યે મોટી થઈ ગઈ; પણ કોઇ યોગ્ય મુરતિયો મળ્યો નહિ. આ વાત એકદમ માનવામાં આવે તેવી નથી, તો યે છે સાવ સાચી. આજે જમીનદારને ત્યાં પણ સવારે એ જ વાત ચર્ચાતી હતી. નવા જમીનદારનું નામ હરિહર ઘોષાલ હતું અને તે કલકત્તામાં રહેતો હતો. તેનો નાનો પુત્ર વિજય આજે ગામમાં આવ્યો હતો.

"ગગન ચેટરજીની બહેને શું કહ્યું? ઘર નહિ છોડે?" મોઢામાંની સળગતી ચીરૂટને જરા નીચે નમાવી વિજયે પોતાની ચિઠ્ઠી ચપતરી લઇ જવા લાવવાનું કામ કરતા વિનોદ નામના માણસને પ્રશ્ન કર્યો.

"જે કહેવાનું છે તે નાના શેઠ આવશે ત્યારે કહીશું એમ કહેવરાવ્યું છે." વિનોદે ઉત્તર આપ્યો.

વિજયને આથી ગુસ્સો ચઢ્યો. તે બરાડી ઊઠ્યો: "એને કહેવાનું શું છે? એટલે કે મોડું કર્યાથી મારે જાતે જ જવું પડશે. માણસને વાત ન કરાય!"

થોડીવાર સૌકોઇ ચૂપ થઈ બેઠા. સર્વત્ર શાંતિ પ્રસરી રહી.

"વિનોદ, એને કાંઈ કહેવાનું યે નથી અને મારે કાંઇ સાંભળવું યે નથી, પરંતુ મારે એટલા માટે એની પાસે જવું પડશે. એ જાતે આવીને એનું દુઃખ રડવાની નથી કેમ?" વિજયે પુનઃ પ્રશ્ન કર્યો.

"મેં એને કહ્યું હતું." વિનોદે ઉત્તર આપતા કહેવા માંડયું. "અનુરાધાએ મને કહ્યું કે વિનોદભાઇ, હું પણ એક ગૃહસ્થ ઘરની દીકરી છું. ઘર છોડીને બહાર જતાં બધું ય જગજાહેર થઇ જાય. વારે ઘડીએ હું આવી શકું એમ નથી."

"શું નામ કહ્યું તેં? 'અનુરાધા'? નામ તો જાણે ભારે ચટકીલું છે—એટલે જ એને અભિમાન આવ્યું હશે?"

"ના જી."

વિનોદ એ ગામનો જ રહેવાસી હતો. અનુરાધાની દુર્દશાનો ઇતિહાસ તેણે વિજયને કહી સંભળાવ્યો હતો.

પરંતુ એ પણ એક ઘણો જૂનો ઇતિહાસ હતો. તે આ પ્રમાણે હતો:—

એક ગામનું નામ ગણેશપુર હતું. એકવાર એ ગામ અનુરાધાનું હતું. પાંચેક વર્ષથી એ ગામની હાથ બદલી થઈ હતી. વર્ષ દહાડે એએક હજારથી વધુ ઉપજ ન હોવા છતાંય અનુરાધાના પિતા અમર ચેટરજીનો ખર્ચ વીશ હજાર જેટલો હતો. એને અંગે સાથે કરજનો ભારે બોજો થયો હતો. સરકાર દરબારમાંથી જપ્તીના હુકમો છૂટેલાં પણ તેના અમલ માટે કશા પગલાં લેવાયા ન હતા. સૌ કોઈ એની શેહમાં દબાયેલું હતું. જેવા ચટ્ટોપાધ્યાય ભારે કુળવાન હતા તેવા જ ભારે કર્મકાંડી પણ હતા. ખારા સાગરમાં સંસારનૌકા ટીપેટીપે ભરાઈ ગઇ હતી પરંતુ ડૂબી નહોતી. અમર ચેટરજીએ એ સંસારનૌકાને આસ્તે આસ્તે ઠેલીને આયુષ્યની સીમા વટાવી હતી. એકંદરે ચેટરજીની જિંદગી એક પ્રકારે સારી રીતે જ પસાર થઈ હતી. એમનું મૃત્યુ યે સારી રીતે :થયું હતું. એમની શ્રાદ્ધ ક્રિયા વગેરે પણ સારી રીતે થઈ હતી. એમની ધન દોલતની પૂર્ણાહૂતિ પણ એજ રીતે થઈ હતી. આજ દિન સુધી ડૂબું ડૂબું થઇ રહેલી એમની સંસારનૌકા કોઈ પણ પ્રકારે ખેંચાતી જ જતી હતી, પણ હવે તે બાણુજીના ઘરની સમસ્ત મર્યાદા લઇને વિના વિલંબે સમુદ્રના તળિયે જઇ પહોંચી હતી.

પિતાના મૃત્યુ પછી પુત્ર ગગનને વારસામાં એક ભાંગ્યું તૂટ્યું ઘર, જપ્તીના હુકમનામા, ગળાડૂબ કરજે ભરાયેલી ગ્રામ્ય સંપત્તિ, થોડાક ઢોર ઢાંખર, બકરાં–કુતરાં–બિલાડાં અને ગળે પડેલી ઓરમાન બહેન અનુરાધા મળ્યાં હતાં.

આ વખતે એમને ગામની એક સંભાવિત વ્યક્તિની ઓળખાણ થઈ હતી—ના સંસર્ગમાં એ આવ્યા હતા. પાંચ છ દીકરા દીકરી અને તેમના બાળબચ્ચા મૂકીને બે વર્ષ ઉપર જ તેમની સ્ત્રી મરી ગઇ હતી. તેમને હવે વિવાહ કરવો હતો.

એક દિવસે વાતચીત કરતાં કરતાં અનુરાધાએ ગગનને કહ્યું: "મોટાભાઈ, આ કપાળે કોઇ રાજપુત્ર તો નથી લખાયો. તમે એ ઠેકાણે જ મારું લગ્ન કરી નાખો. લોકોનું માથે ભારે દેવું છે તો યે શાંતિથી ખાઇ પી શકાશે તો ખરું!"

ગગન, બહેનની વાત સાંભળી આશ્ચર્ય પામ્યો.

"આ વળી શી વાત? ત્રિલોચન ગાંગુલી પાસે પૈસા હોવાનું કહેવાય છે પણ એના દાદાએ કુળ છોડી દઇને સતિપુરના ચક્રવર્તિને ત્યાં લગ્ન કરેલા તે તું જાણે છે? એનું શું?" ગગને, અનુરાધાના કથનનો વિરોધ કરતાં કહ્યું.

"ભલે બીજું કાંઈ ન હોય પણ તેની પાસે પૈસા તો છે ને! કુળ, કુળ કરીને ભૂખ્યાં રહેવા કરતાં બે કોળિયા દાળ ભાત મળે તે સારાં મોટાભાઈ!" અનુરાધાએ ભાઇને ઉત્તર આપતાં જણાવ્યું.

"તેમ ન થાય. એમ નહિ બને." ગગને માથું ધૂણાવી જણાવ્યું.

"કેમ ન થાય? કેમ ન બને? બાપા અને બધાં ય માની જાત પણ તમને તો કાંઈ કહેવાતું જ નથી."

અહીંયાં એ જણાવવું જરૂરી છે કે પિતાના જેવો પુત્ર ન હતો. મદ્ય, માંસ અને એકાદ એવા બીજા કાર્યથી તે તદ્દન મુક્ત હતો. પત્નીના વિયોગ પછી બીજા ગામડાની કોઇ એક

હલકી જાતિની સ્ત્રી સાથે તેને સંબંધ બંધાયો હતો તે વાત સારુયે ગામ જાણતું હતું.

ગગન, અનુરાધાની વાતનો સૂચિત અર્થ સમજી ગયો હતો. તેણે વધુ મોટી ગર્જના કરીને કહ્યું:—" હું એટલો મૂઢ નથી. કન્યાના કુળના શાસ્ત્રાચારનો શું એટલા માટે ત્યાગ કરીને હું ચૌદ પેઢીને નરકમાં નાખીશ ? આપણો સ્વભાવ કુળવાન છે—આપણે કૃષ્ણના સંતાન છીએ. જા, જા. એવી વાહિયાત વાત હવે પછી કદીયે બોલતી નહિ." આમ કહીને તે ગુસ્સામાં ને ગુસ્સામાં બહાર ચાલ્યો ગયો. ત્રિલોચન ગાંગુલીની વાત પર આ રીતે પડદો પડયો.

ગગને હરિહર ઘોષાલને પકડયા અને કહ્યું:—" કુલીન બ્રાહ્મણને તમારે કરજ મુક્ત કરવો પડશે." હરિહર ઘોષાલ કલકત્તામાં લાકડાના વેપારમાંથી લખપતિ થયેલા હતા. તેમનું મોસાળ એક વાર આ ગામમાં હતું. નાનપણમાં બાબુજીના સારા દિવસો તેમણે પોતાની આંખો જેયા હતા. ઘણીયે વાર કામ પ્રસંગે પેટ ભરીને પૂરી શાક તેમને ત્યાં ખાધાં હતાં. તેમની પાસે ઝાઝો પૈસો નહોતો તેની તેને ખબર હતી. ચેટરજીનું સઘળુંય દેવું જેઈ તપાસીને હરિહરે ગણેશપુર વેચાતું રાખ્યું. ડીક્રીના પૈસા ભરી દઈને વારંટો પાછા ફેરવ્યાં, ફક્ત એટલી મોઢાની શરત રાખી હતી કે બહારના બે ત્રણ ઓરડા કચેરી માટે અલાયદા રાખીને ગગન અંદરના ઓરડાઓમાં રહેતો હતો તેમ રહે.

તાલુકો વેચાયો પરંતુ વસતિ એ વેચાણ કબૂલ કરતી નહોતી. મિલકત નહિ જેવી અને આવક સામાન્ય હતી એટલે ભારે રકમ ખરચીને કંઇ વ્યવસ્થા કરવી ફાવે તેમ નહોતી.

થોડા જ વખતમાં ગગને વળી એવી કાબેલિયત દેખાડી કે હરિહરનો કોઇ કારભારી ગણેશપુર જઇને ઠરી ઠામ રહી શકતો નહિ. છેવટે પોતાની મેળે જ તે ત્યાંનો કારભારી બની ગયો. એક વખતના ગામનો ધણી ગુમાસ્તો બની ગયો. આ રીતે મહાલ કબજે કરીને હરિહરે છૂટકારાનો દમ ખેંચ્યો, પરંતુ ભરણાનો પ્રશ્ન તો હતો તેવો જ રહ્યો. તિજોરીમાં એક પણ પૈસો જમા થયો નહિ. આ પ્રકારની ગડમડમાં બીજા બે વર્ષ વીતી ગયા. ત્યાર પછી એકાએક એક દિવસે એવા ખબર મળ્યા કે ગુમાસ્તા બાબુ–ગગન ચેટરજીનો ખૂબ શોધખોળ કરવા છતાંય ક્યાંય પત્તો લાગતો નથી. ગામડે આવીને હરિહરના માણસોએ તપાસ કરી તો જણાયું કે પૈસાનું જેમ થવું જોઇ તેમ થયું નથી. ગગન બધોય પૈસો ઉપાડીને નાશી ગયો હતો. પોલીસમાં ફરિયાદ, કોર્ટમાં અરજી, થાણાની તપાસ એ બધાય માર્ગો લેવાયા પણ ન તો પૈસાનો કે ન તો ગગનનો કાંઈ પત્તો લાગ્યો. ગગનની બહેન અનુરાધા અને દૂરના સંબંધનો એક છોકરો–ભાણેજ તેના ઘરે હતા. પોલીસના માણસોએ તેમને રીતસરની પૂછપરછ વગેરે કર્યું પણ તેમાંથી કાંઇ તથ્ય બહાર આવ્યું નહિ.

વિજય વિલાયત જઈ આવેલો હતો. તે વારંવાર પરીક્ષામાં નપાસ થતાં હરિહરને પુષ્કળ પૈસા ખર્ચવા પડયા હતાં. તે પાસ તો થઈ શકયો નહિ પરંતુ વિદ્વતાના ફળ સ્વરૂપ મિજાજ ગરમ કરીને બે વર્ષ પહેલાં દેશમાં પાછો ચાલ્યો આવ્યો હતો. વિજય કહેતો કે વિલાયતમાં પાસ–નપાસ વચ્ચે કાંઇ ફરક હોતો નથી. પુસ્તકો ગોખી ગોખીને તો મૂર્ખાઓ પણ પાસ થાય છે. આ ઉદ્દેશથી તે અહીંયાં રહીને પુસ્તકો ગોખવાનું રાખી યુરોપ જવા માગતો નહોતો. ઘેર આવી તેણે પિતાના

લાકડાના વેપારની કાલ્પનિક દુર્વ્યવસ્થાની શંકા લાવી એ ભારે કારભારને પોતાના હાથમાં લેવાનો નિશ્ચય કર્યો. લાકડાનો કારભાર સંભાળી લે તે પહેલાં જ ઘરમાં નોકર ચાકર વર્ગમાં તે જાણીતો થઈ ગયો હતો. કારકુનો તેનાથી વાઘની માફક ડરતા હતા. કામકાજમાં તે હજુ જીવ પરોવે તે પહેલાં તો ગણેશપુરનો મામલો ઊભો થયો. તેણે કહ્યું કે " એ તો જાણીતી વાત છે. પિતાજી જે કરે છે તે એવું જ હોય છે. પરંતુ તેનો કાંઇ ઉપાય નથી. અત્યારે એની મશ્કરી કર્યે કાંઇ નહિ વળે. મારે જાતે ત્યાં થોડાક દિવસો જઈ કંઇક કરવું પડશે. " અને આ જ કારણથી તે ગણેશપુર આવ્યો હતો. પરંતુ એ નાના કામ માટે ગામડામાં વધારે દિવસ રોકાવું તેને પાલવે તેમ ન હતું. જલદીથી બધી વ્યવસ્થા થઇ જાય તો ઝટપટ કલકત્તે જઇ શકાય તેમ હતું. કલકત્તાનું બધુંય કામ તેના એકલાના માથે હતું. મોટાભાઈ અજય એટર્ની હતો. તે ભારે સ્વાર્થી હતો. તે પોતાની ઑફિસ અને સ્ત્રી બાળકોમાં જ રચ્યોપચ્યો રહેતો હતો. દુનિયાની–વ્યવહારની બધીયે બાબતોમાં અંધ રહેતો હતો પરંતુ ભાગ લાગની બાબતમાં તેની બે આંખો દશ આંખોનું કામ કરતી હતી. તેની પત્ની પ્રભામયી, કલકત્તા યુનિવર્સિટિની ગ્રેજ્યુએટ હતી. ઘરના માણસોની ખબર અંતર પૂછવી તો દૂર રહી પણ સાસુ સસરા કેમ છે તે જોવા જાણવાનીય તેને જરાકે ફુરસદ ન હતી. ફક્ત પાંચ છ ઓરડાવાળા મકાનમાં તે રહેતી હતી. ત્યાં તેના સગાવહાલાઓ ભાગ્યે જ આવતા હતા. તેના નોકર ચાકરો પણ ઉડિયા બિહારના હતા. ઘરડા શેઠના અત્યંત વિરોધથી આજસુધી મુસલમાન બબરચી રાખી શકાયો ન હતો. એથી પ્રભાને ખૂબ જ દુઃખ થતું હતું. સસરાના મરણ પછી એ બધુંય થઈ રહેશે એવી

તેને આશા હતી. દિયર–વિજય પ્રત્યે તેને હંમેશાં અભાવ હતો. વિલાયતથી પાછા ફર્યા પછી જ તેના એ મનોભાવમાં કંઈક ફરક પડ્યો હતો. બે ચાર વખત આમંત્રણ આપીને દિયરને હાથે રાંધીને ડીનર આપ્યું હતું. ત્યાં તેની નાની બહેન અનિતા સાથે વિજયને પરિચય થયો. તે ત્યારે બી. એ. ની પરીક્ષા ઑનર્સ સાથે પાસ કરી એમ. એ. નો અભ્યાસ કરવાની તૈયારી કરતી હતી.

વિજય વિધુર હતો. પત્નીના મરણ પછી તે વિલાયત ગયો હતો. ત્યાં તેણે શું કર્યું, શું ન કર્યું તે જાણવાની કાંઈ જરૂર નથી, પરંતુ વિલાયતથી પાછા ફર્યા પછી અનેક વખત એ જણાઈ આવ્યું હતું કે સ્ત્રી જાતિ પ્રત્યેનો તેનો મિજાજ કંઈક રૂક્ષ હતો. તેની માતા વિવાહની વાત કરતી તો તે જોરશોરથી ચૂપ કરી દેતો હતો.

ગણેશપુરમાં આવ્યા પછી કોઈના બે ચાર ઓરડાવાળું ઘર ભાડે લઈને વિજયે નવી કચેરી બનાવી હતી. ગગનના ઘરમાંથી સિરસ્તાના જે કાગળ પત્રો મળ્યા હતા તેના જોરે તે ગગનની બહેન અનુરાધાને તેમજ તેના દૂરના પે'લા ભાણેજને ઘરમાંથી કાઢી મૂકવા સારુ તે ખટપટ કરવા લાગ્યો. ત્રિનોદ ઘોષ સાથે વાર્તાના પ્રારંભમાં એ જ વાતચીત ચાલતી હતી.

કલકત્તાથી આવતી વેળા વિજય તેના સાત આઠ વર્ષની ઉમ્મરના પુત્ર કુમારને પણ પોતાની સાથે લાવ્યો હતો.

ગામડા ગામમાં સાપ વીંછીનો ભય ભારે હોય તેથી વિજયની મા, કુમારને તેની સાથે મોકલવા ડરતી હતી. વિજયે, માને જણાવી દીધું કે હા, મા તારે મોટી વહુની

મહેરબાનીથી પૌત્ર પૌત્રીઓનો તોટો નથી; એટલે તારે કુમારની ચિંતા કરવી નહિ. એને સુખ દુઃખમાં જ મોટો થવા દે."

એમ જણાય છે કે વિલાયતના સાહેબો પણ આવી જ વાતો કરે છે. સાહેબોની એ વાત બાજુએ રાખીએ તો અહીં એક ગુપ્ત કારણ હતું. વિજય જ્યારે વિલાયત ગયો હતો ત્યારે મા વગરના પુત્રના દિવસો પરાણે પસાર થયા હતા. દાદીમા પથારી વશ જ રહેતા હતા એટલે જ્યારે તેની તબિયત બગડતી ત્યારે પૂરતા પૈસા અને વૈભવ હોવા છતાંય કુમારની કોઈ સંભાળ લેનાર ન હતું. સુખ દુઃખમાં એ બિચારો મોટો થયો હતો. વિલાયતથી ઘરે પાછા ફર્યા પછી વિજયને એની ખબર પડી હતી.

ગણેશપુર જવાને વિજય તૈયાર થયો ત્યારે ભાભીની ભાવના એકાએક ઉછળી આવી અને દિયરને, કુમારને ન લઇ જવાને સમજાવતાં કહેવા માંડયું કેઃ—"છોકરાને સાથે લઈ જાઓ છો ભાઇ? ગામડું ગામ છે. સાચવીને રહેજો. ક્યારે પાછા ફરશો?"

"જેમ બનશે તેમ જલદી."

"સાંભળ્યું છે કે ત્યાં આપણું એક મોટું ઘર છે. બાપાજીએ લીધું છે."

"લીધું છે એમ તો મેં પણ જાણ્યું છે. હજુ મેં એ ઘર જોયું નથી."

"પરંતુ હવે તો તમે ત્યાં જાઓ છો એટલે થોડીવારમાં જ જોશો."

"એવી આશા રાખું છું."

"તકલીફ પડશે પણ એક વાત કહું?"

"શી ભાભી ?"

"અમે ગામડું ગામ કદીયે જોયું નથી. એક દિવસ જોવા જવા ઇચ્છા થાય છે. અનુને કૉલેજ બંધ છે એટલે તે પણ મારી સાથે જ આવશે." પ્રભાએ દિયરને પોતાના દિલની વાત જણાવતા કહ્યું.

"અહોહો ! એમાં શી તકલીફ ! ઘર જોયા પછી જરૂર તમને ખબર આપીશ. બહેનને જરૂર સાથે લેતા આવજો." ભાભીની માગણીનો સહર્ષ સ્વીકાર કરતા વિજયે જણાવ્યું.

અનિતા એક યુવતી હતી. દેખાવમાં પણ સુંદર હતી. ઑનર્સ સાથે તે બી. એ. પાસ થઈ હતી. સાધારણ સ્ત્રી જાતિ વિરુદ્ધ વિજયનો દેખીતો તિરસ્કાર હતો પણ અમુક સ્ત્રીના આટલા બધા ગુણોને તે તુચ્છ ગણી શકે તેમ ન હતો. શાંત ગામડાના નિર્જન ભાગમાં–પ્રાચીન વૃક્ષોની છાયાથી છવાયેલા ગામડાના માર્ગે સહસા સામસામા આવી જવાની સંભાવના મનમાં આવતાં તેના હૃદયમાં તે દિવસે અનેક વિચારો ઘોળાયા કર્યા.

૨

વિજયે સાહેબનો પોશાક પહેર્યો હતો. માથા પર સોલા હેટ ધાલી હતી ને મોઢામાં કડવી લાંબી ચીરૂટ રાખી હતી. ગજવામાં રિવોલ્વર નાખવાનું તે ભૂલ્યો નહોતો. હાથમાં પકડેલી વોકીંગ સ્ટીક ફેરવતા ફેરવતા તેણે ગણેશ-પુરમાં પ્રવેશ કર્યો. સાથે લાંબી કડિયાળી ડાંગોવાળા બે લઠ્ઠ-

હિંદુસ્તાની દરવાનો, કેટલાક ગામવાસીઓ, વિનોદ ઘોષ અને પુત્ર કુમાર હતા. પિતાજીએ વેચાતી રાખેલી મિલકત હાથ કરવા જતાં ટંટો ફિસાદ કે મારામારી થવાનો ભય હતો છતાંય પુત્ર કુમારને તેણે પોતાની સાથે લીધો હતો. પુત્રને ઘરની ધૂસ બનાવવા કરતાં મજબૂત અને નિર્ભીત બનાવવા માટે આ મોકો એક ભારે બોધપાઠ હતો એમ ધારીને જ પુત્રને તે સાથે લાવ્યો હતો. વિનોદે તેને પહેલેથી જ ખાત્રી આપી હતી કે અમર ચેટરજીના ઘરમાં અનુરાધા ફક્ત એકલી જ સ્ત્રી માણસ હોવાથી કોઈ જાતનું તોફાન થશે નહિ. આવી ખાત્રી મળવા છતાં ય ઘરમાં રિવોલ્વર છે તો સાથે લેવી સારી છે એમ જણાવીને વિજયે તે પોતાની સાથે જ લીધી હતી.

"કહે છે કે છોકરી ભારે જબરી છે. લોકોને ઉશ્કેરી મૂકે તેવી છે. એ જ ગગન ચેટરજીને સલાહ આપનારી છે. એના સ્વભાવ અને ચરિત્ર પણ સારા નથી." વિજયે વિનોદ સાથે વાતચીત કરવા માંડી.

"ના જી. એવું તો મેં કાંઈ સાંભળ્યું નથી." વિનોદે ઉત્તર આપ્યો.

"પણ મેં સાંભળ્યું છે."

અમર ચેટરજીના આંગણામાં વિજય ચારે બાજુ જોવા લાગ્યો. આંગણામાં કોઈ ન હતું. સર્વત્ર સુમસામ ભેંકાર છવાઈ રહ્યો હતો. સામે પૂજાની ઓરડી દેખાતી હતી. જીર્ણતાની છેલ્લી સીમાએ તે પહોંચી ગઈ હતી. આંગણાની એક બાજુ બેસવા ઉઠવાના સારા હારબંધ ઓરડાઓ અને બેઠક આવેલા હતા. એ બધાયની દશા એક સરખી જ

હતી. કણુતરો અને કાનકડિયાઓએ તેમાં સ્થાયી રહેઠાણ બનાવ્યા હતા.

"કોઇ છે?" દરવાને બૂમ પાડી ભયંકર નીરવતાને ક્ષુબ્ધ કર્યું.

દરવાનના સંભ્રમ વિહોણા ભારે ગળાના અવાજથી વિનોદ ઘોષ અને સાથેના બીજા માણસો જાણે શરમથી સંકોચ પામ્યા. વિનોદે વિજયને કહ્યું: "રાધુ બહેનને હું જઇને ખબર કરી આવું છું બાબુ!" આમ કહેતાં જ તે અંદર ચાલ્યો ગયો.

વિનોદનો અવાજ અને બોલવાની ઢબ પરથી એ સ્પષ્ટ જણાઈ આવતું હતું કે આજે પણ એ ઘરનું અપમાન કરતાં તેને ખૂબ જ લાગી આવતું હતું.

ઘરમાં અનુરાધા રાંધતી હતી. વિનોદે જઇને વિનયપૂર્વક જણાવ્યું કે "બહેન, નાના શેઠ બહાર આવ્યા છે."

અનુરાધા એ દૈવની—કમનસીબ પળની આશંકા કરતી જ હતી. હાથ ધોઇને તે ઊભી થઇ અને સંતોષને બોલાવી કહ્યું:—"બહાર એક શેતરંજી પાથરી આવ ભાઇ! અને નાના શેઠને કહેજે કે માસીબા આવે છે."

"મને બહુ વાર નહિ લાગે. બાબુ ગુસ્સો તો નહિ કરેને વિનોદ ભાઈ? એમને મારા વતી જરા બેસવાનું કહો." અનુરાધાએ વિનોદને વિનતિના સ્વરે કહ્યું.

"શુ કરું બહેન? અમારે ગરીબ લોકોને તો જમીનદારનો હુકમ થતા કાંઇ બોલી શકાય નહિ. કામ......" વિનોદે લજ્જિત મુખે કહ્યું.

"કામની તો મને ખબર છે." વિનોદને વધુ બોલતો અટકાવી અનુરાધાએ કહ્યું.

વિનોદ ચાલ્યો ગયો. બહાર શેતરંજી પથરાઈ પણ કોઈ તેના પર બેઠું નહિ. વિજય હાથમાં પકડેલી વોકીંગ સ્ટીક હવામાં વીંઝતો, આંટા મારતો ચીરૂટ પીવા લાગ્યો.

પાંચેક મિનિટ પછી સંતોષ બહાર આવી બારણા તરફ આંગળી ચીંધતો ડરતો ડરતો બોલ્યો:–"માસીબા આવ્યા છે."

વિજય અટકીને ઊભો રહ્યો. સારા ઘરની દીકરીને શું નામે બોલાવવી તે વિચારવાની પંચાતમાં પડ્યો. પરંતુ એવી નિર્બળતા દાખવવી પાલવે તેમ ન હતી; એટલે મર્દાનગીભર્યા અવાજે બારણાની ઓથે ઊભેલી સ્ત્રીને ઉદ્દેશીને તે બોલ્યો:–"આ મકાન અને સર્વ મિલકત અમારી છે તે તમે જાણો છો ?"

"જાણું છું" ઉત્તર આવ્યો.

"ત્યારે તમે ખાલી કેમ કરતા નથી ?"

ઓરડાના બારણા પાછળ ઊભેલી અનુરાધાએ પે'લા ભાણેજને પોતે કહે તે મોટા સ્વરે કહેવાને સમજાવ્યો પણ તે છોકરો એટલો ચબરાક કે હોશિયાર ન હતો તેમજ નવા જમીનદારના કડક મિજાજની વાતો તેના કાને પડી હતી એટલે તે પોતે જ ધ્રૂજતો ધ્રૂજતો ઉભો હતો. વિજય જવાબ માટે પાંચ છ મિનિટ ધીરજ ધરીને ઉભો રહ્યો, પણ કાંઈ જવાબ ન મળતાં તે એકદમ ધમકી ઊઠ્યો:–"તારી માસીને જે કહેવું હોય તે ભલે સામે આવીને કહે. નકામો વખત ન ગુમાવો. અમે કોઈ સિંહ વાઘ નથી કે ફાડી ખાઈશું. ઘર કેમ ખાલી કરતા નથી ?"

અનુરાધા બહાર ન આવી. સંતોષ મારફત ન કહેવરાવતાં પોતે જ સ્પષ્ટ શબ્દોમાં બોલી:—" ઘર ખાલી કરવાની કોઈ વાત જ નથી. આપના પિતાશ્રી હરિહરબાબુએ અમને અંદરના ઘરમાં રહેવાનું કહ્યું છે."

" કાંઇ લેખિતવાર છે ?"

" ના. એવું કાંઇ નથી. પરંતુ તે હજુ જીવતા છે તો તેમને પૂછાવી જુવો."

" પૂછાવી જોવાની અમને ગરજ નથી. એવી કોઇ શરત હતી તો તેમની પાસે લખાવી કેમ નથી લીધી ?"

" મારા પિતાને એમ કરવું જરૂરી નહોતું લાગ્યું. હરિહર બાબુના મોઢાની કબૂલાત લખાવી લેવાનું તેમને ઠીક નહોતું લાગ્યું."

આ દલીલનો ઉત્તર શું આપવો તે વિજયે વિચાર્યું પણ એકદમ કાંઈ મગજમાં ન આવ્યું. તે ચૂપ રહ્યો. પરંતુ ત્યાં તો ઓરડામાંથી અવાજ આવ્યો. અનુરાધાએ કહ્યું:—" હરિહર બાબુ પોતાની શરતનો ભંગ કરતા હોય તો બાકીની બધી યે શરતોનો આપોઆપ ભંગ જ થાય છે. આ મકાનમાં રહેવાનો હવે અમારો કોઇ અધિકાર નથી. પણ હું એક સ્ત્રી માણસ અને આ એક અનાથ છોકરો એમ બેઉ જ છીએ. એને માબાપ કોઈ નથી. હું એને મોટો કરું છું. અમારી આ દુર્દશા પર દયા કરો અને અહીંયાં રહેવા દો. ખાલી કરીને અમારે અહીંયાંથી ક્યાં જવું એ વિચાર અમને મૂંઝવી રહ્યો છે."

" એનો હું શું જવાબ આપું ? તમારા મોટાભાઈ ક્યાં છે ?" વિજયે પૂછ્યું.

" તે ક્યાં છે તેની મને કાંઈ ખબર નથી." આટલું બોલી તે ચૂપ રહી. થોડીવાર પછી પાછી સ્વસ્થ થઇ તેણે

કહ્યું–" આપ અમારા જમીનદાર–માલિક છો. આપની પાસે અમારે કાંઇ છુપાવવાનું નથી. અકપટભાવે–કોઇ પણ વાત છુપાવ્યા સિવાય મેં આપને અમારી વિપદ વાત જણાવી છે. બળજોરી કરીને આ ઘરમાં રહેવા હું માગતી નથી. આ કપરા દિવસો પસાર થઇ જશે કે હું મારી જાતેજ અહીંથી ચાલી જઈશ."

અનુરાધાનો અવાજ ઓરડાના બારણા પાછળથી આવતો હતો, પરંતુ તેની આંખેથી અશ્રુ વહી રહ્યા હતા તેમ સ્પષ્ટ જણાઇ આવતું હતું. વિજય દુખી બન્યો, મનમાં ને મનમાં ખુશી પણ થયો. તેણે વિચાર કર્યો કે " આને મકાનમાંથી ખાલી કરાવીને બહાર કાઢતા કોણ જાણે કેટલોયે સમય વ્યતીત થશે અને કેટલીયે ખટપટમાં ઉતરવું પડશે. આખરે કાંઇ પરિણામ તો આવશે નહિ. તે આંખે આંસુ સારતી દયાની ભિક્ષા માગી રહી છે." પોતાના ગજવામાં રાખેલી પિસ્તોલ અને દરવાનો પાસેની મોટી કડિયાળી ડાંગોને છુપાવી દેવાનો વિચાર કર્યો પણ તેવી દુર્બળતા દાખવવી યોગ્ય નથી એવો આખરે નિશ્ચય કર્યો.

" તમને રહેવા દેવામાં કોઇ જાતની હરકત નથી પરંતુ અમને પોતાને આ મકાનમાં રહેવાની ઘણી જરૂર છે. જ્યાં અત્યારે રહીએ છીએ ત્યાં ઘણી અગવડતા છે. વળી અમારા બાળબચ્ચા એકવાર અમારી આ નવી મિલકત જોવા આવવાને ઇચ્છે છે." વિજયે દમદાટી આપવી છોડી દઈને ભેદનીતિ વાપરી અનુરાધાને ઘર ખાલી કરવાને સમજાવવા માંડી.

" ભલે આવે. બહારના ઘરોમાં તે મરજી મુજબ રહી શકશે અને અંદર બે માળવાળા ઘણા ઓરડા છે. તમારા

આળબચ્ચા આવશે તો કાંઇ હરકત પડશે નહિ. એમને જરૂર પડયે હું તેમનું કામ પણ કરી દઇશ." અનુરાધાએ ઉત્તર આપ્યો.

"ના, ના. તમારી પાસે કોઈ જાતનું કામ કરાવાય નહિ. પરંતુ અંદરના ઓરડા કેવા છે તે મને જોવા દેશો ?" વિજયે અનુરાધાની વિનંતિથી શરમાઇ જઈને કહ્યું.

"શા માટે નહિ ? આ તો તમારા જ મકાન છે. આવો અને ખુશીથી ફરીને બધું ય જુઓ—"

ઓરડામાં દાખલ થવાની રજા મળતાં જ વિજય અંદર ગયો. ઓરડાના બારણામાં દાખલ થતાં જ ત્યાં ઊભેલી અનુરાધાનું મુખ તેના જોવામાં આવ્યું. તેણે માથે ઓઢ્યું હતું પણ ઘૂમટો તાણ્યો ન હતો. શરીર પર આઠે પહોર પહેરી રાખવાથી આધમેલી સાડી હતી. દર દાગીનાનું નામ ન હતું. બેય હાથમાં સોનાની જૂના જમાનાની બે બંગડીઓ હતી. બારણા પાછળથી તેનો અશ્રુસીંચીત કંઠસ્વર વિજયના કાને બહુ જ મધુર પડયો હતો એટલે તેણે ધાર્યું હતું કે તે તેવી જ સુંદર હશે. દુઃખમાં આવી પડી હતી છતાં ય તે મોટા ઘરની દીકરી હતી પરંતુ તેણે જે આશા રાખી હતી તે જોવામાં આવ્યું નહિ. રંગે શ્વેત નહતી તેમ સાવ કાળી પણ નહતી. સામાન્ય રીતે ગામડા ગામના છોકરા છોકરીઓ જોવામાં આવે છે તેવી તે હતી. શરીર દૂબળું હતું પણ બાંધો મજબૂત હતો.

"વિનોદભાઈ, બાબુને તમે સાથે જઈને બધુંય બતાવી આવો. હું રસોડામાં છું." અનુરાધાએ વિનોદને કહ્યું.

"તમે સાથે નહિ આવો, રાધુબહેન ?"

"ના."

અંદર દાખલ થઈ વિજયે ઉપર નીચે બધુંય ફરીને જોયું. ઓરડાઓ ઘણા હતા. જૂના જમાનાનો અનેક સરસામાન અહીંતહીં પડ્યો હતો. કેટલોક સાવ ભાંગી જવાની તૈયારીમાં કેટલોક ભાંગી જવાની તૈયારીમાં હતો. અત્યારે એની કાંઈ કિંમત ન હતી પણ એક દિવસે તે ભારે કિંમતી હતો. ગામના ઘરોની માફક આ ઘરો પણ જીર્ણ હતા. દારિદ્રયનો ડાઘ બધીયે વસ્તુ પર લાગ્યો હતો.

વિજય નીચે આવ્યો એટલે અનુરાધા રસોડાના બારણા પાસે આવી ઊભી. દરિદ્ર અને દુર્દશામાં આવવા છતાંય તે મોટા ઘરની દીકરી હતી એટલે તેને તુંકારે બોલાવતા વિજયને શરમ આવી.

" ત્યારે હવે તમે ઘર ક્યારે ખાલી કરવા માંગો છો ?" વિજયે પૂછ્યું.

" ચોક્સ તો અત્યારે કહી શકું નહિ. આ દુઃખના દહાડા મહેરબાની કરીને જવા દો."

" એ કયારે દહાડા પૂરા થશે ? પછી ક્યાં જશો ?"

" એની જ રાતદહાડો ચિંતા રહ્યા કરે છે."

" લોકો કહે છે કે તમને ગગન ચેટરજીના ઠેકાણાની ખબર છે."

" લોકોને શું કહેવું ?"

વિજય આ પ્રશ્નનો ઉત્તર આપી શક્યો નહિ.

" મને ખબર હોત તો જરૂર આપને કહી આપત, પરંતુ જાણતી હઉં તો ય પોતાના ભાઈને પકડાવી દેવા શું આપ હુકમ ફરમાવો છો ?" અનુરાધાએ પ્રશ્ન કર્યો. તેના અવાજમાં તિરસ્કાર હતો. વિજય ભારે મૂંઝાઈ ગયો. મોટા કુળનું

અભિમાન હજુયે તેના હૃદયમાંથી લુપ્ત થયું નથી તે તેના જોવામાં આવ્યું.

"ના. એમ કરવાને હું આપને કહેતો નથી પરંતુ અત્યાર સુધી અમારી મિલકતની જે પાયમાલી કરી છે તેની તમને કંઇ ખબર છે કે નહિ એટલું જ હું તમને પૂછું." વિજયે પ્રશ્ન કર્યો પણ કાંઇ ઉતર મળ્યો નહિ.

"દુનિયામાં કૃતઘ્નતા કહેવાય છે તે આનું નામ ? મારા પિતા તો શાંત સ્વભાવના અને ભોળા છે. તમારા ઘર પર તેમને અત્યંત મમતા, અને ભારે વિશ્વાસ હતો એટલે જ ગગનને સર્વ વહીવટ સોંપ્યો હતો. તેનું આ ફળ ? હું દેશમાં જ હોત તો આ બધું થવા દેત નહિ." વિજયે અંતરની વરાળ કાઢતા કહેવા માંડ્યું.

અનુરાધા ચૂપ રહી-કાંઈ જ બોલી નહિ.

"આજે આ બધીય મિલકતનો હું કબજો લઉં છું. બહારના ઘરો સાફસુફ કરાવ્યા પછી બે દિવસમાં અહીં આવશું. તે પછી બાળબચ્ચાંઓ આવશે." વિજયે નીરવતાનો ભંગ કરી બોલવા માડ્યું. "તમે નીચેનાં એક ઘરમાં રહેજો. તેમાંથી તમને કદીયે બહાર નહિ કાઢીએ. પરંતુ કોઇ ચીજ-વસ્તુને આડીઅવળી કરી શકશો નહિ."

"બાપુજી, મને તરસ લાગી છે." કુમારે વિજયનો હાથ પકડી કહ્યું.

"અહીંયાં પાણી ક્યાં છે ?" પિતાએ પુત્રને જવાબ આપ્યો.

અનુરાધાએ હાથની ઇશારત કરી કુમારને પોતાની પાસે બોલાવ્યો. રસોડામાં લઈ જઈ તેણે પૂછ્યું:--"ભાઇ, નાળિયેળનું પાણી પીવું છે ?"

"હા."

સંતોષે લીધું તાજું નાળિયેળ કાપી પ્યાલો ભરીને કુમારને પાણી કાઢી આપ્યું. છરી વતી ટોપરું કાઢી આપ્યું. કુમારે એ ટોપરું ખાઈ પાણી પી બહાર આવી વિજયને કહ્યું:–"બાપુજી તમારે નાળિયેળનું પાણી પીવું છે? બહુ જ મીઠું છે."

"ના."

"બાપુજી પીઓને? ઘરમાં ઘણાય નાળિયેળ પડ્યા છે. એ આપણા જ છે ને?"

આ વાતચીત માલ વગરની હતી છતાંય આટલા માણસોની વચ્ચે પુત્રની વાત સાંભળીને વિજય એકાએક શરમાઈ ગયો.

"ના, મારે નથી પીવું. ચાલ હવે આપણે જઈએ."

૩

અમર ચેટરજીના બહારના ભાગના ઘરો–પોતાને રહેવા માટે એકાદ બે ઓરડા અને એક કચેરી હાથ કરીને વિજય ઠરી ઠામ બેઠો. વિનોદ ઘોષે એકવાર જમીનદારી સિરસ્તાની નોકરી કરી હતી એટલે એ અનુભવને લીધે તે નવા ગુમાસ્તા તરીકે નીમાયો, પરંતુ પંચાતનો પાર નહોતો. પંચાત થવાનું એક મોટું કારણ એ હતું કે ગગન ચેટરજી પૈસા લઈને પોતાના હાથ દસકતની પહોંચ લખી આપવામાં અપમાન સમજતો હતો. અવિશ્વાસની ગંધ રાખવામાં તેને ચેટરજી વંશની ગૌરવહીનતા ભાસતી હતી. આના પરિણામે

તેના ગુમ થવાથી લોકો ભારે આફતમાં આવી પડયાં. પૈસા આપ્યાનું નજરો નજર જોનારાઓને સાક્ષી આપવાને તેઓ રોજ લઈ આવતા હતા અને ભારે રડારોળ કરતા હતા. કોણે કેટલા પૈસા આપ્યા છે અને હવે શું બાકી રહે છે તે નક્કી કરવું ઘણુ ગૂંચવણુ ભર્યું થઈ પડયું હતું. વિજય જેમ બને તેમ જલદી કલકત્તા જવા માગતો હતો, તેના બદલે એક બે દિવસ કરતાં કરતાં દશ બાર દિવસો પસાર થઈ ગયા. આ તરફ પુત્ર કુમાર, સંતોષનો દોસ્ત બની ગયો હતો; ઉમ્મરમાં ત્રણુ ચાર વર્ષે ન્હાનો પણુ સામાજિક અને સંસારિક દૃષ્ટિએ ઘણો મોટો હોવા છતાંય બીજા સોબતીઓના અભાવે તેની સાથે હળીમળી ગયો હતો. ઘરમાં તેની સાથે જ રહેતો, નદી કાંઠે વાડીએ વાડીએ તેની સાથે જ રઝળતો, કાચી કેરીઓ તોડતો અને પંખીઓના માળા શોધતો. મોટે ભાગે સંતોષની માસી પાસે જ જમતો. સંતોષનું જોઇ તે પણુ તેને માસીબા કહીને જ બોલાવતો. બહાર વિજય હિસાબ કિતાબ કરવાની અને પૈસા ટકા લેવાની ધમાલમાં પડયો રહેતો એટલે છોકરાની તપાસ કરી શકતો નહિ. બોલાવવાની ફુરસદ મળતી અને બોલાવતો ત્યારે તેનો કાંઇ પત્તો જ લાગતો નહિ. કોઇકવાર બોલાચાલી કરીને, કંઇક ગુસ્સો બતાવીને તેને પોતાની પાસે બેસાડી રાખતો, પણુ લાગ મળતાં જ તે ત્યાંથી ખસી જઇને માસીબાના રસોડામાં જઇ ભરાતો. બે વખત સંતોષની સાથે બેસી ભાત ખાય અને બપોરે દોડાદોડી કરી રોટલી અને ટોપરું ખાય.

આજે બપોર પછી કોઇ માણસ આવ્યા નહોતા એટલે વિજય ચા પી, ચીરૂટ લઈ નદી તરફ જવા ફરી આવવાનો

વિચાર કરતો હતો; તેવામાં એકાએક યાદ આવ્યું કે આખોયે દિવસ છોકરાને જોયો નથી. જૂના નોકરને બોલાવી તુરત જ તેણે પૂછ્યું :—

" કુમાર ક્યાં છે ? "

" ઘરમાં " આંગળીથી નિશાની કરી કુમારનો પત્તો આપતા તેણે કહ્યું.

" તેણે ખાધું છે ? "

" ના. "

" ઘરે પકડી લાવીને તેને કેમ ખવડાવતો નથી ? "

" ઘરે તેમને ખાવાનું ગમતું નથી. ગુસ્સે થઈને ખાવાનું ફેંકી દે છે. "

" કાલથી એને મારી સાથે જ ખાવા બેસાડજે. " એમ કહીને તે કંઇક વિચાર કરી બહાર ફરવા ન ગયો. તે અંદરના ભાગમાં ચાલ્યો. વિશાળ આંગણાંના બીજા છેડા પરથી પુત્ર કુમારનો અવાજ તેના કાન પર પડયો :—

" માસીબા હજુ એક રોટલી અને ટોપરાંના એક બે કટકાં દે—જલદી દે. "

" લે ભાઇ લે ! તારી માફક હું કાંઇક થોડીક જ ઝાડ પર ચઢી શકું છું ? " જેને સંબોધીને કહેવાયું હતું તેણે જવાબ આપ્યો.

" તમેય ચઢી શકો માસીબા. એમાં કાંઈ મોટી વાત નથી. જુઓ એક મોટી ડાળ પર પગ મૂકીને બીજી નાની ડાળ ઝાલીને એક આંચકો મારીએ કે ઝટ ચઢી જવાય. "

વિજય નજીક આવી પહોંચ્યો. રસોડાની સામે જ આંગણું [illegible] હતું એની [illegible] સામી બે મોટી

ડાળો પર કુમાર અને તેનો દોસ્ત સંતોષ બેઠા હતા. પગ લટકતા રાખી, હલાવી હીંચકા ખાતાં ખાતાં બન્ને રોટલી અને ટોપરું ખાઈ રહ્યા હતા. વિજયને જોઇને બન્ને ગભરાઇ ગયા. અનુરાધા રસોડાના બારણાની ઓથે આવીને ઊભી રહી.

"આ શું ? આ કાંઈ ખાવાની જગ્યા છે કે !" વિજયે પૂછ્યું.

કોઇએ ઉત્તર ન દીધો.

"મને લાગે છે કે આ લોકો તમારા પર ઘણો જુલમ કરે છે" વિજયે રસોડાના બારણાની ઓથે ઊભેલી અનુરાધાને સંબોધીને કહ્યું.

"હાં" અનુરાધાએ ધીમા અવાજે ઉત્તર દીધો.

"તોયે માયા ઓછી કરતાં નથી. શા માટે હેત દર્શાવો છો ?"

"હેત ન કરું તો આથી યે વધુ ઉપદ્રવ કરે એવી બીક લાગે છે."

"પણ ઘરે તો આવો ઉપદ્રવ નહોતો કરતો."

"કરે કેમ ? એને મા નથી, મોટી બા હંમેશાં પથારી વશ, બાપ કામકાજને લીધે બહારના બહાર, પછી એ કોના ઉપર જોર કરે ?"

વિજય, આ નહોતો જાણતો એવું કાંઇ ન હતુ. પરંતુ છોકરાને મા નથી, એ વાત પારકાના મોઢે સાંભળતાં તે ઠીક ન લાગ્યું–મનમાં કંઈક દુઃખ લાગ્યું.

"મને લાગે છે કે તમે ઘણી વાતો જાણો છો. તમને કોણે કહ્યું ? કુમારે કહ્યું ?" વિજયે પ્રશ્ન કર્યો.

"બોલવા જેવડો એ થયો નથી છતાં ય મેં એના મોઢે જ સાંભળ્યું છે." અનુરાધાએ ધીરે ધીરે કહેવા માંડ્યું. "બપોરે હું તેને તડકામાં ભટકવા દેતી નથી. તોય તે ઘણીયે વખત ચૂપકીથી છટકી જાય છે. જ્યારે છટકી જવાતું નથી ત્યારે તે મારી પાસે સૂઈને ઘરની વાતો કરે છે."

વિજય, અનુરાધાનું મોં જોઈ શકતો નહોતો પરંતુ તેને પ્રથમ મુલાકાતના દિવસની માફક જ એ કંઠસ્વર ઘણો મધુરો લાગ્યો.

"હવે એને ઘરે જવું ભારે લાગશે." વિજયે હવે બોલવા ખાતર નહિ પરંતુ એ મધુર કંઠ સાંભળવા માટે જ વાત કરવા માંડી.

"કેમ ?"

"તોફાન-મસ્તી કરવાની ટેવ જ નશા જેવી છે. તોફાન મસ્તી ન કરે તો દુઃખ થાય, અને શરીરે પણ ઠીક ન રહે. પણ ઘરે તેને એ નશાનો ખોરાક કોણ આપશે ? બે દિવસ તો નાશ ભાગ કરશે."

"ના ભૂલી જશે. કુમાર, નીચે ઉતર બાપુ ! આ રોટલી લઈ જા." અનુરાધાએ આસ્તે રહી કુમારને પોતાની પાસે બોલાવ્યો.

કુમાર વાટકી હાથમાં રાખી ઝાડ પરથી નીચે ઉતર્યો અને માસીના હાથમાંથી બીજી થોડીક રોટલી અને ટોપરું લઈ તેની પડખે ઉભો રહીને ખાવા લાગ્યો. તે પાછો ઝાડ પર ન ચઢયો. વિજયે જોયું કે, તે તેના પૈસા માત્ર ઘરની સરખામણીમાં જેટલી હલકી હતી તેટલી સદ્‌ગુણોની સરખા-મણીમાં તે [illegible] જોયો માસીઆના રસોડા

તરફ આટલો કેમ આકર્ષાઈ રહેતો હતો તેનું કારણ વિજય સમજી ગયો. તે પહેલેથી જ વિચાર કરીને આવ્યો હતો કે કુમારની લુબ્ધતાથી તેના અર્થહીન અને અતિશય રંજાડની વાત ઉપાડી પ્રચલિત શિષ્ટ વાક્યો વડે પુત્રના વર્તન માટે બે શબ્દો કહીશ પરંતુ તેવું કાંઈ બન્યું નહિ. કુમાર બોલ્યો: "માસીમા, કાલની માફક આજે મેં તમને ચાંદાપોળી કરવાનું કહ્યું હતું પણ તમે કેમ કરતા નથી?"

"ભૂલ થઇ બાપુ? ખબર ન રહી! આજે તો બિલાડીએ બધું ય દૂધ ઢોળી નાંખ્યું છે. હવે કાલે એમ નહિ થાય." માસીમાએ જવાબ આપ્યો.

"કયી બિલાડી! પેલી સાદી બિલાડીએ?"

"એ જ હશે" કહી અનુરાધાએ તેના માથા પર ધીમેથી હાથ મૂકી ઉડતા વાળને ઠીક કરવા માંડયાં.

"રંજાડતો છોકરો ધીમેધીમે જુલમી બની ગયેલો લાગે છે." વિજયે કહ્યું.

"પીવાનું પાણી!" કુમારે બૂમ મારી પાણી માગ્યું.

"એ, જા. ભૂલ થઈ ભાઇ! લાવું છું હો!"

"તમે બધું ય ભૂલી જાઓ છો માસીમા, તમને કશુંય યાદ રહેતું નથી."

"તમારે તો ત્યારે ઠપકા જ ખાવાના એમને? ડગલેને પગલે ભૂલ જ થાય."

"હાં" કહી અનુરાધા હસી પડી. વિજય એ હાસ્ય જોઈ શકયો. પુત્રના અયોગ્ય આચરણ માટે માફી માગી નહોતી. તેના સારા બોલ પણ ખોટા—વ્યંગ જેવા તેને લાગતા હતા. શું [illegible] લાગ્યું હશે કે પોતાની

ગરીબાઇ અને દુર્દશા પ્રત્યે આ મહેણાંટોણાં છે? વગેરે અનેક વિચારો વિજયના મનમાં ઘોળાવા લાગ્યા.

બીજે દિવસે બપોરે અનુરાધા, કુમાર અને સંતોષને ખાવાનું આપી, શાક સમારતી હતી. તેના માથા પરથી સાડીનો છેડો સરી ગયો હતો. શરીર પરના વસ્ત્રો અસ્તવ્યસ્ત હતા, ત્યાં એકાએક બારણામાં માણસનો પડછાયો પડતાં અનુરાધાએ પાછું ફરીને જોયું તો વિજય નજરે પડયો. ગભરાઇ જઇને તે માથાનો છેડો માથે ખેંચી ઊભી થઇ ગઇ.

"એક અસંત જરૂરી વાત કરવા તમારી પાસે આવ્યો છું." વિજયે અચાનક આવવાનું કારણ જણાવતાં કહેવા માંડ્યું: "વિનોદ ઘોષ તો આ ગામનો રહીશ છે. તમે તેને ઘણીવાર જોયો છે; તો તે કેવો માણસ છે તે જણાવશો? તેને ગણેશપુરનો ગુમાસ્તો બનાવ્યો છે. તે વિશ્વાસ કરવા જેવો માણસ છે કે નહિ? તમારો શો અભિપ્રાય છે?"

વિનોદ સાતથી વધારે દિવસ થયાં કામ પર ચઢયો હતો. મહેનત લઈને સારું કામ કરતો હતો એટલે કાંઈ ગરબડ થઇ નહોતી. ત્યારે આમ એકાએક તેની ચાલચલગત વિષે તપાસ કરવાનું શું કારણ હશે તે અનુરાધાના સમજવામાં આવ્યું નહિ.

"કેમ વિનોદ ઘોષે કાંઇ કર્યું છે?" અનુરાધાએ મૃદુ અવાજે પ્રશ્ન કર્યો.

"હમણાં તો તેણે કશું યે કર્યું નથી, પણ ચેતતા તો રહેવું જોઈએ."

"હું તો તેને સારો માણસ ધારું છું."

"ખરેખર અંતઃકરણથી તમે એમ ધારો છો કે કોઈનું બૂરું ન ... આમ બોલો છો?"

"કેમ, મારા સાચા જૂઠા કથનની કંઇ કિંમત છે ?"

"કેમ ન હોય ? એ તો તમને જ પ્રમાણિકતાના સાક્ષી માને છે."

અનુરાધાએ એકદમ ઉત્તર ન આપ્યો, જરા વિચાર કરીને તે બોલી:—

"એ સારો જ માણસ છે. પોતાનું અપમાન થતાં સારો માણસ પણ ખરાબ થઈ જાય એ અસંભવિત નથી."

"બરોબર એમ જ છે, કારણ અપરાધનો હેતુ શોધતાં ઘણીયે બાબતમાં ચૂપ થઈ જવું પડે છે.—"

છોકરાને ઉદ્દેશીને વિજય પાછો બોલવા લાગ્યો.

"તારું નસીબ સારું છે કે તને ઝટ એક માસીબા મળી ગયા; નહિ તો આ વનવાંદરાના દેશમાં તારે અડધા ભૂખ્યા દિવસો કાઢવા પડત."

અનુરાધાએ ઉપલા શબ્દો સાંભળી વિજયને પૂછ્યું:— "તમને અહીં જમવાનું નથી ફાવતું ?"

"ના, હું એમ નથી કહેતો. હંમેશાં પરદેશમાં રહેલો છું એટલે મને ખાવાપીવાનું કાંઇ દુ:ખ લાગતું નથી." આમ હસીને કહી વિજય ત્યાંથી ચાલ્યો ગયો. અનુરાધાએ બારીમાંથી બહાર નજર કરી જોયું તો તે હજુ નાહેલો પણ ન જણાયો.

૪

આ ઘરમાં આવ્યા પછી એક જૂની આરામ ખુરસીની વ્યવસ્થા થઈ હતી. બપોરે ખુરસીના બન્ને હાથા પર પગ પસારીને વિજય આંખ મીચીને ચીરૂટ પીતો હતો ત્યાં તેના કાને અવાજ આવ્યો, " બાબુ મહાશય ?—"

આંખ ઊંચી કરી જોયું તો સામે જ એક વૃદ્ધ સજ્જન ઊભો ઊભો તેને માન સાથે બોલાવતો હતો. વિજય બેઠો થયો. નવ આગંતુક સજ્જનનું વય સાઠ વર્ષ કરતાં વધું દેખાતું હતું, છતાંયે તેનું શરીર ખડતલ અને મજબુત હતું મૂછના વાળ સફેદ થયા છતાંય માથાપરના વાળ તો કાળા ભમ્મર જેવા હતા. મોઢા આગળના કેટલાક દાંત સાબૂત હોય તેમ દેખાતું હતું. અંગપર ટસરનો કોટ, ખભે રેશમી ચાદર અને પગમાં પૉલીસ કરેલા જોડાં હતા. ઘડિયાળની સોનેરી ચેઇનમાં સોને મઢેલો વાઘનખ ઝૂલતો હતો. ગામડા ગામમાં આ માણસ સારી સ્થિતિનો મનાતો હોય એમ લાગતું હતું. પોતાની પાસે પડેલા એક ભાંગેલા ટેબલ પરથી ચીરૂટનો સર સરંજામ ઉઠાવી લઇને વિજયે તેને તેના પર બેસાડયો.

" નમસ્કાર બાબુ ! " તે માણસે બેસતાં બેસતાં કહ્યું.

" નમસ્કાર." વિજયે પ્રત્યુત્તરમાં નમસ્કાર કરતાં કહ્યું.

" આપ તો ગામના જમીનદાર છો." આગંતુકે વાત કરવાની શરૂઆત કરતા કહેવા માંડ્યુંઃ " આપના પિતાશ્રી તો બહુ મોટા માણસ–લખપતિ છે. સવારમાં નામ લેતાં દિવસ સારો જાય તેવા છે. આપ એમના સુપુત્ર છો. બાઇ માણસ પર દયા નહિ કરો તો તે મરી જશે."

" ... ... છે ? "

"પૈસાની કાંઈ વાત નથી" પેલા સજ્જને જવાબ આપ્યો. "એ બાઇ તો ઇશ્વર અમર ચેટરજીની કન્યા અને પ્રાતઃસ્મરણીય વ્યક્તિ—ગગન ચેટરજીની ઓરમાન બહેન છે. આ એના બાપનું ઘર છે. એ અહીંથી ખાલી કરી જાય એવી વ્યવસ્થા થાય છે પણ આપ જે રીતે એને કાઢી મૂકો છો એ શું આપને યોગ્ય છે?"

એ અશિક્ષિત વૃદ્ધ પ્રત્યે ક્રોધ કરવાથી કાંઈ ચાલે તેમ ન હતું એ વિજય સમજી ગયો હતો. વાત કરવાને બદલે તે ગુસ્સાથી ભડભડી ઊઠ્યો:

"મારું શું કર્તવ્ય છે તે હું જાણું છું પણ એને માટે વકીલાત કરવા આવનારા આપ કોણ છો?"

"મારું નામ ત્રિલોચન ગાંગુલી અને પાસેના ગામ મસ્જીદપુરમાં ઘર છે. બધાય મને ઓળખે છે." તે વૃદ્ધે પોતાની ઓળખાણ આપતા જણાવવા માંડ્યું:—"આપના માતપિતાના આશીર્વાદથી મારી પાસે આવી હાથ ન જોડે એવા માણસો અહીંયાં ઓછા નથી. મારી વાત માનવામાં આવતી ન હોય તો વિનોદ ઘોષને પૂછી જુઓ."

"મારે હાથ જોડાવાની જરૂર પડશે ત્યારે આપ મહાશયની ભાળ કઢાવીશ. પરંતુ જેની વકીલાત કરવા આવ્યા છો તેને આપ શું થાઓ છો તે જણાવશો ખરા?" વિજય બોલ્યો.

તે સજ્જને રસિકતાનું મિથ્યા દર્શન કરાવતું હાસ્ય કરતાં કહ્યું–"તેને હું શું થાઉં છું? વૈશાખના આ થોડાક રોજ પછી હું એની સાથે વિવાહ કરનાર છું.

"આપ અનુરાધા સાથે વિવાહ કરનાર છો?" વિજયે ચકિત થઇ પૂછ્યું.

"જી હા. મારો એ સ્થિર સંકલ્પ છે. જેઠ વગર બીજા દિવસો નથી એટલે એ માસમાં જ એ શુભ કામ પૂર્ણ થવું જોઇએ. આમ ન હોત તો મારે તેને રહેવા દેવાની વાત કરવી પડત નહિ."

"વિવાહનું કામકાજ કોણ ઉકેલશે? ગગન ચેટરજી?" વિજયે થોડીવાર સ્તબ્ધ રહી પ્રશ્ન કર્યો.

"એતો ભટકેલ આદમી છે મહાશય!" વૃદ્ધ ગુસ્સે થઈ લાલ આંખ કરી બોલ્યો. "લોકોને પાયમાલ તેણે કર્યા છે-ભારે દગો દીધો છે. આટલા દિવસ તે જ વાંધો કાઢતો હતો, નહિતો ક્યારનાય વિવાહ થઈ ગયા હોત. અમે તો સ્વભાવે કુલીન, કૃષ્ણના સંતાન છીએ એટલે તમારા ઘરમાં મારી બહેન નહિ દઉં એમ તે બોલતો હતો. હવે તે ગુમાન ક્યાં રહ્યું? હવે તો મારું ઘર શોધતા આવવું પડશે. આજકાલ કુળને કોણ શોધે છે? અત્યારે તો પૈસા એ જ કુળ, પૈસા એ જ માનસન્માન, પૈસામાં જ બધુંય છે. કહો મહાશય વાત બરાબર છે ને?"

"હા, ઠીક. પરંતુ અનુરાધા આ વાત સ્વીકારે છે?"

"સ્વીકાર કરે છે?" દંભ સાથે વૃદ્ધે જાંઘ પર થાપટ મારી કહેવા માંડ્યું; "શું કહો છો મહાશય? ત્યારે તે ઊભી રહેશે ક્યાં? વળી આ વાત બધેય ઘોળાઇ ગઇ છે. છોકરાંઓ અને વહુઓ પણ વિરુદ્ધમાં છે; છોકરીઓ, જમાઇઓ, બધાય વાંકાં બની ઊભા છે. હુંયે ધારું છું કે આગળ જતાં સંસાર બગડશે પણ હમણાં નહિ. પરંતુ રાધાએ પોતે જ માણસ

મોકલી તેડાવીને કહ્યું કે ગાંગુલી મહાશય, ચરણુમાં સ્થાન આપો. તમારા ઘરનું વાસીદું કાઢીનેય પેટ ભરીશ. મને એ પણ ગમશે. કેવો સ્વીકાર કર્યો?"

વિજય ચૂપ બની બેસી રહ્યો.

"વિવાહ આ ઘરમાં જ થશે." વૃદ્ધે પાછું કહેવા માંડયું: "ખરાબ દેખાય, નહિ તો મારા ઘરે જ કરત. ગગનને એક ફોઈ છે તે કન્યાદાન દેશે. આપ ખુશી થાઓ એટલે બસ."

"મારે ખુશી થવું એટલે શું? ઉતાવળ ન કરું એ જ ને?" વિજય ઊંચું જોઈ બોલ્યો: "ઠીક એમ કરીશ. હવે આપ પધારો.!"

"નમસ્કાર મહાશય નમસ્કાર. કરશોસ્તો—કરશોસ્તો. આપના પિતાશ્રીનો લખપતિ-સવાનું નામ છે."

"હશે, હવે પધારો."

"પધારીશ મહાશય પધારીશ! નમસ્કાર!" કહેતો કહેતો ત્રિલોચન ચાલ્યો ગયો.

ત્રિલોચનના ચાલ્યા ગયા પછી વિજય શાંત બેસી વિચાર કરવા લાગ્યો કે "મારે ચિંતા શા માટે કરવી જોઈએ? એ સિવાય એ બાઈને માટે બીજો કોઇ ઉપાય પણ નથી. વાત નવી પણ નથી. જગતમાં આમ નથી બનતું એમ પણ નથી. તો તે ખોટી ચિંતા કરવી શા માટે?"

એકાએક તેને વિનોદ ઘોષના બોલ યાદ આવ્યા. તે દિવસે તેણે કહ્યું હતું કે "અનુરાધાએ એના મોટાભાઈ સાથે એવું કહીને જ તકરાર કરી હતી કે કુળનું ખોટું અભિમાન રાખીને કરવું શું? સહેલાઇથી થોડું ખાવાપીવાનું કે ઓઢવા પહેરવાનું મળતું હોય તો શું ખોટું છે?"

જવાબમાં ગગને ગુસ્સે થઇને કહ્યું હતું કે "તું શું બાપાપનું નામ ડૂબાવવા માગે છે!"

અનુરાધાએ જવાબ આપ્યો હતો કે "તું તેમના વંશનું નામ રાખવાનો છે તો રાખ. હું તો નહિ રાખી શકું."

આ વાતની વેદનાને વિજય સમજી શક્યો નહોતો. પોતાના કુળના સન્માનનો એ વિશ્વાસ કરતો હતો એમ પણ નહોતું. આમ છતાંય તેની સહાનુભૂતિ ગગન તરફ ખેંચાઈ. અનુરાધાના તીક્ષ્ણ પ્રત્યુત્તર પર તેણે જેટલો વિચાર કર્યો તેટલીજ તેને તે નફ્ફટ, લોભી અને હીન લાગવા માંડી.

આ બાજુ આંગણામાં ધીમે ધીમે લોકો ભેગા થવા લાગ્યા હતા. હવે તેમની સાથેનું કામકાજ શરૂ કરવાનું હતું પરંતુ આજ વિજયને કશુંય ઠીક ન લાગ્યું. દરવાનને કહી લોકોને વિદાય કરી દીધા અને એકલા બેસી રહેવું ઠીક ન લાગતાં તે એકદમ ઘરમાં ગયો. રસોડાની સામે ખુલ્લા વરંડામાં સાદડી પાથરીને અનુરાધા સૂતી હતી, તેની બે બાજુએ બે છોકરાં–કુમાર અને સંતોષ બેઠા હતા. મહાભારતની વાતો ચાલતી હતી. રાત્રીનું રાંધવા કરવાનું પરવારી તે પોતે જ રોજ આ પ્રમાણે છોકરાંઓને લઈ વાતો કહેતી હતી. ત્યાર પછી કુમારને જમાડી બહાર તેના બાપ પાસે મોકલી દેતી. ચાંદની રાત હતી. ઘટાટોપ આંબાના ઝાડના પાંદડામાંથી ચળાઇને ચંદ્ર–પ્રકાશનાં ટપકાં ઠેકઠેકાણે તેના શરીર અને મુખ પર પડતાં હતાં. ઝાડની છાયામાં કોઇ માણસને પોતાની તરફ આવતો જોઇ અનુરાધાએ ચમકીને પૂછ્યું:—

"કોણ છે?"

"હું વિજય."

ત્રણેય ગભરાઇને બેઠાં થઈ ગયાં. સંતોષ નાના શેઠથી ખૂબ જ ગભરાતો હતો. પહેલા દિવસની સ્મૃતિ તેના અંતઃકરણ પરથી ભુસાઇ નહોતી. તે એકદમ ઊભો થઈ ગયો. કુમારે પણ તેના મિત્રની માફક કર્યું.

"ત્રિલોચન ગાંગુલીને તમે ઓળખો છો? આજ તે મારી પાસે આવ્યા હતા." વિજયે વાત કરવા માંડી.

"તમારી પાસે? પણ તમારે ત્યાં એનું કાંઈ ખાતુ જ નથી?" અનુરાધાએ વિસ્મય પામી ઉત્તર આપ્યો.

"ના. પણ હોત તો તમને ઠીક થાત. મારા જરા જેટલા દબાણથી તમે એક દિવસ દેવું પતાવી શકયા હોત."

અનુરાધા ચૂપ રહી. વિજયે પાછું બોલવા માંડ્યું:—
"એ કહેતા ગયા છે કે એની સાથે તમારું સગપણ થયું છે. એ શું સાચી વાત છે?"

"હા."

"તમે પોતે માગું નાખીને એમને રાજી કર્યા છે?"

"હા. એમ જ."

"એમ હોય તો એ શરમાવા જેવી વાત છે. ફક્ત તમારે જ નહિ પરંતુ મારે પણ..."

"તમારે શરમાવા જેવું શા માટે?"

"એ વાત કરવાને જ હું અહીંયાં આવ્યો છું. ત્રિલોચન કહી ગયેલ છે કે ફક્ત મારી સતામણીથી જ તમે આ માગું કર્યું છે. એ કહેતા હતા કે તમારે ઊભા રહેવાનું સ્થાન પણ નથી અને તમે તેમને ખૂબ વિનવણીઓ કરીને જ માગું કબૂલ કરાવ્યું છે. નહિતર આ ઉમ્મરે તેમણે વિવાહ કરવાની

ઇચ્છા જ કરી નહોત. ફક્ત તમારા રોકકળથી, દયા કરીને જ ત્રિલોચનને માગું કબૂલ કર્યું છે."

"હા. એ બધુંય સાચું છે."

"મારા તરફથી કંઇ સતામણી થઇ હોય તો તે માટે હું આપની માફી માગું છું."

અનુરાધા કાંઇ બોલી નહિ. ચૂપ બેસી રહી.

"હવે તમે જ તેને ના કહેવરાવો" વિજયે પાછું બોલવા માંડ્યું.

"ના. એમ ન થાય, મેં કહી દીધું છે. બધાંયે સાંભળ્યું છે. લોકો મશ્કરી કરે."

"કોઈ મશ્કરી નહિ કરે ? મારું કહેવું નહિ માનો તો લોકો વધુ મશ્કરી કરશે. તેના પહેલીવારનાં છોકરાં છૈયાં સાથે ઝઘડો થશે. તેના સંસારમાં બંધનો ઊભા થશે. તમારી પોતાની અશાંતિનો પાર નહિ રહે. આ બધી વાતોનો તમે વિચાર કરી જોયો છે ?"

"કરી જોયો છે. અને મને ખાત્રી છે કે એવું કાંઈ નહિ થાય." અનુરાધાએ મૃદુ કંઠે ઉત્તર આપ્યો. વિજય આ ઉત્તર સાંભળી અવાક્ બની ગયો.

"એ બુઢ્ઢો કેટલા દિવસ જીવશે એમ તમે ધારો છો ?"

"દુનિયામાં બધીયે સ્ત્રીઓ પોતાના સ્વામીના દીર્ઘાયુષ્યની આશા રાખે છે. હું પણ મારી એ જ આશાએ–ચૂડીચાંદલો લઇને જ ચાલી જઇશ." અનુરાધાએ વિનીત ભાવે જણાવ્યું.

વિજય તરફથી કાંઇ ઉત્તર ન મળતા તે પાછી કહેવા લાગી: "એક ભગવાન જાણે છે કે હું કોઇની પાસે તમારા વિરૂદ્ધ એક શબ્દ પણ બોલી નથી. બોલું તો મારું જ ખોટું

દેખાય. હું જૂઠાબોલી ગણાઉં. ગાંગુલી મહાશય જે કાંઇ બોલ્યા હોય તે એમની પોતાની જ ઉપજાવી કાઢેલી વાત છે. મારી નહિ. આમ છતાંય હું તેમની છું એટલે ક્ષમા માગું છું."

"તમારો વિવાહ ક્યારે થવાનો છે?"

"જેઠમાં?"

"તો તો એક જ મહિનો બાકી રહ્યો ને?"

"હા."

"મને લાગે છે કે એમાં હવે કાંઇ ફેર નહિ પડે."

"ના, મને પણ એમજ લાગે છે. તેમણે એટલો ભરૂંસો દીધો છે."

વિજય શાંત થઇ ઊભો. આખરે મૌન છોડી તે બોલ્યો:–
"મારે હવે કાંઈ બોલવાનું બાકી રહેતું નથી. પણ તમે પોતેજ તમારા ભવિષ્યનો વિચાર કરી જોયો નહિ એનો મને ઘણો શોક થાય છે."

"એકવાર નહિ પણ એકસોને એકવાર મેં વિચાર કર્યો છે, છોટાબાબુ! એ જ મારી રાતદિવસની ચિંતા છે. આપ મારા શુભચિંતક છો. આપનો ઉપકાર માનવાને મને શબ્દો જડતા નથી. પણ આપ એક વખત મારી બધીયે વાતનો જરા વિચાર કરી જોજો. પાસે પૈસો નથી, રૂપ નથી, મોહકતા નથી. ગામડા ગામમાં અનાચાર અત્યાચાર થાય તો હું એકલી અટૂલી ને ક્યાંય ઊભા રહેવાનું સ્થાન નથી. ત્રેવીશ ચોવીશ વર્ષની તો ઉમ્મર થઇ ગઇ. મારી સાથે વિવાહ કરવાનું કોણ પસંદ કરે ? વળી પેટ ભરવા કોની પાસે જઇને અન્નદાન માટે હાથ લાંબો કરવો ? આપ જ આનો વિચાર કરી જુઓ."

આ બધી સાચી વાતને તોડી પાડવાની વિજય પાસે કોઈ દલીલ ન હતી. બેચાર મિનિટ તે બોલ્યા ચાલ્યા વગર ઊભો રહ્યો. આખરે અનુતાપ અનુભવતો તે બોલવા લાગ્યો: "આ વખતે હું કાંઇ તમારા પર ઉપકાર કરી શકું છું? ઉપકાર કરી શકીશ તો બહુ આનંદ થશે."

"આપે મારા પર અનેક ઉપકારો કર્યા છે. આપના આશ્રયે હું નિર્ભય છું. આ બે છોકરા મારે મન સૂર્ય–ચંદ્ર છે. આપને ફક્ત એટલી વિનંતિ છે કે મને મારા પિતાના દોષની ભાગી ન ગણશો. મેં અપરાધ કર્યો નથી." અનુરાધા ગળગળા અવાજે બોલી.

"એ હું જાણું છું. આપને એ કહેવાની જરૂર નથી." આમ બોલી વિજય ધીરે ધીરે બહાર ચાલ્યો ગયો.

૫

કલકત્તાથી શાકભાજી, ફળફૂલો અને મીઠાઈ આવ્યા હતા. વિજય એ બધું નોકર પાસે એક ઝોળીમાં લેવરાવી અનુરાધાની ઓરડીએ ગયો. રસોડા સામે એ ઝોળી મૂકાવી તેણે મોટા અવાજે પૂછ્યું:—

"ઘરમાં તો છો ને?"

"હા, છું." અંદરથી મૃદુ સ્વરે જવાબ આવ્યો.

"તમને બોલાવવાનું અઘરું પડે છે. અમારા લોકોમાં તો મીસ ચેટરજી કે મીસ અનુરાધા કહીને બોલાવીએ તો ચાલે પરંતુ અહીં તો એ ન ચાલે. પેલા બે છોકરાઓમાંનો

કોઈ નજરે પડે તો "જા તારી માસીઆને બોલાવ" કહીને પણ ચલાવી લેવાય, પણ તે તો બન્ને ભટકેલ છે. તમે જ કહો મારે તમને શું કહીને બોલાવવાં ?"

"આપ અમારા જમીનદાર –શેઠ માલિક છો. મને રાધા કહીને બોલાવજો." બારણા પાસે આવીને અનુરાધાએ ઉત્તર આપ્યો.

"એ નામે બોલાવવામાં કંઈ વાંધો નથી. પરંતુ જમીનદાર–શેઠ કે માલિકની વાતમાં કાંઈ માલ નથી. લેણું તો ગગન ચેટરજી પાસે હતું પણ તે તો ક્યાંય ગુમ થઈ ગયા છે. તમે મને કયા હિસાબે શેઠ કે માલિક માનો ? તમારે કોની ગરજ છે ?"

"એ વાત બોલશો નહિ. આપ માલિક નહિ તો બીજું શું ?"

"એ દાવો હું કરતો નથી. બેલાશક ઉમ્મરે હું મોટો છું. તમને નામ દઈને બોલાવું તો તમે કાંઈ ગુસ્સો તો નહિ કરોને ?"

"ના."

વિજય એટલું તો જોઈ શક્યો હતો કે ઘનિષ્ટ સંપર્ક–ગાઢ કરવાનો પોતા તરફથી જેટલા પ્રમાણમાં પ્રબળ આગ્રહ થતો તેટલા પ્રમાણમાં સામો પક્ષ શાંત હતો. તે કદીયે સામે મોંએ આવતી નહિ અને ટૂંકમાં ગૂઢ શબ્દો બોલી બારણાની ઓથે ઊભા રહીને જ પ્રત્યુત્તર આપતી હતી.

"ઘેરથી આ શાકભાજી, ફળફૂલ અને મીઠાઇ આવ્યા છે. આ ઝોળી લઇ લ્યો. છોકરાંઓને આપજો." વિજયે પોતાના આવવાનું કારણ જણાવ્યું.

"ભલે રાખી જાઓ. જોઈએ તેટલું રાખી લઈને બાકીનું તમને મોકલી આપીશ."

"ના એમ ન કરશો. અમારો રસોયો રાંધવાનુંયે જાણતો નથી. બપોરથી હું જોઉં છું કે તે ચાદર ઓઢીને પડ્યો છે. કોણ જાણે તમારા ગામના મેલેરીઆમાં એ પટકાઈ પડ્યો છે કે શું?"

"પણ અમારા ગામમાં મેલેરીઆ તો નથી. રસોયો ઊઠશે નહિ તો તમારું રાંધશે કોણ?"

"અત્યારની વાત જવા દો. કાલે સવારે જોઈ લઈશું. અમારી પાસે નોકર છે તેનાથી ચલાવી લઈશું?"

"પરંતુ એમાં તકલીફ પડશેને?"

"ના, હું તો ટેવાઈ ગયો છું. ફક્ત છોકરાને ખાવાનું દુઃખ પડે એ જોવાનું જ દુઃખ છે, પણ એ ભાર તો તમે ઊઠાવી લીધો છે. અત્યારે તમે શું રાંધો છો? ઝોળી ખોલીને જુઓને કંઈ કામ આવે એવું હોય તો."

"એ કામ તો લાગશે જ ને? પણ અત્યારે મારે રાંધવું નથી."

"નથી રાંધવું? કેમ?

"કુમારનું શરીર જરા તપેલું લાગે છે. રાંધીશ તો એ ખાવા માટે તોફાન કરશે. સવારનું પડ્યું છે તેનાથી સંતોષને ચાલશે."

"એનું શરીર તપ્યું છે? ક્યાં છે એ?"

"મારી પથારીમાં સૂતો છે. સંતોષ સાથે વાતો કરે છે. આજ કહે છે કે બહાર નથી જવું. એ મારી પાસે જ સૂશે."

"ભલે સૂવે પણ માસીબાનું વધારે હેત થતા તેને

માસીબાને છોડીને ઘેર જવાનું નહિ ગમે. ત્યારેજ ખરી પંચાત થશે."

"નહિ થાય કુમાર ગાંડો છોકરો નથી."

"ગાંડો નથી એ તો તમે જાણો. પણ મેં સાંભળ્યું છે કે તમારી પાસે કાંઈ ઓછું તોફાન કરતો નથી."

અનુરાધા થોડો વખત ચૂપ થઇ ઊભી રહી.

"એ તોફાન કરે છે તે મારી ઉપર જ કરે છે. કોઈ બીજા પર કરતો નથી." અનુરાધાએ આખરે ચૂપકી છોડી કહ્યું.

"એની મને ખબર છે."

"તમે સગા માસી ન હોવા છતાંય તેના તોફાનને સહન કરો છો, પરંતુ એની કાકી સહન કરી શકતી નથી. એને ઓરમાન મા આવશે તે ય આટલી રંજાડ સહન નહિ કરે. તેનો અભ્યાસ બગડવાની યે બીક રહે છે."

"છોકરાને દુ:ખ આપે એવી મા ઘરમાં લાવવી જ શા માટે? લાવશો કે નહિ?"

"લાવવી તો જોઇશે જ ને? છોકરાના કમનસીબે નવી મા ઘરમાં આવી બેસશે, ત્યારે આફતમાંથી બચવા માસીને શરણે આવવું પડશે. પણ તે રાજી હોય તો જ બની શકે."

"જેને મા નથી તેને માસી છોડી શકતી નથી. ગમે તેટલું દુ:ખ પડે તો ય તેને ઊછેરે."

"આ વાત હું યાદ રાખીશ." કહી વિજયે ચાલ્યા જવા માંડયું. પરંતુ થોડાંક પગલા જઈને તે પાછો ફર્યો.

"અવિનય માફ કરો તો એક વાત પૂછી જોઉં."

"પૂછો."

" કુમારની ચિંતા પછી કરજો, કેમકે એનો બાપ જીવે છે. એને લોકો જેટલો પાખંડી ધારે છે તેટલો એ નથી. પરંતુ સંતોષ? તેના તો મા અને બાપ બન્ને ગયા છે. નવા માસા ત્રિલોચનના ઘરે એનો સમાસ નહિ થાય તો એને લઇ જઇને શું કરશો? એ વાતનો તમે કંઈ ખ્યાલ કર્યો છે?"

" માસીનો સમાસ થશે તો ભાણેજનો નહિ થાય?"

" થવો જ જોઈએ. પરંતુ હું જે જોઈ શક્યો છું તે પરથી તો મને ઝાઝો વિશ્વાસ પડતો નથી."

આ વાતનો જવાબ અનુરાધા તુરત આપી શકી નહિ. એને વિચાર કરતાં જરાવાર લાગી. કંઈક શાંત પણ દૃઢ સ્વરે તેણે કહ્યું:—"તો ઝાડ નીચે સમાસ થશે. ત્યાં કોઈ રોકી શકવાનું નથી."

" માસીની યોગ્ય વાતનો અસ્વીકાર કરતો નથી પણ તે સંભવિત નથી. એવા વખતે એને મારી પાસે મોકલી આપજો. કુમારનો એ દોસ્ત છે. કુમાર મોટો થશે તેમ એ પણ થશે."

અંદરના ભાગમાંથી કશોય જવાબ ન મળ્યો. વિજય થોડીક વાર રાહ જોઇ બહાર ચાલ્યો ગયો.

બે ત્રણ કલાક પછી બારણા બહાર ઉભા રહીને સંતોષે વિજયને કહ્યું:—

" માસીબા, તમને જમવા બોલાવે છે."

" મને?"

" હા" કહેતો જ તે ચાલી ગયો.

અનુરાધાના રસોડામાં જમવાનું તૈયાર હતું. વિજય આવીને પાટલે બેઠો.

"રાત તો જેમ તેમ ચાલી જાત. શા માટે તમે તકલીફ લીધી ?" વિજયે વિવેક દર્શાવતા કહ્યું.

અનુરાધા થોડેક દૂર ઊભી હતી. તેણે કાંઈ જવાબ આપ્યો નહિ.

જમવાના પદાર્થો ઘણા ન હતા, પરંતુ પ્રત્યેક પદાર્થ કુશળતાનો પરિચય આપતા હતા. દરેક પદાર્થ પીરસવામાં પણ કાંઇ ઊણપ ન હતી.

"કુમારે કાંઈ ખાધું ?" જમવા બેસતાં વિજયે પૂછ્યું.

"સાબુદાણાની કાંજી પીને સૂતો છે."

"તમારી પાસે ભલે સૂવે એમ તમે કહ્યું એટલે આજે તે બહુ શાંત રહ્યો છે."

"બહુ તોફાન પણ કર્યું નથી." અનુરાધાએ હસતાં હસતાં કહ્યું.

"એના લીધે તમારે પીડા વધી છે, પણ એમાં મારો કાંઈ દોષ નથી. તે પોતે જ કોણ જાણે ક્યાંથી ચૂપચાપ તમારા ઘરમાં પેસી ગયો, તે મને ય નથી સમજાતું."

"એ તો મને ય સમજાતું નથી."

"મને લાગે છે કે એ ઘરે જશે ત્યારે તમને પણ સારું નહિ લાગે."

અનુરાધા ચૂપ રહીને થોડીવારે બોલી : "તેને ઘરે લઇ જશો એ પહેલા મારે તમને એક વાત કહેવી પડશે. તમે એના પર જરા નજર રાખશો તો એને કાંઈ દુઃખ નહિ થાય."

"પણ હું તો કામકાજમાં ગૂંથાયેલો બહારને બહાર રહું એટલે મારાથી નજર રખાય એવો ભરૂસો નથી."

"ત્યારે તો એને મારી પાસે રાખતા જવું પડશે."

"તમે ભૂલી જાઓ છે કે એ પણ વળી બનવા જોગ નથી." એમ કહી વિજયે જમવામાં મન પરોવ્યું.

"મારા ભાભી આવવાના હતા પણ તે હવે નહિ આવે તેમ લાગે છે." જમતા જમતા વિજયે કહેવા માંડયું.

"જે વિચારથી એ કહેતાં હતાં તે વિચાર હવે ચાલ્યો ગયો લાગે છે. શહેરના લોકો ગામડા ગામમાં સહેલાઇથી પગ પણ મૂકવાનું પસંદ કરતા નથી. એ તો એક રીતે સારું જ થયું છે. હું એકલો છું તોય તમને કેટલી તકલીફ આપું છું. એમના આવવાથી તો તમારી તકલીફ વળી વધી જાત."

"આ તમારું કહેવું ખોટું છે. આ ઘર મારું નથી. તમારું જ છે. તમારી બધીય જગ્યા રોકી રાખું અને તેઓ આવે ત્યારે ગુસ્સો કરું એના જેવું ખોટું બીજું શું? મારા માટે એવો ખ્યાલ કરવો એ ખરેખર તમારે માટે ખોટું કહેવાય. મારા પર તમે જે દયા કરી છે તેનો આવો બદલો?" અનુરાધાએ વિજયની વાતનો વિરોધ કરતાં કહ્યું. એવી વાત આ રીતે એ કદીયે બોલી ન હતી.

વિજય અનુરાધાનો જવાબ સાંભળી છક થઈ ગયો. ગામડાની સ્ત્રીને તેણે જેટલી અશિક્ષિત ધારી હતી તેટલી અનુરાધા નહોતી. થોડીકવાર શાંત રહી પોતાનો દોષ કબૂલ કરતા તેણે કહ્યું :—

"ખરેખર એવું બોલવું મારા માટે યોગ્ય ન હતું. જેના માટે હું બોલ્યો છું તેનાથી તમે ઘણા જ ઊંચા છો. બે ચાર દિવસમાં હું પણ ઘરે જવાનો છું. અહીં આવી શરૂઆતમાં મેં તમારી સાથે ખરાબ વર્તન ચલાવ્યું હતું પણ તે

અજાણ્યો હોવાથી જ. જગતમાં આમ જ થાય છે. એ માટે માફી માગું છું."

"આપને માફી નહિ મળે." અનુરાધાએ મધુર સ્વરે જવાબ દીધો.

"નહિ મળે? શા માટે?"

"આવતાં વેંત જે દુઃખ દીધું છે તે માટે માફી ન હોય." એમ કહેતા તે હસી પડી. દીવાના આછા પ્રકાશમાં તેનું હસતું મોં વિજયની નજરે પડયું. ઘડીવાર માટે એક અજાણ્યા વિસ્મયથી તેનું અંતર હાલી ઊઠયું અને ફરી સ્થિર થયું. ક્ષણભર શાંત રહી તે બોલ્યો:—"એ બરાબર છે. માફીની જરૂર નથી. હું અપરાધી છું તે મને હમેશાં યાદ રહેશે."

બંને શાંત હતા. બે ત્રણ મિનિટ આખુંયે ઘર નિસ્તબ્ધ રહ્યું.

"તમે હવે પાછા ફરી કયારે આવશો?" નિસ્તબ્ધતાનો ભંગ કરીને અનુરાધા બોલી.

"ધારું છું કે વચ્ચે વચ્ચે મારે આવવું તો પડશે જ. કદાચ ફરી પાછા ન પણ અવાય."

સામી બાજુએથી એનો કાંઇ વિરોધ ન થયો. એના શબ્દો સાચા હોવાનું સમજાતું હતું.

"ઝોળીમાં ઘણું શાક છે, પણ હવે તમારા રસોડે નહિ મોકલું. કાલે સવારે પણ તમે અહીં જ જમજો." જમી કરીને વિજય જવા લાગ્યો ત્યારે અનુરાધાએ કહ્યું.

"સારું, કાલે સવારે જમવાનું તમે ન કહેત તોય હું આમંત્રણની રાહ જોવાનો નહોતો. હવે તો જેટલા દિવસ

રોકાઉં તેટલા દિવસ તમારે ત્યાં જ જમીશ. તમારા હાથની રસોઇ જમીને જ ઘરે જઇશ."

"એ મારું સદ્‌ભાગ્ય."

બીજે દિવસે સવારમાં ભોજનની અનેક સામગ્રી અનુરાધાના રસોડે જઈ પહોંચી. તેણે કાંઇ વાંધો ન લીધો. ઊંચકીને અંદર રસોડામાં મૂકી.

ત્યારપછી તો ત્રણ દિવસને બદલે પાંચ દિવસ થયા. કુમાર પૂરેપૂરો સાજો પણ થઈ ગયો. આ દિવસોમાં વિજયે ક્ષોભ રહિત જોયું કે અતિથ્યમાં કોઇ જાતની ત્રુટી રહેતી નહોતી. પરંતુ પરિચયનું દૂરત્વ જેવું ને તેવું જ રહ્યું હતું. તેમાં કોઈ રીતે તલ જેટલું યે અંતર ભાંગતું નહોતું. રસોડાની ઓસરીમાં જમવાની ગોઠવણ કરી હતી. અનુરાધા રસોડામાંથી થાળી પીરસીને મોકલતી હતી. સંતોષ પીરસતો હતો. કુમાર કહેતો કે "બાપુ! માસીમા કહે છે કે શાક આટલું બધું પડી રહે છે તે નહિ ચાલે. હજુ થોડું ખાવું પડશે."

"તારી માસીમાને કહે કે બાપુજીને રાક્ષસ ધારવા એ ખોટું છે."

કુમાર, ફરી પાછો આવીને કહેતો :– "શાક રહેવા દો. એ સારું નહિ થયું હોય. પણ કાલની માફક વાડકામાં દૂધ પડ્યું રહેશે તો એમને નહિ ગમે."

"તારી માસીમાને કહે કે કાલથી તપેલાને બદલે વાડકીમાં દૂધ આપે એટલે જરાય પડ્યું નહિ રહે." વિજયે કુમારને કહ્યું.

૬

આમ અને આમ પાંચ દિવસો ચાલ્યા ગયા. સ્ત્રીની કાળજીનું વિજયના મનમાં રહેલું ચિત્ર લાંબા કાળથી અસ્પષ્ટ હતું. નાનપણથી જ તેણે માને અસ્વસ્થ અને સુસ્ત જોઇ હતી. ગૃહિણી તરીકેનું કોઈપણ કામ તે પૂરેપૂરું કરી શકતી નહોતી. પોતાની પત્ની પણ એ જ વર્ષ જીવી હતી. ત્યારે તે વિદ્યાર્થી અવસ્થામાં હતો. ત્યાર પછી લાંબા સમય સુધી તે દૂર પ્રવાસે ગયો હતો. ત્યાંની ઓળખીની સ્ત્રીઓની યાદી જરા જરા યાદ આવતી હતી, પણ તે સઘળી જાણે અવાસ્તવિક પુસ્તકની કલ્પિત વાર્તાઓ માંહેલી ન હોય ! જીવનના સત્ય વ્યવહારમાં તે સંબંધ વિહોણી લાગતી.

બીજી હતી તેના મોટાભાઇની પત્ની, પ્રભાદેવી. જે કુટુંબમાં વહુનું કહ્યું ચાલે, સારા ખોટાની ચર્ચા થાય તેવું તેનું કુટુંબ નહોતું. માને તેણે અનેકવાર રડતી જોઈ હતી. પિતા વિરક્ત હતા. એ સર્વ બાબતોને તે પોતે અસંગત અને અનાધિકારી ચર્ચા માનતો હતો. કાકી દિયરના પુત્રની દેખરેખ રાખે નહિ, વહુ, સાસુ સસરાની સેવા કરે નહિ તો મહા અપરાધ થાય તેમ તે માનતો નહોતો. તેની પોતાની પત્નીને પણ એવું કરતી જોઇને એને લાગી આવે એવું પણ નહોતું. તેમ છતાંય એની આટલા દિવસોની માન્યતાને આ છેલ્લા પાંચ દિવસોએ જાણે ધક્કો લગાવીને છિન્નભિન્ન કરી નાખી. આજે સાંજની ગાડીમાં તેને જવાનું હતું. નોકર સરસામાન બાંધીને તૈયાર થતો હતો. એકાદ કલાકની જ ફક્ત વાર હતી ત્યાં સંતોષે આવી ઓથે ઊભા રહી કહ્યું :–

" માસીબા જમવા બોલાવે છે."

"અત્યારે ?"

"હા" કહેતો જ તે ચાલ્યો ગયો.

વિજયે, અનુરાધાની ઓરડીએ આવીને જોયું તો રોજ પ્રમાણે રસોડાની ઓસરીમાં પાટલો મૂક્યો હતો. કુમાર માસીબાના ગળે વળગી ઝૂલતો હતો. તેના હાથમાંથી છૂટી થઈ અનુરાધા રસોડામાં પેઠી.

"આ બધું શું છે ?" પાટલે બેઠા પછી વિજય બોલ્યો.

"થોડીક ખીચડી બનાવી છે. જમવા બેસો." અંદરથી અનુરાધાએ કહ્યું.

જવાબ દેતાં, વિજયને જરા ગળુ ખંખાળવું પડ્યું.

"અત્યારે વળી શું કરવા તકલીફ લીધી ? અને કરવું હતું તો થોડીક પૂરી કરવી'તીને ?"

"પૂરી તો તમે ખાતા નથી ને ? ઘેર પહોંચતાં રાતના બે ત્રણ વાગી જશે. ખાધા વગર-ભૂખ્યા જાઓ ને વળી છોકરો ખાધા વગર જાય એ ઠીક કહેવાય ?"

વિજયે થોડીવાર શાંત રહીને-બોલ્યા વગર ખાધું. પછી તે બોલ્યો:—

"વિનોદને ભલામણ કરી છે કે તે તમારી ખબર રાખે. જેટલા દિવસ આ ઘરમાં રહો તેટલા દિવસ કાંઈ અડચણ નહિ પડે."

ફરીથી થોડીવાર શાંત રહી તે બોલ્યો:-"હવે એક વાત કહું. જ્યારે ગગન મળે ત્યારે એને કહેજો કે મેં એને માફ કર્યો છે પણ આ ગામમાં ન આવે. આવશે તો જરાય માફ નહિ કરું."

"કોઇવાર મળશે તો તેને જરૂર કહીશ." એમ કહી અનુરાધા થોડો વખત શાંત રહી.

"કુમારને લઇ જવો મુશ્કેલ છે. આજે એને ક્યાંય જવું ગમતું નથી. બહાર જવું કેમ ગમતું નથી ? એ પણ નથી કહેતો." અનુરાધાએ પાછી વાત કરવા માંડી.

"કહેવા જ માગતો નથી. કહે છે કે એ પોતે જ જાણતો નથી. મને લાગે છે કે ત્યાં એને નહિ ગમે એમ એ ધારતો હશે."

"નહિ કેમ ગમે ?"

"ત્યાંના નિયમ એવા છે. પણ દુ:ખે ય હોય."

"એમાં ને એમાં તો એ આટલો મોટો થયો છે."

"ત્યારે તો જવું ન જોઇએ. મારી પાસે રાખો."

"મને વાંધો નથી, પણ બહુ બહુ તો એક મહિનો. તેથી વધારે તો રહી જ ન શકે. તો પછી એમ કરવાનો અર્થ શો ?" વિજય હસીને કહ્યું.

બન્ને ય શાંત રહ્યાં.

"એની આવનાર નવી મા કહે છે કે ભણેલી સ્ત્રી છે."

"હા. તેણે બી. એ. પાસ કરી છે."

"બી. એ. પાસ તો એની કાકીએ પણ કરી છે ?"

"જરૂર કરી છે. છતાં ય બી. એ. પાસની ચોપડીમાં દિયરના પુત્રની કાળજી રાખવાનું લખ્યું નથી. એ પરીક્ષા તો નથી આપવી પડતી."

"અને રોગી સાસુ સસરા ? એ વાત પણ ચોપડીઓમાં નથી લખી ?"

"ના. એ વાત તો એથી યે વધારે હસવા જેવી છે."

"હસવા જેવું ન હોય એવું કંઇ છે ખરું ?"

"હા છે. તલભાર પણ વિરોધ ન કરવો એ અમારા લોકોની સરસ રીત છે."

"એ રીત તમારી પાસે જ રહો! પરંતુ જે રીત બધાને સરખી છે તે એ જ છે કે છોકરાં કરતાં બી. એ. પાસ વધારે ન હોય. એવી સ્ત્રીને ઘરમાં લાવવી એ ઠીક નથી."

"છતાંય કોઈને ય લાવવી તો જોઈએ જ ને? જે લોકોના વાતાવરણ વચ્ચે અમે છીએ, ત્યાં બી. એ. પાસ ન હોય તો માન-આબરૂ પણ ન સચવાય. એ જાણો છો? વળી ઘર પણ ન ચાલે. માબાપ વગરના ભાણેજ ખાતર ઝાડ નીચે ઊભા રહેવાનું માગે એવી સ્ત્રી લઇને અમારે સંસારમાં રહેવું ન પાલવે. તો તો વનવાસ કરવો પડે."

"ના, એમ ન થાય. એક નિર્દય નવી મા ના હાથમાં કુમારને તમે નહિ આપી શકો." અનુરાધાએ જરા ઝીણા અવાજે કહ્યું.

"તેની ફિકર નથી; કારણ કે હાથમાં આવતા કુમાર એની મેળે જ નીચે પડશે. એમ કહેવાથી તે નિર્દય પણ નથી. મારી નવી પત્ની સંબંધેની તમારી વાતનો હું સખત વાંધો ઊઠાવું છું. પોતાના પાને પડેલા સ્વજનનું અપમાન કરવું એ જંગલીપણાથી કોઈ રીતે ઓછું નથી એટલે હવે એવો દોષ ન દેશો."

"ગમે તેટલો સખત વિરોધ ભલે કરો. પણ એક વાત પૂછું કે પાને પડેલા સ્વજનનું માન પણ શું હોય?" અનુરાધા હસીને બોલી.

"એ અમારા મોટા સર્કલનું કૌટુંબિક બંધન છે. તેનું રૂપ જુદું અને કાયદા પણ જુદા. તમે ગામડા ગામનાં ગૃહસ્થ

ઘરનાં પુત્રી છો. કૉલેજમાં ભણીને પરીક્ષા પાસ કરી નથી. પાર્ટીઓ અને પિકનીકોમાં હળ્યા મળ્યા નથી. એટલી ખાત્રી આપું છું કે કુમારની નવી મા તેને ઝેર ખવરાવવા જેવું નહિ કરે, હાથમાં ચાબુક લઇને ય નહિ ફરે કારણ કે એ આચરણ અયોગ્ય જ છે. એટલે એ બાબતમાં ડરશો નહિ.

"હું એ વાત છોડતી નથી. તમે પોતે કોઈકોઈ વાર જોતા રહેજો. મારી એટલી વિનંતી છે."

"વચન આપવાનું મન થાય છે પણ મારો સ્વભાવ જ જુદો છે, ટેવ પણ જુદી છે. તમારા આગ્રહને યાદ કરી કોઈ કોઇ વાર જોવાનો પ્રયત્ન કરીશ. પણ તમારા કહેવા જેટલું તો નહિ જ થઈ શકે એમ લાગે છે. ઠીક, હવે જમવાનું પૂરું થયું તો હું જાઉં, જવાની ગોઠવણ કરું." કહેતો તે ઊઠયો.

"કુમારને તમારી પાસે રાખો. એને આવવું હોય ત્યારે વિનોદની સાથે કલકત્તા મોકલી આપજો. સાથે સંતોષને પણ ખુશીથી મોકલજો. શરૂઆતમાં મેં વર્તન ચલાવ્યું હતું તેવો મારો સ્વભાવ નથી એની ખાત્રી હું ફરી એકવાર આપું છું. મારે ઘરે કુમાર કરતાં સંતોષને વધારે દુઃખ નહિ પડે."

ઘર સામે ગાડી ઊભી હતી. સામાન ગાડીમાં ગોઠવાઇ ગયો હોય તેમ લાગતું હતું. વિજય ઊઠીને જતો હતો ત્યાં કુમારે જણાવ્યું:- "બાપુજી, માસીબા બોલાવે છે."

બારણા પાસે અનુરાધા ઊભી હતી. તેણે કહ્યું:-"પ્રણામ કરવા બોલાવ્યા છે. હવે ફરી ક્યારે પ્રણામ કરીશ તેની ખબર નથી." કહેતા કહેતા તેણે દૂરથી પ્રણામ કર્યાં, ઊભી થઈ અને કુમારને પોતાની પાસે ખેંચી લઈ બોલી: "માજીને ફિકર ન દેશો. થોડા દિવસ છોકરો મારી પાસે રહેશે તેમાં ખાટુંમોળું થવાનું નથી."

"વિશ્વાસ રાખવો જ મુશ્કેલ છે ને?" વિજય હસીને બોલ્યો.

"મુશ્કેલ શા માટે? તમને પણ વિશ્વાસ નથી?" કહેતાં જ તે હસી ગઇ; અને બે જણાની આંખો ભેગી થઇ. વિજય સ્પષ્ટ જોઈ શકયો કે તેની આંખના પોપચાં અશ્રુ જળે ભીંજાયાં હતાં. નીચું જોઇને તે બોલી:–" કુમારને લઇ જજો, પણ દુ:ખ ન દેશો. હવે નહિ બોલાય કહેતી કહેતીયે ફરી ફરી કહ્યાં કરું છું. તમારા ઘરની વાત જાણીને એને મોકલવાનું મન જ થતું નથી."

"નહિ મોકલો કે શું?"

પ્રત્યુત્તરમાં ફક્ત એક નિ:શ્વાસ નાખી તે શાંત રહી.

"જતા પહેલાં ફરી એકવાર તમારી પાસે થયેલી ભૂલની વાતને યાદ કરાવું છું. મેં કહ્યું તો છે કે કોઈવાર કશુંયે કામ પડે કે કાગળ લખીને મને ખબર કરી દેજો." વિજયે કહ્યું.

"મને એ યાદ છે. ગાંગુલી મહાશય પાસે ભિક્ષુકની માફક મારે જોવું પડશે, મનનો સઘળોય તિરસ્કાર દબાવીને મારે જોવું પડશે પરંતુ તમારી પાસે એવું નથી. મારે જે જોઇશે તે ખુશીથી માંગી લઈશ."

"પરંતુ એટલું ધ્યાનમાં રાખજો" કહેતો વિજય જવાને તૈયાર થયો ત્યાં તે બોલી: "તો તમે પણ એક વચન દેતા જાઓ કે તમારે કામકાજ પડે તો મને પણ જણાવજો."

"જણાવવા જેવું મારે શું કામકાજ હશે અનુરાધા?"

"તે શી રીતે કહી શકું? મારે તો બીજું કાંઈ નથી પણ કામ હશે તો પ્રાણ આપીને પણ સેવા કરીશ."

"તમને એ કરવા કોણ દેશે ?"

"મને કોઈ રોકી શકે તેમ નથી."

૭

"અરેરે! આ તે કેવી વાત! જેની જોડે તકરાર તેની પાસે જ છોકરાને મૂકી આવ્યો ?" કુમાર ન આવ્યાની વાત સાંભળતા મા કકળી ઊઠયાં.

"જેની સાથે તકરાર છે તે તો પાતાળમાં જઇને ભરાયો છે. તેને કોણ શોધી શકે છે! તારો છોકરો તો તેની માસી પાસે રહ્યો છે. થોડાક દિવસ પછી આવશે." વિજયે વૃદ્ધ માતાને ઉત્તર આપ્યો.

"એકાએક એ માસી વળી ક્યાંથી આવી પડી ?"

"ભગવાનની બનાવેલી આ જગતમાં કોણ જાણે ક્યાંથી આવી પડી. હું કહી શકું તેમ નથી. પૈસા પાટી લઇને જે નાસી ગયો છે તે ગગન ચેટરજીની એ નાની બહેન છે. ઘરમાંથી બહાર કાઢી મૂકવાને હું લાકડી-દંડા; નોકર, સિપાઇ બધુંય લઇને એને ત્યાં ગયો. પણ તારા દીકરાએ ગોટાળો કરી એની સાડીનો છેડો એવો પકડી રાખ્યો કે બેઉને એકી સાથે જ છોડાવે તો ય છુટા ન પડે."

માને મામલાની ગંધ આવી ગઇ.

"હું ધારું છું કે કુમારને બહુ માયા લાગી છે. એ છોકરીએ એને બહુ જ હેતથી પોતાનો કરી લીધો લાગે છે." કહેતામાં માએ પોતાની માંદગીને યાદ કરી નિઃશ્વાસ નાખ્યો.

"હું બહારના ભાગમાં રહેતો હતો. અંદરના ભાગમાં કોણ કોની કાળજી કરતું તે મેં નજરે તો જોયું નથી. પણ આવતી વખતે કુમાર માસીને છોડીને આવવા માગતો નહોતો."

માનો સંદેહ આ ઉત્તરથી પણ ન ટળ્યો.

"ગામડા ગામની છોકરીને શી રીતે ઓળખે? એને સાથે ન લાવ્યો એ તેં ઠીક નથી કર્યું ભાઈ!"

"મા–તું પોતે ગામડા ગામની છોકરી થઈને ગામડાની વિરુદ્ધમાં આવું ખરાબ કેમ બોલે છે? આખરે તને પણ શહેરની સ્ત્રીઓ પર વિશ્વાસ પડ્યો?"

"શહેરની સ્ત્રીઓ? એમને તો મારા કોટી નમસ્કાર છે ભાઈ!" માએ બે હાથ જોડી કપાળે હાથ અડકાડી કહ્યું.

વિજય હસી પડ્યો.

"હસે છે કેમ? મારું દુઃખ કેવળ હું જાણું. બીજા જાણે તે..." "કહેતા જ તેની આંખો અશ્રુજળથી છલાછલ થઈ ગઈ.

"મારા વખતના એ ગામડા હવે ક્યાં છે ભાઇ! બધોય જમાનો જાણે ફરી ગયો છે."

"ઘણું ફરી ગયું છે, પણ જ્યાં સુધી તમે જીવો છો ત્યાં સુધી મને લાગે છે કે તમારા પુણ્ય પ્રતાપે થોડુંક બાકી રહ્યું છે મા! બધું ય સત્યાનાશ નથી થયું. એમાંથી હું થોડુંક જાતે જોઈ આવ્યો છું. પણ એ તને બતાવવાનો અત્યારે જોગ નથી, એથી મનમાં દુઃખ થાય છે." કહેતાં જ તે ઑફિસમાં જવા બહાર ચાલી :ગયો. ઑફિસના કામમાં દિલ ન ચોંટવાથી તે તુરત પાછો ફર્યો.

\+ \+ \+

બપોરે ઑફિસેથી પાછા ફરતા વિજય મહોલ્લામાં રહેતા ભાભીને મળવા ગયો. ત્યાં જતાં જ તેણે કુરૂક્ષેત્રનો જંગ જોયો. ઘરની સર્વ ચીજ આમ તેમ વેરાયેલી પડી હતી. મોટાભાઇ આરામ ખુરસીમાં પડ્યા પડ્યા મોટેથી કહેતા હતા "કદાપિ નહિ આવું. તારે જવું હોય તો એકલી જા. એવા સગામાં હું ઊભો રહું?"

વિજયને ત્યાં ઓચિંતો આવી પહોંચેલો જોઈ પ્રભા રડી પડી.

"દિયરજી, એ લોકોએ સિતાંશુ જોડે અનિતાના ચાંદલા કર્યા તેમાં મારો વાંક શો? આજે ચાંદલા થવાના છે તો તમારા ભાઈ કહે છે કે હું નહિ આવું. એટલે કે મને પણ જવા નહિ દે." ભાભી દિયર પાસે રાવ ખાતા બોલી.

"તું કાંઈ જાણતી નથી એમ કહે છે? આજ દિન સુધી મારી સાથે એવી ચાલાકી રમવાની જરૂર શી હતી?" મોટાભાઈ ગરજી ઊઠયા.

વિજય વાતને પૂરી ન સમજી શકવાથી વિચારમાં પડી ગયો. પણ તેને એ સમજતાં વાર ન લાગી.

"શાંતિ રાખો. શું થયું છે તે તો કહો. અનિતા સાથે સિતાંશુના ચાંદલા થાય છે! આજે થાય છે? I am thrown completly over board!"

"હા. અને એ કહે છે કે મને કશી ખબર નથી!" મોટાભાઇએ હુંકારો કર્યો.

"એમાં હું શું કરું ભાઈ! ભાઇ છે, મા છે ને છોકરી પોતે પણ મોટી છે. એ જ વાત ભાંગે તેમાં મારો વાંક શું?" પ્રભા રડતી રડતી કહેવા લાગી.

"વાંક એ જ કે એ ધાપમારુ ને સાવ જૂઠા બોલી છે. એક બાજુ કંઈ વાત ચલાવે છે અને બીજી બાજુ છાની છાની બધુંય નક્કી કરી બેસે છે. હવે લોકો પેટ ભરીને હસશે. હું ક્લબ-પાર્ટીમાં શરમનો માર્યો મોં નહિ દેખાડી શકું."

"આવું કાંઇ બીજે નથી બનતું ? એમાં તમને શરમાવાનું શું છે ?" પ્રભા પહેલાંની માફક રડતા રડતા બોલી.

"મારે શરમાવાનું એ જ કે તારી બહેન કહેવાય છે. મારાસસરાના ઘરના બધા લુચ્ચા કહેવાય. તેનો તારામાંયે થોડો ઘણો અંશ છે."

મોટાભાઇના મોં તરફ જોઈ વિજય હસી પડયો.

"ભાભી, ભાઈ ગમે તેટલી ગર્જનાઓ કરે તો પણ હું ગુસ્સો કે શોક નહિ કરું. જો એ તમારો અંશ હશે તો હંમેશાં હું તમારો ઋણી રહીશ." નીચા નમી પ્રભાની પગરજ માથે ચઢાવી વિજય પ્રસન્ન મુખે બોલ્યો.

"મોટાભાઈ, તમે ગુસ્સો કરો એ ઘણું જ ખોટું છે. ફેરફાર થઈ શકતો હોય તો આ બાબતમાં કાંઇ બોલવાનો અર્થ નથી. વિવાહ કંઇ છોકરાંની રમત નથી. સિતાંશુ આઈ. સી. એસ હોવાથી ઘણો મોટો માણસ છે. અનિતા દેખાવમાં સારી, બી. એ. પાસ અને હું ? હું પાસ નથી થયો. વિલાયતમાં સાત આઠ વર્ષ કાઢયાં પણ એકાદ ડીગ્રી પણ ન મેળવી. હમણાં લાકડાંની દુકાનમાં બેસી લાકડાં વેચી ખાઉં છું. નથી કોઇ પદ, ગૌરવ કે નથી કોઇ ઇલ્કાબ. અનિતાએ કશું યે ખોટું નથી કર્યું મોટાભાઇ !"

"એકવાર નહિ પણ એકસો ને એક વાર ખોટું કર્યું"

છે" મોટાભાઇ ગુસ્સે થઈ બોલવા લાગ્યા : "તું એમ કહેવા માગે છે કે એથી તને કશુંયે દુઃખ નથી થતું ?"

"ભાઈ, તમે મારા વડીલ છો. હું જૂઠું નહિ બોલું. આ તમારા ચરણની ટેક લઇને બોલું છું કે મને કશુંય દુઃખ નથી થતું. મારા પોતાના પુણ્યથી નહિ પણ કોણ જાણે કોના પુણ્યથી થયું તે હું જાણતો નથી. મને લાગે છે કે જાણે હું બચી ગયો. ભાભી, ચાલો હું તમને લઇ જાઉં. મોટાભાઈને ગુસ્સો કરીને બેસવું હોય તો ભલે ઘરમાં બેસી રહે. :હું તો તમારી સાથે આવીશ. અને તમારી બ્હેનના લગ્નમાં પેટ ભરીને જમીશ."

"ભાઈ, તમે મારી કાં મશ્કરી કરો છો ?" પ્રભા વિજય તરફ જોઈને બોલી.

"ના. ભાભી, હું મશ્કરી કરતો નથી. હું તો મનમાં ને મનમાં તમારો આશીર્વાદ માગું છું. હવે તમે મોડું ન કરો. કપડા પહેરી તૈયાર થાવ. હું પણ ઑફિસનો પોશાક બદલીને આવું છું." કહેતો જ તે ઝડપથી જવા લાગ્યો ત્યાં મોટાભાઈએ તેને બોલાવ્યો.

"પણ તને આમંત્રણ નથી તો તું ત્યાં શી રીતે જઈશ?"

વિજય ચમકીને ઊભો રહી ગયો.

"આમંત્રણ વગર જવામાં શરમ તો આવે પણ આજે વગર આમંત્રણે, વગર બોલાવે મારે ક્યાંય જવામાં સંકોચ નથી. કહેવાનું મન થાય છે કે 'હું છૂટયો. અનિતા તેં મને છેતર્યો નથી. તારા પર મને ગુસ્સો નથી કે ઈર્ષા નથી. પ્રાર્થના કરું છું કે તું સુખી થજે.' મોટાભાઈ મારી વિનંતિ કબૂલશો ?

ગુસ્સો ન કરશો. ભાભીને લઇ તમે જાઓ અને મારા બદલે તમે અનિતાને આશીર્વાદ દેતા આવો."

ભાઈ અને ભાભી હતબુદ્ધિ જેવા તેના તરફ જોઈ રહ્યા. બન્ને સ્પષ્ટ જોઇ શક્યા કે વિજયના મોં પર નિરાશાનું એક પણ ચિન્હ ન હતું. અવાજમાં અભિમાન કે ક્રોધની લેશ માત્ર છાયા જણાતી ન હતી. ખરેખર જાણે તે કોઇ ચોક્કસ આફતમાંથી છૂટયો હોય તેવો જણાતો હતો. તેનું મોં પણ અકૃત્રિમ આનંદની છાયાથી તગતગતું હતું. બહેનના માટે આ સૂચન સારું ન હતું. અપમાનથી પ્રભાનું અંતર સળગી ઊઠયું. તે કંઈ બોલવા માગતી હતી, પણ તેનું ગળું રુંધાઇ ગયું. વિજયે નીરવતા ભંગ કરી આખરે કહ્યું :—

"ભાભી મારે બધી વાત કરવાનો આજે પણ વખત નથી આવ્યો. એવો વખત આવશે કે નહિ તેની ખબર નથી. પણ જ્યારે આવશે ત્યારે કોઇ દહાડો તમે પણ કહેશો કે દિયરજી તમે નસીબદાર છો. તમને આશીર્વાદ દઉં છું."



સતી

હરિશ પાબનાનો એક સારો વકીલ હતો. કેવળ વકીલ તરીકે જ નહિ પરંતુ એક માણસ તરીકેય તે સારો ગણાતો હતો. જિલ્લાના પ્રત્યેક સારા કામોમાં તેને થોડો ઘણો સંબંધ તો હોય જ. શહેરના કોઈપણ કામમાં તેના વગર ચાલે તેમ નહોતું. સવારમાં "દુર્નીતિ–દમન" સમિતિની કાર્યવાહી સભાની એક ખાસ બેઠક હતી. કામ પૂરું કરી ઘરે આવતાં તેને મોડું થયું હતું, એટલે હવે જેમ તેમ થોડું જમી લઈને અદાલતમાં પહોંચી જવાનું હતું. વિધવા નાની બહેન ઉમા પાસે બેસીને જ્ઞાનગોષ્ટિ કરતી હોવાથી જમવાનું થોડું મોડું થાય તેમ હતું.

ધીરેથી અંદર પ્રવેશ કરીને તેની સ્ત્રી નિર્મળા તેની પાસે બેઠી હતી અને બોલી:– "કાલના વર્તમાન પત્રમાં મેં વાંચ્યું છે કે આપણી લાવણ્ય પ્રભા અહીંની કન્યાશાળામાં ઈન્સ્પેકટર તરીકે આવે છે."

આ સામાન્ય વાત પણ ઘણી સૂચક અને અતિશય ગંભીર હતી.

ઉમા ચકિત થઈ ગઈ.

"ખરેખર! ભાભી, એવાં લાવણ્ય નામ તો કેટલાંયે હશે!" ઉમાએ ભાભીને કહ્યું.

"તે હશે! હું તો એમને પૂછું છું."

"પણ હું એ શી રીતે જાણું? સરકાર મારી સલાહ લઇને કાંઈ લોકોની બદલી કરે છે?" હરિશ મોં ઊંચું કરી જરાક કટુ સ્વરે બોલ્યો.

"ઓહ! એમાં ચિડાઓ છો શાને? હું કાંઈ ચીડાવવાને બોલી નથી." નિર્મળાએ શાંત સ્વરે પ્રત્યુત્તર દીધો.

"તમારા નસીબને જોરે કોઇને ય ઉપકાર થઈ જાય તો એ ખુશી થવા જેવું છે." એટલું કહીને જેમ આવી હતી તેમ ધીમા પગલે તે બહાર ચાલી ગઈ.

ઉમા ગભરાઈ ગઈ.

"મારા સોગન, મોટાભાઈ ઊઠોને? ઊઠોને?" ઉમાએ ભાઇને જમવા આગ્રહ કરવા માંડ્યો.

હરિશ એકદમ આસન પરથી ઊભો થઈ ગયો.

"ના, બે કોળિયા ખાવાનું યે શાંતિથી નહિ. ઓહ! આપઘાત ન કરે [illegible] બીજું..."

બડબડતો તે બહાર ચાલ્યો ગયો. રસ્તા પર આવતાં પત્નીનો મધુર અવાજ તેના કાને સંભળાયો:–"તમે કયા દુઃખે આપઘાત કરશો? દુનિયા એક દહાડો જે હશે તે જોશે."

અહીંયાં હરિશનો થોડોક પૂર્વ વૃત્તાંત જણાવવો જરૂરી છે. અત્યારે તેની ઉંમર ચાળીશ વર્ષથી ઓછી નહોતી. પણ તે જ્યારે નાનો હતો ત્યારનો–તેની વિદ્યાર્થી અવસ્થાનો એક ઇતિહાસ છે. એના પિતા રામમોહન તે વેળા બારીશાલના

સબજજ હતા. હરિશ એમ. એ. ની પરીક્ષા માટે વાંચવા સારુ કલકત્તાની મેસ છોડીને બારીશાલ આવ્યો. પાડોશમાં હરકુમાર મજમુદાર નામે સ્કૂલ ઈન્સ્પેકટર રહેતા હતા. તે ઘણા સાદા, નિરાભિમાની અને પૂરા પંડિત હતા. સરકારી કામમાંથી ફુરસદ મળતાં, ઑફિસમાં હોય તો વચ્ચે વચ્ચે સબજજ બહાદુરની બેઠકમાં આવીને તે બેસતા. ત્યાં બીજા ઘણા માણસો આવતા હતા. માથે તાલવાળા મુનસફ, નાની દાઢીવાળા ડેપ્યુટી, સરકારી વકીલ અને શહેરના બીજા મોટા ગણાતા માણસોનું ટોળું સંધ્યા પછી ત્યાં આવ્યા વગર રહેતું નહિ. એનું એક કારણ હતું. સબજજ પોતે નિષ્ઠાવાન હિંદુ હતા, એટલે ત્યાં મોટાભાગે ધર્મની જ ચર્ચા થતી હતી. વળી દરેક સ્થળે બને છે તેમ અહીંયાં પણ આધ્યાત્મિક તત્વની શાસ્ત્રીય મીમાંસાથી માંડીને વાડાભેદના યુદ્ધમાં બધું પરિણમતું. તે દિવસે એવી જ એક લડાઈની વચ્ચે હરકુમાર વાંસનો ડંડો હાથમાં લઈને આસ્તે આસ્તે ત્યાં આવીને ઊભો; દરેક પ્રકારના યુદ્ધ–વિગ્રહમાં તે કોઇ દિવસ કોઇપણ પ્રકારનો ભાગ લેતો નહિ. પોતે બ્રહ્મ સમાજી કહેવાય તોય ઠીક અને શાંત મૌન પ્રકૃતિનો માણસ કહેવાય તોય ઠીકઃ એમ સમજી ચૂપ રહીને સાંભળવા સિવાય આગળ પડીને પોતાનો મત જાહેર કરવા જેવી ચંચળતા તેમનામાં કદાપિ દેખાઇ નહોતી. પરંતુ આજ તો વિચિત્ર બનાવ બન્યો. ઘરમાં દાખલ થતાં જ માથે તાલવાળા મુનસફબાબુએ તેમને મધ્યસ્થ બનાવી દીધા. આનું એક કારણ હતું કે રજામાં કલકત્તે ગયા ત્યારે તેમણે કોઈ સ્થળે આ માણસના ભારતીય દર્શનશાસ્ત્ર સંબંધેના ભારે જ્ઞાનના વખાણ સાંભળ્યા હતા. હરકુમારે

સ્મિત કરી તે દરખાસ્ત કબૂલી. થોડીક જ વારમાં સર્વ કોઈને સમજાઈ ગયું કે શાસ્ત્રોના બંગાળી અનુવાદોમાંથી એમની પાસે તર્ક કર્યાથી કાંઈ ચાલે તેમ નહોતું. બધાને એ જોઈ આનંદ થયો. ફક્ત સબજજ બહાદુર પોતે ખુશ ન થયા. "જે વ્યક્તિએ જાતિ છોડી છે તેને શાસ્ત્રનું જ્ઞાન શાનું હોય ?" એમ તે બોલ્યા પણ ખરા. બધા ચાલ્યા ગયા ત્યારે તેમણે પોતાના પરમપ્રિય મિત્ર સરકારી વકીલબાબુને આંખનો ઇશારો કરી કહ્યું–"સાંભળ્યું કે ભાદુડી મહાશય ? ભૂતને મોઢે રામ નામ કેમ ?"

ભાદુડી બરાબર સમજી ન શકયા. તે બોલ્યા કે:–"ઠીક છે, પણ જ્ઞાન તો ભારે હો ? જાણે બધુંય મોઢે ? પહેલાં માસ્તર હતા કે શું ?"

સબજજ સાહેબ પ્રસન્ન ન થયા. તેમણે કહ્યું:–"એ જાણનારના મોં પર આગ મૂકો. એ જ્ઞાન પ્રાપ્ત કહેવાય ? એમની કદીયે મુક્તિ ન હોય."

હરિશ તે દિવસે એક બાજુ શાંત બેસી રહ્યો હતો. એ ઓછા બોલા પ્રૌઢ પુરુષના શાન અને પાંડિત્ય જોઇને તે મુગ્ધ થઈ ગયો હતો. પિતાના અભિપ્રાય પ્રમાણે તે ગમે તે હોય પણ પુત્રે તેમની મદદથી પરીક્ષા સાગરમાંથી મુક્તિ મેળવવાના વિશ્વાસે તેમને પકડયા. "તમારે મને મદદ કરવી જ પડશે." હરકુમાર કબૂલ થયા. અહીંયાં તેમની પુત્રી લાવણ્યમયી સાથે હરિશનો પરિચય થયો. તે પણ આઇ. એ. ની પરીક્ષા માટે કલકત્તાની ધમાલ છોડી પિતાની પાસે વાંચવા આવી હતી. તે દિવસથી દરરોજ ત્યાં આવજાવ કરવા છતાંય હરિશ પાઠય પુસ્તકના અઘરા ભાગનો અર્થ

પણ ન જાણી શક્યો. પણ એથી ઊલટું તેણે ઘણી ભારે એવી એક જટિલ વસ્તુનું સ્વરૂપ જાણ્યું. પરંતુ એ વાત એમની એમ જ રહી. ધીરે ધીરે–પરીક્ષાના દિવસો પાસે આવતા ગયા. હરિશ કલકત્તા ચાલ્યો ગયો. તેણે સારી રીતે પરીક્ષા આપી અને સારી રીતે પાસ પણ થયો.

થોડાક સમય પછી ફરી જ્યારે તેમનો મેળાપ થયો ત્યારે હરિશે દિલગીરીથી મોં ઢીલું કરીને પૂછ્યું:–" તમે નપાસ થયાં તે ભારે થયું."

" પાસ હું થવાની જ નથી. કેટલું અઘરું ? " લાવણ્યમયીએ કહ્યું.

હરિશ હસી પડ્યો.

" જે થવાનું હતું તે થયું. હવે બરોબર કાળજી રાખીને પરીક્ષા આપજો."

" ગમે તેટલી કાળજી રાખીશ તોય હું નપાસ થવાની છું. મારાથી એ બનશે નહિ."–લાવણ્યમયીએ જરા પણ શરમાયા વગર કહ્યું.

હરિશ અવાક્ થઈ ગયો.

" નહિ કેમ બને ? " હરિશે પાછું પૂછ્યું.

" કેવી રીતે વળી કેમ ? એમ જ ? " એમ કહેતી તે હસતી હસતી ઉતાવળા પગે ચાલી ગઈ.

ધીરે ધીરે આ વાતચીત હરિશની માના કાને પહોંચી.

તે દિવસે સવારમાં રામમોહનબાબુ મુકદ્દમાનો ફેંસલો લખતા હતા. જે બિચારો મુકદ્દમો હાર્યો હતો તેને કોઈ ઠેકાણે આશરો નહોતો, એટલે શુભ કાર્યમાં પરિણત કરવા તે ચુકાદાનો મુસદ્દો તૈયાર કરતા હતા.

વળી તેમાં સારા શબ્દો પણ ગોઠવતા હતા, ત્યાં પત્નીના મોઢેથી પુત્રનું પરાક્રમ જાણતાં તેમના માથામાં આગની જ્વાળાઓ ભભૂકી ઊઠી. હરિશે ખૂન કર્યું છે એમ સાંભળવાથી પણ એ એટલા ગુસ્સે ન થયા હોત; આંખો લાલચોળ કરીને તે એટલું જ બોલ્યા કે:– " શું આટલું બધું...!" આથી વધારે તે બોલી શકયા નહિ.

દિનાજપુરમાં રહેતા એક જૂના વકીલની સાથે તેમને સારો સંબંધ હતો. ગીતાનો મર્મ અને પેન્શન પર ઉતર્યા પછી કાશીવાસની જરૂર સુધીના અનેક અભિપ્રાયોની સામ્યતાને લીધે તેમની મિત્રતા જન્મી હતી. એક રજાના દિવસે દિનાજપુર જઈ તેમની નાની પુત્રી નિર્મળાને ફરી એકવાર જોઈ લઈ પુત્રના સગપણનું નક્કી કરી આવ્યા.

છોકરી દેખાવમાં સારી હતી. દિનાજપુરમાં રહેતા હતા ત્યારે તેમની પત્નીએ તેને અનેકવાર જોઇ હતી. તે છતાં ય પતિની વાત સાંભળી ગાલે હાથ મૂકી તેણે કહ્યું:–" તમે શું કરો છો? સગપણ નક્કી કરીને આવ્યા? આજકાલના છોકરાં......"

" પણ હું આજકાલનો બાપ નથી? હું મારી રીતે જ છોકરાંને મોટાં કરું છું. હરિશને કોઈ રીતે પસંદ ન હોય તો બીજો શું ઉપાય છે?" પતિએ પત્નીને કહ્યું.

પત્ની પતિને જાણતી હતી. તે શાંત થઇ ગઈ.

" છોકરી કાંઈ સ્વર્ગની પરી નથી, પણ સારા ઘરની કન્યા છે. એ જો તેની માનું સતીત્વ અને બાપનું હિંદુત્વ લઇને આપણે ત્યાં આવે તો હરિશ ભાગ્યશાળી જ ગણાય." પતિએ ફરીથી કહ્યું.

વાતને બહાર પડતાં વાર ન લાગી. હરિશે પણ બધું ય

સાંભળ્યું. શરૂઆતમાં તેણે કલકત્તા નાશી જઈ ટ્યુશનો કરીને પેટ ભરવાનું ધાર્યું. વળી પાછું વિચાર્યું કે સંન્યાસી થઇ જાઉં ? છેવટે પિતા સ્વર્ગઃ પિતા ધર્મઃ પિતાહિ પરમમ્ તપઃ વગેરેનું સ્મરણ કરીને તે શાંત થઇ રહ્યો.

કન્યાના પિતા ભભકો કરીને મુરતિયો જોવા આવ્યા; અને આશીર્વાદ આપવાનું કામ પતાવી દીધું. તે વખતે શહેરના ઘણા જાણીતા માણસોને આમંત્રણ આપીને બોલાવ્યા હતા. નિષ્કપટી હરકુમાર કશુંય જાણતા ન હતા છતાંય આવ્યા હતા. રાયબહાદુરે તેમને પોતાના ભાવિ વેવાઇ મિત્ર મહાશયનો હિંદુ ધર્મના ભારે નિષ્ઠાવાન તરીકે પરિચય આપ્યો, અને અંગ્રેજી શિક્ષણના અનેક દોષોનું વર્ણન કરીને એવો અભિપ્રાય જણાવ્યો કે પોતાને માસિક હજાર રૂપિયાનો પગાર આપવા સિવાયનો અંગ્રેજોમાં એક પણ ગુણ નથી. આજકાલ દિવસ પળ સરખા થયા છે. છોકરાંને અંગ્રેજી ન ભણાવીએ તોય ન ચાલે; પણ જે મૂર્ખાઓ મ્લેછ વિદ્યા અને મ્લેચ્છ સભ્યતા હિંદુ અંતઃપુરમાં સ્ત્રીઓ સુધી ખેંચી લાવે છે તેને માટે તો આ લોક નથી અને પરલોક પણ નથી.

એક હરકુમાર સિવાય બીજાઓથી એનો ગુપ્તાર્થ છાનો ન રહ્યો. તે દિવસે એકઠી થયેલ મંડળી વિખરાઇ ગઇ તે પહેલાં જ લગ્નનો દિવસ નક્કી કરાયો, અને યોગ્ય સમયે શુભ કામ સંપૂર્ણ થવામાં વાર લાગી નહિ. કન્યાને સાસરે મોકલવાની સવારે નિર્મળાની સતી સાધ્વી માતાએ પુત્રીને, વધૂ જીવનનું પવિત્ર તત્વ સમજાવતાં તેણે કહ્યું. "પોતાના માણસને નજર સામે ન રાખીએ તો તે હાથથી જાય. સંસાર કરતાં બીજું કાંઇ વધારે સારું નથી એ વાત ભૂલીશ નહિ બેટા !"

પોતાના પતિ, ગીતાનો મર્માર્થ લઈને શાંત થયા ત્યાં સુધી તેણે તેમને અનેક રીતે બાળ્યા હતા. આજે પણ તેને દૃઢ વિશ્વાસ હતો કે વૃદ્ધ ચિતા પર ન પોઢે ત્યાં સુધી પોતાથી નચિંત થવાય તેમ નહોતું.

નિર્મળા સ્વામીના ઘરે આવી. આજે વીસ વર્ષ થયાં તે ઘર સંભાળતી હતી. આ લાંબા સમયમાં કેટલુંય પરિવર્તન અને કેટલાય બનાવો બન્યા હતા. રાયબહાદુર મરણ પામ્યા. સ્વધર્મનિષ્ઠ મિત્રનું પણ મૃત્યુ થયું. ભણવાનું પૂરું થતાં લાવણ્યનો બીજે સ્થળે વિવાહ થયો. જુનીઅર વકીલ હરિશ સિનીઅર થયો. તેનું વય–યૌવન વટાવીને પ્રૌઢતામાં જઇ પહોંચ્યું. પરંતુ નિર્મળા હજી પોતાની માતાએ આપેલા મંત્રને આ જન્મમાં ભૂલી નહોતી.

૨

એ સજીવ મંત્રની ક્રિયા આટલી ઝડપથી શરૂ થશે એની કોને ખબર હતી? રાયબહાદુર પણ ત્યારે જીવતા હતા; તેઓ પેન્શન લઇને પાબના આવી પોતાના ઘરમાં રહેતા હતા. હરિશના એક વકીલ મિત્રના પિતૃશ્રાદ્ધના પ્રસંગે કલકત્તાથી એક સુંદર કીર્તનવાળી આવી હતી. દેખાવમાં તે સુંદર અને ઉમ્મરમાં નાની હતી. કામકાજથી પરવાર્યા પછી તેનું કીર્તન સાંભળવાની ઘણાની ઇચ્છા હતી. બીજે દિવસે હરિશને કીર્તન સાંભળવાનું આમંત્રણ મળ્યું. તે સાંભળીને ઘરે આવતાં તેને મોડી રાત થઇ ગઇ.

નિર્મળા ઉપરની ખુલ્લી અગાસી પરથી રસ્તા તરફ જોતી ઊભી હતી. પતિને ઉપર આવતા જોઇ તેને પૂછ્યું :—'કેમ ગાણું કેવું લાગ્યું ?'

"સરસ ગાય છે" હરિશ ખુશ થતાં બોલ્યો.

"દેખાવમાં કેવી છે ?"

"ખરાબ નથી. સારી છે."

"ત્યારે તો રાત ત્યાં જ કાઢી હોત તોયે ચાલત."

આવા અણધાર્યા ખરાબ અભિપ્રાયથી હરિશ ગુસ્સે થયો, અચંબાથી થંભી ગયો. તેના મોંથી ફક્ત એટલું જ બોલાયું :—

"કેવી રીતે ?"

"સારી રીતે." નિર્મળા ગુસ્સો કરી બોલી.

"હું કાંઈ નાની ઢીંગલી નથી. મને બધીય ખબર છે—હું બધુંય સમજુ છું. મારી આંખમાં તમે ધૂળ નાખશો ? ઠીક........"

ઉમા બાજુના ઓરડામાંથી દોડી આવી.

"શું કરો છો ભાભી ! બાપુજી સાંભળશે !" તે ડરતાં ડરતાં બોલી.

"સાંભળશે ? હું કાંઈ ખાનગી વાતો કરતી નથી."

નિર્મળાના આ ઉત્તરના પ્રત્યુત્તરમાં ઉમાને શું બોલવું તે સૂઝ્યું નહિ. પોતાનાં મોટા અવાજથી વૃદ્ધ પિતાની ઊંઘ ઊડી જશે એ ડરથી તે બીજી જ પળે હાથ જોડીને ધીરે અવાજે વિનંતિ કરતી બોલી:—"માફ કરો ભાભી ! મોડી રાતે બૂમાબૂમ કરી કંકાશ કરો નહિ."

વહુનો અવાજ એથી તો વધ્યો, જરાકે ધીમો ન પડયો. તે પાછી બોલી :–"

"કંકાશ શાનો ? તમે નહિ બોલો કેમ ? તમારી છાતી તો નથી બળી જતીને ?" કહેતી અને રડતી રડતી ઓરડામાં જઈ તેણે ભારે અવાજ સાથે ઓરડાની સાંકળ વાસી દીધી.

હરિશ લાકડાના પૂતળાની માફક બોલ્યા ચાલ્યા વગર નીચે આવ્યો, અને બાકીની રાત અસીલોને બેસવાના બાંકડા પર સૂઈને તેણે વીતાવી. તે પછી દશેક દિવસ સુધી તેમની વચ્ચે અબોલા રહ્યા.

હવે હરિશ સંધ્યાકાળ પછી ઘર બહાર જઈ શકતો નહોતો; અને કદાચ કયાંક કોઈ દિન જતો તો તેની શંકાભરી વ્યાકુળતા લોકોને હસવાનું કારણ થઈ પડતી. મિત્રો ગુસ્સે થઇને કહેતા:–"હરિશ, જેમ મોટો થતો જાય છે તેમ તેનો રોગ પણ વધતો જતો લાગે છે કેમ ?"

હરિશ ઘણે ભાગે કોઇને જવાબ જ દેતો નહિ, પરંતુ જ્યારે આજની ટકોર તેને વધારે પડતી લાગી ત્યારે જ તે બોલ્યો :—

"આવા તિરસ્કાર કરતાં જો તમે મને છોડી શકો તો તમે પણ બચો અને હું પણ બચું."

મિત્રોએ કહ્યું કે, "જૂઠુ ! તદ્દન જૂઠુ ! તને શરમાવવા જતાં અમે પોતે જ શરમાઈ મરીએ છીએ.

૩

તે સમયે શીતળાના રોગથી લોકો મોટી સંખ્યામાં મરવા લાગ્યા. હરિશને પણ શીતળા નીકળ્યા. વૈદ્યરાજે આવી રોગની ચિકિત્સા કરી ગંભીર મોં કરી કહ્યું:–"કેસ ભયંકર છે! બચવાની આશા થોડી છે."

રાયબહાદુર ત્યારે જીવતા નહોતા. હરિશની વૃદ્ધમાતા વૈદ્યનું કહેવું સાંભળી પછાડ ખાઇ પડી. ઓરડામાંથી બહાર આવીને નિર્મળા બોલી:–"હું જો સતી માની સતી કન્યા હોઉં તો મારું સૌભાગ્ય છીનવી લેવાની શક્તિ કોની છે? તમે એમની સંભાળ રાખો. હું તો જાઉં છું." કહેતી જ તે શીતળા માતાના મંદિરે ગઇ અને માતાને ખોળો પાથરી બોલી:–"એ બચશે તો જ ઘરે જઈશ. નહિ તો અહીંયાંથી જ હું એમની સાથે જઈશ."

સાત દિવસ સુધી દેવીના ચરણામૃત સિવાય તેણે બીજું કાંઇ પાણી પણ લીધું નહિ.

વૈદરાજે આવીને કહ્યું:—"વહુ બેટા, તમારા પતિ સારા થઈ ગયા છે. હવે તમે ઘરે ચાલો."

લોકો ટોળે વળી જોવા આવ્યા. સ્ત્રીઓ પદરજ લેવા લાગી. તેના માથે ખોબેખોબે સિંદૂર ઘસી દીધું: "આ કાંઇ માણસ નથી. સાક્ષાત 'મા' છે." એમ સૌ બોલવા લાગ્યું.

"સાવિત્રીનું આખ્યાન જૂઠું છે? ના. ના. કળિયુગમાં ધર્મ ગયો છે એમ કહો છો તો શું તે કંઇ સોળે સોળ આના ગયો છે? યમના મોંમાંથી ધણીને આ તો પાછી લાવી–પાછી લાવી." એમ વૃદ્ધો બોલવા લાગ્યા.

મિત્રો લાઇબ્રેરીમાં ભેગા મળીને ચર્ચા કરવા લાગ્યા.

"પુરુષ શું કાંઈ સ્ત્રીનો ગુલામ છે? લગ્ન તો અમે પણ કર્યા છે, પણ આવી સ્ત્રી તો કોઇને નથી. હવે સમજાય છે કે હરિશ સંધ્યાકાળ પછી કેમ બહાર નીકળતો નથી."

વીરેન વકીલ પ્રતિષ્ઠિત માણસ હતો. ગઈ સાલ રજાના દિવસોમાં કાશીએ જઇને તે સંન્યાસી પાસેથી એક મંત્ર લઈ આવ્યો હતો. ટેબલ પર જોરથી હાથ પછાડીને તે બોલી ઊઠયો:–"હરિશ મરવાનો નહોતો એની મને ખબર જ હતી. ખરેખર સતીત્વ એ કાંઇ જેવી તેવી વાત છે? ઘરે કહેતી ગઈ કે જો હું સતી માની સતી દીકરી હોઉં તો... ...ઓહ! શરીર કંપી જાય છે."

તારિણી ચેટરજીને ઉમ્મર થઈ હતી. તે અફીણી હતો. એક બાજુ બેસીને તે હૂકો પીતો હતો. હૂકો નોકરના હાથમાં આપતાં તેણે કહ્યું:–"શાસ્ત્ર પ્રમાણે સહધર્મિણી થવાનું ભારે મુસ્કેલ! મારે જુઓને સાત જ દીકરીઓ! વિવાહ કરતાં કરતાં હું તો પાયમાલ થઈ ગયો."

"ઘણા દિવસ પછી સાજો થઇને હરીશ જ્યારે કોર્ટમાં ગયો ત્યારે કેટલાય લોકોએ તેને અભિનંદન આપ્યા કે ભાઇ, અમે તો તારી આશા જ છોડી હતી."

"ભાઈ હરિશ, તને બૈરી જેવો કહીને ઘણીયે વાર શરમાવ્યો માટે માફ કરજે. મને શી ખબર કે કરોડો માણસોમાં તારા જેવા નસીબદાર પણ હશે. ધન્ય છે તને!" વૃજેન્દ્રબાબુએ દિલગીરી દર્શાવતાં કહ્યું.

"સીતા સાવિત્રીની વાતને ગમે તો બાજુએ રાખો પણ લીલાવતી અને ગાર્ગી પણ આપણા જ દેશમાં જન્મી હતી.

ભાઈ, સ્વરાજ બરાજ ગમે તે કહો પણ જ્યાં સુધી સ્ત્રીઓને એવી નહિ બનાવો ત્યાં સુધી કાંઈ થવાનું નથી. મને વિચાર થાય છે કે પાબનામાં જલદીથી એક આદર્શ–નારી–શિક્ષણ સમિતિ સ્થાપવાની જરૂર છે અને જે આદર્શ મહિલા હશે તે કાયમના પ્રમુખ થશે. તેનું નામ આપણે બધાય જાણીએ છીએ." ભક્ત વીરેને કહ્યું.

"એ સાથે પહેરામણીની રીત–નિષેધક સમિતિ સ્થાપવી પણ જરૂરી છે. એથી તો દેશ પાયમાલ થઈ ગયો છે." વૃદ્ધ તારિણી ચેટરજી બોલ્યા.

"હરિશ, નાનપણમાં તો તું સારું લખી શકતો હતો. તારે આ બેકારીની બાબતમાં એક સારો લેખ લખીને આનંદ બજાર પત્રિકામાં છપાવી દેવો જોઇએ" વૃજેન્દ્રે સૂચના કરી.

હરિશે કોઈ પણ વાતનો જવાબ ન દીધો. કૃતજ્ઞતાથી તેની બન્ને આંખો જળે ભરાઈ ગઇ.

૪

સ્વર્ગસ્થ જમીનદાર ગોસાઈચરણની વિધવા પુત્ર વધૂ સામે બીજા પુત્રોનો મિલકતની બાબતમાં કેસ ચાલતો હતો. હરિશ વિધવાનો વકીલ હતો. જમીનદારના કોઈ માણસો ન જાણે તે માટે ખાનગીમાં મસલત ચલાવવા વિધવા પોતે જ આ પહેલાં એકાદ બે વાર વકીલને ત્યાં આવી હતી. આજે સવારમાં જ તેની ગાડી આવીને હરિશની ઑફિસના બારણા

સામે ઊભી. હરિશે જાણી જોઇને જ તેને પોતાના બેસવાના ઓરડામાં બેસાડી. ઘરમાં કોઈને કાને વાતચીત ન જાય તે બીકે બન્ને જણ સાવચેત રહી ધીરે ધીરે વાતો કરતાં હતાં. વિધવાએ કંઇક સંબંધ વગરનો પ્રશ્ન કર્યો એટલે હરિશ હસી પડીને જવાબ દેવા ગયો ત્યાં તો બાજુના ઓરડાના પડદા પાછળથી ઓચિંતો તીણા સૂરનો અવાજ આવ્યો:–"હું બધું ય સાંભળું છું."

વિધવા ચમકી ઊઠી. હરિશ શરમ અને શંકાથી મૂઢ બની ગયો.

પોતાની દિનરાત ચોકી કરનાર બે આંખો અને કાનની વાત એ ઘડીભરને માટે ભૂલી ગયો હતો.

રણચંડી સમી નિર્મળા પડદો ખસેડી બહાર આવી. હાથ પછાડી અવાજમાં હળાહળ ઝેર રેડી તે બોલી :– "ગુસપુસ વાતો કરીને મને છેતરશો ? મનમાં કંઈ થાય છે ? મારી સામે તો એમ હસીને કદીયે વાત કરતા નથી ?"

આ આરોપ કાંઈ સાવ ખોટો ન હતો.

"આ મામલો શું છે હરિશબાબુ ?" વિધવા ગભરાઇને બોલી.

"ગાંડી છે" હરિશ મૂઢની જેમ થોડીવાર તાકી રહ્યા પછી બોલ્યો.

"ગાંડી ? ગાંડી જ છું, પણ શું કરો છો તે તો કહો ?" કહેતી તે બરાડા પાડીને રડવા લાગી, વિધવાના પગ પાસે ઢળી પડીને માથું પછાડવા લાગી. કારકુન કામ છોડીને દોડી આવ્યો. એક જુનીયર વકીલ આવ્યો હતો તે પણ આવીને બારણા પાસે ઊભો રહ્યો. બોઝ કંપનીનો મેનેજર તેની ખાંધ પર ડોકિયું કરવા લાગ્યો અને તેની સામે નિર્મળા માથું

પીંખવા લાગી:–" મને બધી ખબર છે? હું બધું સમજુ છું? તમે સુખેથી રહેજો પણ સતી માની સતી પુત્રી હોઇશ તો એક નહિ પણ બન્ને જણીઓ રહીશું. જો......"

આ તરફ વિધવા પોતે પણ રડી પડી.

" આ બધું શું છે હરિશબાબુ? આ મને બદનામ કરે છે–એ મને શું......" વિધવા બોલતી અટકી પડી.

હરિશે કોઇને કાંઈ કહ્યું નહિ. નીચે મોંએ ઊભો ઊભો તે વિચારતો હતો :– " પૃથ્વી શા માટે મારગ દેતી નથી!"

લજ્જા, ઘૃણા અને ગુસ્સાથી તે દિવસે હરિશ ઘરમાં સ્તબ્ધ થઈ બેસી રહ્યો. કચેરીમાં જવાનું તે યાદ જ ન કરી શક્યો. બપોરે ઉમા આવી અને સમજાવી પટાવી, પોતાના સોગંદ દઇને થોડુંક ખવડાવી ગઇ. સાંજે રસોઇયો રૂપાની વાટકીમાં થોડુંક પાણી લાવી પગ પાસે રાખી ગયો. હરિશને પ્રથમ તો તેને લાત મારી ઢોળી નાખવાનું મન થયું, પરંતુ મન પર સંયમ રાખી આ જ પણ તેણે પાણીમાં અંગુઠો બોળ્યો. સ્વામીના પાદોદકનું પાન કર્યા વિના નિર્મળા કોઈ દહાડો પાણીનું ટીપુંએ પીતી નહોતી.

રાત્રે બહારના ઓરડામાં એકલો સૂતો સૂતો હરિશ વિચાર કરતો હતો :—

" આ દુઃખી દુર્ભર જીવનનો અંત ક્યારે આવશે?"

આવું તો તેણે અનેક રીતે અનેક દિવસ વિચાર્યું હતું; છતાં ય આ એકનિષ્ઠ સ્ત્રીના પતિપ્રેમના દુઃસહ નાગપાશમાંથી મુક્તિ મેળવવાનો કોઈ રસ્તો તેની નજરે ચડતો નહોતો.

૫

બે વર્ષ વીતી ગયા છે. નિર્મળાએ તપાસ કરીને જાણી લીધું છે કે વર્તમાન પત્રમાં પ્રકટ થયેલા સમાચારો ખોટા નહોતા. લાવણ્ય સાચે જ પાબનાની કન્યાશાળામાં ઇન્સ્પેકટર થઇને આવતી હતી.

આજે હરિશે કચેરીમાંથી જરા વહેલાં આવીને નાની બહેન ઉમાને જણાવ્યું કે રાતની ગાડીમાં તેને ખાસ જરૂરના કામ માટે કલકત્તા જવાનું છે. પાછા ફરતાં ચારેક દિવસ લાગે તેમ છે. પથારી અને જરૂરી કપડા નોકર પાસે બંધાવી રાખજે.

પંદર દિવસથી ધણી ધણિયાણી વચ્ચે અબોલા હતા.

રેલ્વે સ્ટેશન દૂર હતું, એટલે રાતના આઠ વાગતાં જ મોટરમાં ઉપડી જવાનું હતું. સંધ્યાકાળ પછી તે મુકદ્દમાના જરૂરી કાગળપત્રો બેગમાં ગોઠવતો હતો ત્યાં નિર્મળા આવી પહોંચી.

હરિશ મોં ઊંચુ કરી જોઈ રહ્યો. કશું યે બોલ્યો નહિ.

નિર્મળાએ થોડીવાર શાંત રહી પૂછ્યું.

"આજે કલકત્તા જાઓ છો કેમ ?"

"હા."

"કેમ ?"

"કેમ શું ? અસીલનું કામ છે. હાઇકોર્ટમાં કેસ છે."

"ચાલો, હું પણ તમારી સાથે આવું છું."

"તું આવશે ? ત્યાં તું ક્યાં રહીશ ?"

"તમે રહેશો ત્યાં. તમારી સાથે ઝાડ નીચે ઊભા રહેવામાંય મને શરમ નથી."

વાત બરોબર હતી. એક સતી સ્ત્રીને યોગ્ય હતી, પણ હરિશને અંગે અંગે જાણે વીંછીએ ડંખ દીધા.

"તને તો શરમ નથી પણ મને તો છે. મારાથી ઝાડ નીચે ઊભા ન રહેવાય. મેં તો એક મિત્રને ત્યાં ઉતરવાનું નક્કી કર્યું છે."

"નક્કી કર્યું હોય તો ઘણું સારું. તમારા એ મિત્રના ઘરે સ્ત્રી હશે, બાળબચ્ચા હશે એટલે મને કોઇ જાતની અગવડતા નહિ પડે."

"ના, એમ ન થાય. બોલાવ્યા ચલાવ્યા વગર પારકે ઘરે તને મારાથી ન લઈ જવાય."

"ન લઇ જવાય તે તો હું જાણું જ છું. મને સાથે લઇને લાવણ્યના ત્યાં ઉતરાય નહિ ને ?"

હરિશ ચિડાઇ ગયો. હાથ પગ ઉછાળતો બરાડી ઊઠ્યો:–

"તું જેટલી મેલી છે તેટલી જ મૂર્ખ છે. એ આબરૂદાર વિધવા સ્ત્રી છે. હું પણ ત્યાં જાઉં શા માટે ? એ પણ મને બોલાવે શા માટે ? વળી મને ફુરસદ પણ ક્યાં છે ? કલકત્તા જઇને પારકાનાં કામમાંથી હા...સ કરીને બેસવાની યે ફુરસદ મળવાની નથી."

"મળશેસ્તો" કહેતી નિર્મળા ઓરડા બહાર ચાલી ગઈ.

ત્રણેક દિવસ પછી હરિશ કલકત્તાથી પાછો ફર્યો.

"ચાર પાંચ દિવસ રોકાવાનું કહી ગયા હતા. ને ત્રણ જ દિવસમાં કાં પાછા ફર્યા ?" નિર્મળાએ પતિને પ્રશ્ન કર્યો.

"કામ પૂરું થઇ જતાં ચાલ્યો આવ્યો."

" લાવણ્યને મળ્યા નહિ ?" કહીને નિર્મળા હસી પડી.

" ના."

" કલકત્તા ગયા તો જરા ખબર પણ કેમ ન આપ્યા ?" નિર્મળાએ ઘણા જ સારા માણસની માફક પૂછ્યું.

" વખત ન મળ્યો."

" જેમ તેમ કરીને ય થોડો વખત લેવો હતો." કહેતી જ તે ચાલી ગઇ.

એકાદ મહિના પછી એક દિવસ કચેરીમાં જવાને બહાર નીકળતી વખતે હરિશ બહેનને બોલાવી કહ્યું :-

" ઉમા, આજે મને લાગે છે કે ઘરે આવતાં જરા મોડું થશે."

" કેમ ભાઇ ?"

ઉમા નજીકમાં જ ઊભી હતી. તે ધીમેથી બોલ્યો હોત તો ચાલત પરંતુ તેણે અવાજને મોટો કરી કોઇ અદૃશ્ય વ્યક્તિને ઉદ્દેશીને જવાબ દીધો :—

" જોગીનબાબુને ત્યાં જરા જરૂરી કામ છે. કદાચ મોડું પણ થઈ જાય."

ઘરે પાછા ફરતાં મોડું થયું પણ ખરું. રાતના બાર વાગવા આવ્યા હતા. હરિશ મોટરમાંથી ઊતરી બહારના ખંડમાં આવ્યો. કપડાં ઉતારતાં ઉતારતાં તેણે સાંભળ્યું તો નિર્મળા ઉપરની બારીમાંથી શૉફરને બોલાવી પૂછતી હતી કેઃ- " અબ્દુલ ! જોગીનબાબુને ત્યાંથી આવ્યો કે ?"

" ના માજી ! સ્ટેશનેથી આવ્યો ?"

" સ્ટેશનેથી ? સ્ટેશનેથી કેમ ? ગાડીમાં કોઇ આવ્યું હશે ?"

" કલકત્તાથી એક બાઇ અને એક છોકરો આવ્યાં."

" કલકત્તાથી ? બાબુજી તેમને લઇને ઘેર પહોંચાડવા ગયા હશે ? "

" હા." કહીને અબ્દુલ મોટરને ગૅરેજમાં લઇ ગયો.

ઘરમાં હરિશ જડવત્ થઈને ઊભો રહ્યો. આમ બનશે એવી તેને કલ્પના પણ નહોતી. પોતાના જ નોકરને જૂઠું બોલવાનું તે કહી શકે તેમ નહોતું. રાત્રે શયનગૃહમાં કુરુક્ષેત્રનો બનાવ બની ગયો.

બીજે દિવસે સવારે જ લાવણ્ય પોતાના છોકરાને સાથે લઈ ત્યાં આવી પહોંચી; હરિશ ત્યારે બહારના જ ખંડમાં હતો.

" તમારા પત્ની સાથે મારે પરિચય નથી, ચાલો ઓળખાણ કરાવો." લાવણ્યે હરિશને કહ્યું.

હરિશનું અંતર તલપાપડ થવા લાગ્યું. તેને એમ કહી દેવાનો વિચાર આવ્યો કે " હમણાં બહુ કામ છે." પણ ન કહી શક્યો. તેમને સાથે લઈને તેણે પોતાની પત્ની સાથે ઓળખાણ કરાવી.

લાવણ્યનો પુત્ર દશેક વર્ષનો હતો. નિર્મળાએ તેને હેત કરી પોતાની પાસે લીધો. છોકરાને ખાવાનું આપ્યું અને તેની માને વિવેકથી આસન પર બેસાડી.

" આપના દર્શન થયા એ મારું સૌભાગ્ય છે."

" હરિશબાબુના મોઢે સાંભળ્યું હતું કે તમે વૃત્ત વરતોલા અને ઉપવાસો કરી કરી શરીરને ખરાબ કરી નાખ્યું છે. હમણાં તો ઠીક દેખાઓછોને ? "

" જવા દો એ વાતને ? પણ એમણે આ વાત તમને ક્યારે કહી ? "

હરિશ ત્યારે પાસે જ ઉભો હતો. નિર્મળાના પ્રશ્નથી તે એકદમ ગભરાઈ ગયો.

"હમણા કલકત્તા આવ્યા હતા ત્યારે. જમવા બેસે ત્યારે તે તમારી જ વાત કરતા. તેમના કુશળબાબુનાં ઘરથી મારું ઘર તો તદ્દન પાસે જ છે. અગાશી પરથી બૂમ પાડે તો સંભળાય." લાવણ્યે કહ્યું.

"ત્યારે તો બહુ સગવડ ?"

"એટલેથી પૂરું ન થાય. છોકરાને મોકલી રીતસર ઘરે બોલાવ્યા હતા." લાવણ્ય મોં મલકાવી બોલી.

"ઠીક ?"

"એમને તો વળી બહુ છીટછાંટ છે. મારી માસીના હાથનું રાંધેલુંયે ન ખાય. બધું મારે પોતે જ રાંધીને પીરસવું પડતું." કહેતાં જ હસતાં હસતાં તેણે હરિશના મોં તરફ જોયું.

"વારુ, કહો તો ખરા એમાં નીચુ જોવાનું શું છે ? હું શું બ્રહ્મસમાજ બહાર છું ?" હરિશને તેણે પ્રશ્ન કર્યો.

હરિશનું અંગે અંગ બળી રહ્યું હતું. મિથ્યાવાદીપણું સાબિત થતાં તેને થયું કે ધરતી મા આટલે દહાડે દયા કરીને પોતાના પેટાળમાં ખેંચી લે તો સારું; પરંતુ ભારે નવાઇ જેવું તો એ હતું કે નિર્મળા આજે જરા પણ ભયંકર રોષ કર્યા વિના શાંત રહી હતી. શંકાની વાત ચોકખે ચોકખી જણાઈ આવવાથી તે પણ જડ બની ગઈ હતી.

હરિશ બહાર આવી શરમથી મોં નીચું કરીને બેસી રહ્યો. ભીષણ ભાવિની વાત લાવણ્યને કહી ચેતાવી દેવાનો વિચાર તેને ઘણી યે વાર આવ્યો પણ પોતાની જાતનું ભૂંડું દેખાય અને ચોરીછુપીની બેશરમભરી વાતને એક ભણેલી ગણેલી આબરૂદાર સ્ત્રીને કહી શકે તેમ નહોતું

લાવણ્યના ચાલ્યા ગયા પછી નિર્મળા પવન વેગે હરિશના ઓરડામાં ધસી આવી :

"હં...આટલા જૂઠા ! આટલું જૂઠું બોલો છો ?" નિર્મળા બોલવા લાગી.

હરિશ આંખો રાતી કરી બોલી ઊઠયો :–

"હા, એમ કરું છું. મારી મરજી !"

નિર્મળા થોડી વાર સ્વામીના મોં તરફ શાંતિથી જોઇ રહી પડી.

"બોલો, મન ફાવે તેટલું જૂઠું બોલો, મરજી પડે તેટલી છેતરો, પણ જો ધર્મ હશે, જો હું સતી માની દીકરી હોઇશ, જો હું કાયમના માટે સતી હોઈશ તો મારે માટે તમારે એક દિવસ રડવું પડશે રડવું." કહી તે આવી હતી તેવી રીતે ઉતાવળે બહાર ચાલી ગઇ.

પહેલાંથી જ અબોલા તો ચાલતા હતા. હવે તે મજબૂત થયા એટલું જ. હરિશે નીચેના ઓરડામાં રહેવા–સૂવાનું રાખ્યું હતું. તે કચેરીમાં જતો આવતો હતો અને બાકીનો વખત બહારના ઓરડામાં એકલો બેસી રહેતો. બીજું કાંઇ નવીન નહતું. પહેલાં સંધ્યા સમયે જરા કલબમાં જતો પણ હવે તે બંધ કર્યું હતું, કારણ કે એ બાજુએ લાવણ્યનું ઘર હતું. પતિવૃત્તા પત્નીની બે આંખો દશ આંખો બનીને દશે દિશાઓમાં દિનરાત જોતી હતી એમ તેને લાગવા માંડયું : તેને લાગતુ કે સતી સાધ્વીના અપાર પ્રેમની આગમાં તેના કલુષિત દેહના નશ્વર મેદ–માંસ શુષ્ક અને પુનિત બની અતિશય ઝડપથી ઉચ્ચ લોકમાં જવાની તૈયારી કરતાં હતાં. તેની અલમારીમાં

એક કાલિસિંહનું મહાભારત હતું. વખત ન જાય ત્યારે તેમાંથી તે શોધી શોધીને સતી સ્ત્રીઓનાં આખ્યાનો વાંચતો હતો. તે વાર્તાઓ કેવી ભારે, જોરદાર અને કેટલી અદ્ભુત હતી! ગમે તેવો પાપી સ્વામી હોવા છતાંય ફક્ત સ્ત્રીના સતીત્વના બળે તે સર્વ પાપોથી મુક્ત થઈ અંતે કલ્પકાળ સુધી તેની સાથે જ રહે. કલ્પકાળ કેટલો તે હરિશ જાણતો નહોતો પણ તે કંઈ ઓછો નહોતો, વળી ઋષિમુનિઓના લખેલા શાસ્ત્રવાક્ય કદીયે મિથ્યા ન હોય એ વિચાર આવતા તેના સર્વાંગ અવશ થઈ જતાં. પર લોકની વાત પર ભરૂસો રાખી તે પથારીમાં સૂતો સૂતો આ લોકનો પણ વિચાર કરતો હતો, પણ કોઈ મારગ સૂઝતો નહિ. "સાહેબોના મામલામાં, મુકદ્દમાઓમાં સમાધાન કરાવી શકાય છે; મુસલમાનોના કિસ્સામાં તલાક આપી શકાય છે પરંતુ નિષ્કપટી, એક પત્નીવ્રતધારી બંગાલી માટે કોઈ ઉપાય જ નથી. અંગ્રેજી શિક્ષણના પ્રતાપે બહુપત્નીત્વની રીત પ્રત્યે તેને સૂગ છે. વળી નિર્મળા તો એવી છે કે જેનું મુખચંદ્ર સૂર્ય પણ જોઈ શકે નહિ, ભયંકર શત્રુ પણ જેના સતીત્વ પર બિંદુમાત્ર કલંક લગાવી શકે નહિ. તેને સ્વામી સિવાય બીજું ધ્યાનજ્ઞાન નથી, તેનો પરિત્યાગ કરું? બાપરે! નિર્મળ, નિષ્કલંક હિંદુ સમાજમાં એવી કોઈ સ્ત્રી જોઇ શકાય કે?"

વિચાર કરતા કરતા આંખ અને કાન ગરમ થઇ ગયા. પથારીમાંથી ઊઠી પાણીવતી મોં ધોઈ બાકીની રાત તેણે ખુરસી પર બેસીને વીતાવી. આવી રીતે એક મહિના કરતાં વધુ સમય પસાર થઈ ગયો.

હરિશ કચેરી બહાર ઊભો હતો ત્યાં ઘરની કામ કરનારી સ્ત્રી નોકરે આવી તેને એક કાગળ હાથમાં આપ્યો.

"જવાબ માટે માણસ રાહ જોઇ ઊભો છે." હરિશબાબુને તેણે કહ્યું.

કાગળનું કવર ફાટેલું હતું. ઉપર લાવણ્યના હસ્તાક્ષર સ્પષ્ટ દેખાતા હતા.

"આ કાગળ કોણે ફોડયો છે?"

"માજીએ."

હરિશે તે સંબંધી કાંઇ વધુ ન બોલતાં કાગળ વાંચવા માંડયો. કાગળમાં લખ્યું હતું કેઃ—

"આ કાગળ તમને હું ઘણા ભારે દિલથી લખું છું. તે દિવસે તમને અસ્વસ્થ દશામાં નજરે નિહાળીને ગયા પછી "મને તમે જીવો છો કે મરો છો" એનાય કંઇ ખબર આપ્યા નથી. વળી તમે જાણો છો કે આ પરદેશમાં મારે તમારા સિવાય બીજું કોઈ નથી. આ કાગળ લખ્યો છે તે કાંઇ તમને ઠપકો આપવા માટે નથી લખ્યો. આજે મારા છોકરાની જન્મતિથિ છે. કચેરીમાંથી પાછા ફરતા એકવાર અહીંયાં આવી જશો અને તેને આશીર્વાદ આપી જશો એવી વિનંતિ છેઃ લાવણ્ય."

કાગળના છેવટના ભાગમાં એમ પણ લખ્યું હતું કેઃ– "રાત્રે જમવાનું પણ અહીંયાં જ રાખવાનું છે. સંગીતના જલસાની પણ ગોઠવણ કરવામાં આવી છે."

કાગળ વાંચીને તે થોડાક વિચારમાં પડી ગયો. આંખ ઊંચી કરી જોતાં તેણે જોયું કે નોકરડી નીચું મોં રાખીને હસી રહી હતી. "ઘરના નોકરને પણ આ બધો તમાશો થઇ રહ્યો લાગે છે." એમ તેણે વિચાર્યું. ક્ષણમાત્રમાં

તેનું મોં લાલચોળ થઈ ગયું. આની તો હવે કાંઇ સીમા જ રહી નથી ? જેટલું સહન કરું છું તેટલું દુઃખ વધતું જ રહ્યું છે."

"આ કાગળ કોણ લાવ્યું છે ?"

"તેમનો નોકર."

"તેને કહી દો કે કચેરીમાંથી પાછા ફરતાં હું જરૂર આવીશ." એમ કહીને તે મોટરમાં જઇ બેઠો.

તે રાત્રે ઘરે પાછા ફરતા હરિશને ઘણું જ મોડું થયું. મોટરમાંથી ઉતરતા તેણે જોયું કે સૂવાના ઓરડાની ખુલ્લી બારીમાં પત્થરની મૂર્તિ માફક સ્તબ્ધ થઇને નિર્મળા ઊભી છે.

૬

ડાકટરો થોડીવાર પહેલાં જ વિદાય થયા હતા. કુટુંબના વૈદ્ય જ્ઞાનબાબુએ જતાં જતાં કહ્યું કેઃ—"વહુએ અફીણ ખાધું લાગે છે. આખાયે શરીરમાં રગેરગે ચઢી ગયું છે. હવે જીવવાની કાંઈ આશા નથી."

હરિશે માથું નીચું ઢાળી જે ભાવ પ્રકટ કર્યો તે વૃદ્ધના સમજવામાં આવ્યો નહિ.

"જે થવાનું હતું તે થઇ ગયું છે. હવે પાસે રહીને શાંતિ રાખી સાવધાનીથી સારવાર કરશો તો કાંઇક કારગત લાગશે અને આવી આફત ટળશે." વૃદ્ધ વૈદ્યે આશ્વાસન આપતાં કહ્યું.

"જેવી આશા" કહેતો જ હરિશ સ્થિર થઇને બેઠો.

તે દિવસે બહાર લાઇબ્રેરીમાં અતિશય તીવ્ર અને કઠોર ચર્ચા થઇ. ભક્ત વીરેને કહ્યુંઃ—"મારા ગુરુદેવ સ્વામીજીએ

મને કહ્યું છે કે માણસનો ક્યારેય વિશ્વાસ કરતો નહિ. તે દિવસે ગોસાબાબુની વિધવા પુત્રવધૂ સંબંધે જે સ્કાઉન્ડ્રલ-પણું બહાર આવવા પામ્યું હતું તેનો તમે વિશ્વાસ કરતા નહોતા અને કહેતા હતા કે હરિશ તે એવું કામ કરે ? પણ હવે તો જોયું ને ? ગુરુદેવની કૃપાથી હું એવી અનેક વાત જાણી શકું છું કે જે વિષે તમે ડ્રીમ પણ કરી ન શકો."

"ઓહ ! હરિશ કેવો સ્કાઉન્ડ્રલ ! આવી સતી સાધ્વી સ્ત્રી ઘરમાં પણ મજા તો જુઓ જગતની ? બદમાશના ભાગ્યમાં તો એવી કાંઇ સ્ત્રી હોય ?" વ્રજેન્દ્રે કહ્યું.

"ખરેખર ! મારા તો માથાના વાળ કાળા મટીને ધોળા થઈ ગયા. પણ કોઇની કેરેક્ટર આવી રીતે તો સ્પષ્ટ દેખાઇ નથી. મારે તો સાત દીકરીઓ ! વિવાહ કરતાં કરતાં તો દેવાળું નીકળી ગયું !"

"મારી દીકરી જે નિશાળે જાય છે તે શાળાની ઇન્સ્પેકટર લાવણ્યપ્રભા કંઈ આદર્શ સ્ત્રી છે ? સરકારને જાણ કરવી જોઇએ છે." યોગીનબાબુ બોલ્યા.

"એબસોલ્યુટલી નોન્સેન્સ !" ભક્ત વીરેને કહ્યું.

એક આખોય દિવસ પૂરો ન થયો ત્યાં તો સતી સાધ્વીના સ્વામી હરિશનું ચારિત્ર જાણવાથી ગામનું એક પણ જણ બાકી ન રહ્યું. સંબંધીઓ મારફત એ બધીયે વાત હરિશના કાને પહોંચી ગઈ.

"ભાઈ તમે ફરીથી લગ્ન કરો" ઉમાએ આવી આંખ લૂછતાં લૂછતાં કહ્યું.

"ગાંડી" હરિશ બોલ્યો.

"ગાંડી કેમ? આપણા દેશમાં તો પુરુષો અનેક પત્નીઓ કરે છે."

"એમ કરું તો હું જંગલી કહેવાઉં."

"જંગલી કેમ? તમારું દુઃખ કોઇ ન જાણતું હોય પણ હું તો જાણું છું ને? આખીયે જિંદગી શું આમ વ્યર્થ કાઢશો?"

"ત્યારે બીજો ઉપાય શું બહેન? સ્ત્રી મૃત્યુ પામતા પુરુષ બીજું લગ્ન કરે છે પણ સ્ત્રી કરી શકતી નથી. તારી જ ભાભી એમ કરત તો તું રાજી થાત ઉમા?"

"મોટાભાઈ આવું શું બોલો છો?" કહેતાં ગુસ્સે થઇ ઉમા ચાલી ગઈ. હરિશ બોલ્યા ચાલ્યા સિવાય એકલો બેસી રહ્યો. ઉપાયહીન–અંધકારમય ચિત્તમાંથી કેવળ એક જ વાત વારંવાર ઉદ્ભવવા લાગી–"કોઇ રસ્તો નહિ? રસ્તો જ નહિ? આ આનંદહીન જીવનમાં હવે દુઃખ સિવાય બીજું કાંઇ બાકી રહ્યું જ નહિ?"

તેની બેઠકમાં ત્યારે સંધ્યાની ગાઢ છાયા પથરાઈ ગઈ હતી. પાસેના મકાનના દરવાજે ઊભા રહીને વૈષ્ણવ ભિખારીઓ ભજન કરતા હતા તે એકાએક તેના કાને સંભળાયું. એ ભજન હતું રાધાના વિલાપનું. પોતાને તજી ચાલ્યા જવાથી રાધિકા શ્રી કૃષ્ણ પ્રભુને હૃદયહીન, નિષ્ઠુર કહીને નિંદા કરી રહી હતી. ત્યારે રાધિકાને કેવો ઉત્તર મળ્યો હતો તે હરિશ જાણતો નહોતો. પરંતુ અત્યારે તે વૃજનાથના પક્ષે પૈસા વિનાનો વકીલ થઈને તર્ક ઉપર તર્ક કરી મનમાંને મનમાં બોલવા લાગ્યો:–"અરે રાધિકા નારીનો એકનિષ્ઠ પ્રેમ બહુ સારી વસ્તુ છે. જગતમાં તેની કાંઇ તુલના નથી. પરંતુ

તમે એક વસ્તુ જાણતા નથી, સમજતા નથી; પણ હું તે જાણું છું. વૃજનાથ ક્યા ભયથી નાશી ગયા છે! કંસ બંસની વાત તો સર્વ જૂઠી છે. અસલ કારણ તો શ્રી રાધિકાનો એકનિષ્ઠ પ્રેમ છે. એ પ્રેમથી બચવાને તે મથુરા ચાલ્યા ગયા. પણ હું ક્યાં જાઉં? મારે તો નથી ક્યાંય નાશી જવાની જગ્યા કે નથી મોં દેખાડવાનું કોઈ સ્થાન! વૃજનાથ દયા કરી હવે તો તારા ચરણકમળમાં મને સ્થાન આપ!"



પરેશ

૧

મજમુદાર કુટુંબ મોટા કુળનું હતું. ગામમાં તેમનું ભારે માન-પાન હતું. મોટો ભાઈ ગુરુચરણ એ કુટુંબનો મુખ્ય માણસ હતો. ફક્ત ઘરનો જ નહિ પરંતુ તેને સારા યે ગામનો મુખ્ય માણસ કહીએ તો પણ કાંઇ ખોટું નહોતું. બીજા પણ મોટા માણસો હતા પરંતુ શ્રી કૃષ્ણપુરમાં અપાર શ્રદ્ધા અને ભક્તિનું પાત્ર બીજું કોઇ નહોતું. જિંદગી ભરમાં કદી યે મોટી નોકરી કરી નહોતી. ગામ છોડીને બીજે કયાંય જવાની મરજી થાય તો તેને માટે તે કાંઇ અઘરું નહોતું. પરંતુ યુવાનીના પ્રારંભકાળમાં તે એકવાર નજીકના જિલ્લાની સ્કૂલમાં શિક્ષક તરીકે રહ્યો હતો. કોણ જાણે કયા લોભથી તે શાળાની માયા તજીને બીજે કોઇ સ્થળે જવાનું તે કબૂલતો નહોતો. હમણાં તેનો પગાર ત્રીસ રૂપિયાથી વધીને પચાસ રૂપિયા સુધીનો થયો હતો, અને ત્રણેક વર્ષથી તેના અર્ધા-પચીસ રૂપિયાનું પેન્શન તેણે લેવા માંડ્યું હતું. દુનિયામાં આજે ય કાંઇ પૈસા એ એક જ મોટી વસ્તુ નથી. એ ન હોવા છતાં ય તે તકરારો પતાવતો, લવાદ થતો, પક્ષાપક્ષનો ન્યાય કરી દેતો. તેના

શબ્દો જ શ્રી કૃષ્ણપુરમાં સર્વમાન્ય હતા એમ ન હોતું. તેની અપરિમિત સ્વધર્મનિષ્ઠા, ચારિત્રની દઢતા, અને અવિચલિત સાધુતાની સામે સૌ કોઇ મંત્રમુગ્ધ બની મસ્તક નમાવતાં. ઉમ્મર સાઠ વર્ષની આસપાસની હતી. કોઇ ચારિત્ર્ય, સાધુતા, કે ધર્મની અતિશયતા કરે તો નામના દશવીશ માણસો મશ્કરી કરીને કહેતાં કે "એ તો બીજો ગુરુચરણ!"

ગુરુચરણને સ્ત્રી નહોતી. એક માત્ર પુત્ર હતો અને તેનું નામ વિમલ હતું. તે જાતે દુર્ગુણી હતો. જગતમાં ખરી રીતે અદ્ભુત જેવું કાંઇજ નથી એટલે જ આવા મોટા સર્વ ગુણ સંપન્ન પિતાને ત્યાં સઘળા દુર્ગુણોથી ભરેલો પુત્ર શી રીતે જન્મ ધારણ કરે તે લોકો સમજી શકતા નહોતા.

પુત્ર સાથે પિતાને સંસારિક બંધન નહોતું, એમ કહીએ તો પણ ચાલે. પરંતુ તેના સઘળા બંધનો પોતાના ભાઇના પુત્ર પરેશ પર જઇ પડયાં હતાં. હરિચરણનો મોટો પુત્ર પરેશ જાણે તેનો પોતાનો જ પુત્ર હતો. પરેશ એમ. એ. પાસ કરી કાયદાનો અભ્યાસ કરતો હતો. બાળપોથીથી માંડીને આજદિન સુધીનું બધું ય તે તેને ભણાવતો હતો. વિમલ કાં ભણ્યો નહિ એ દુઃખ તેને ફક્ત પરેશને લીધે જ લાગતું નહોતું.

૨

જીનો ભાઇ હરિચરણ આટલા દિવસ થયાં પરદેશમાં સામાન્ય નોકરી કરતો હતો. છેલ્લા મહાયુદ્ધ પછી એકાએક કોણ જાણે કેમ કરતાં તે મોટો માણસ થઇ નોકરી છોડીને

ઘરે ચાલ્યો આવ્યો હતો. લોકોને ભારે વ્યાજે નાણાં ધીરવા લાગ્યો, પોતાની પત્નીને નામે એક બગીચો ખરીદ કરી લીધો, અને બીજા પણ કંઇક એકાદ બે કામો કરી દીધાં કે તેના પૈસાની ગંધ પાંચ સાત ગામના લોકો સુધી પહોંચી જતાં વાર લાગી નહિ.

એક દિવસ હરિચરણ આવીને વિનય પૂર્વક કહેવા લાગ્યો:– "મોટાભાઇ, ઘણા દિવસોથી તમને એક વાત કહું કહું એમ થાય છે."

"ઠીક કહે." ગુરુચરણે કહ્યું.

હરિચરણ અચકાતો અચકાતો બોલ્યો :–" હવે તમે એકલા બીજા કેટલાં વર્ષો કાઢશો ? ઉમ્મર પણ થઇ......"

"થઇ તેમાં શું ? સાઠમું વર્ષ ચાલે છે."

"હું પણ એમ જ કહું છું. તેથી તો હું ઘરે રહ્યો છું. માલમિલકત બધુંય અસ્તવ્યસ્ત થઇ ગયું છે. જરા ચોક્કસ કરી લઉં......"

ગુરુચરણ ક્ષણવારતો પોતાના નાના ભાઇના મોં તરફ તાકીને જોઇ રહ્યો.

"આપણી માલમિલકત તો સાધારણ છે. વળી એ અસ્તવ્યસ્ત પણ નથી. શું તું જુદા થવાની વાત કરે છે ?" મૌન તોડી ગુરુચરણે આખરે પૂછ્યું.

"ના રે, ના; જેમ ચાલે છે તેમ જ બધું ચાલશે. ફક્ત જેટલું મારું હોય તેટલું નક્કી કરી લઇએ. ગાંધવા કરવાનું બધુંય માથા ફોડિયું કામ એક જ રહેશે–પરંતુ દાળભાત જુદા કરી લેવા સમજ્યા ને ?" હરિચરણ શરમથી જીભ દાબી કહેવા લાગ્યો.

"સમજ્યો! બીજું કાંઈ? વારુ, કાલથી તેમ થશે." ગુરુચરણે ઉત્તર આપ્યો.

"ત્યારે ભાગનું બધું કેમ કરવું તે નક્કી કર્યું છે?"

"નક્કી કરવાની આજ સુધી તો કાંઈ જરૂર નહોતી અને આજે જો જરૂર જ હોય તો આપણે ત્રણ ભાઈઓ ત્રણ સરખા ભાગ કરી લઈશું.

"ત્રણ ભાગ શી રીતે? હરિચરણ નવાઈ પામી બોલવા લાગ્યો: "ભાભી તો વિધવા છે. છોકરાં છૈયાં નથી તો પછી એમનો ભાગ કેવો? બે ભાગ થશે."

"ના. ત્રણ જ ભાગ થશે. ભાભી તો આપણા શ્યામ ચરણની વિધવા છે. જીવે છે તો ભાગ લેશે. બીજું શું?" ગુરુચરણે માથું હલાવી કહ્યું.

"કાયદેસર તે ભાગ ન માગી શકે. ભરણપોષણ જ માગી શકે." હરિચરણે ચિડાઈને કહ્યું.

"તે તો માગી જ શકે. એ શું ઘરની વહુ નથી?"

"જુઓ. કાલે ઊઠીને મિલકત વેચવા જતા વાંધો ઊઠાવે તો?

"કાયદો એ હક આપતો હોય તો એમ કરે."

"હા, કરેસ્તો!" હરિચરણ કાળું મોં કરીને બોલ્યો.

બીજે દિવસે હરિચરણ દોરી અને ફૂટપટ્ટી લઈને ઘરનું માપ કાઢતાં ફરવા લાગ્યો. ગુરુચરણે એને એમ કરવાનું કાંઈ કારણ પણ ન પૂછ્યું–વાંધો પણ ન ઉઠાવ્યો. બે ત્રણ દિવસ પછી લાકડાં, રેતી, ચૂનો, ઈંટો વગેરે આવી પહોંચ્યા. ઘરની જુની ચાકરડીએ આવીને વાત કરી કે કાલથી કડિયો કામે આવશે. બાબુ રહે છે તે ઘર અને આ ઘર વચ્ચે વંડી થશે.

"તે તો હું જોઉં છું; પણ કહેવાય કેમ ?" ગુરુચરણે હસીને કહ્યું.

પાંચ છ દિવસ પછી એક દિવસ સંધ્યાકાળે બારણા બહાર પગલાંનો અવાજ સાંભળી ગુરુચરણે મોં ઊંચુ કરી જોતાં પૂછ્યું:—

"કોણ ? પંચુની મા કે ?"

પંચુની મા ઘરની ઘણી જૂની ચાકરડી હતી. તેણે આંગળી ચીંધી કહ્યું:– "ભાભી ઊભાં છે !"

મોટી વહુ (ગુરુચરણની પત્ની)નાં મૃત્યુ પછીથી વિધવા ભાભી જ આ ઘરની કરતી કારવતી હતી. આઘે ઊભા રહીને તે બધાય સગા વ્હાલાઓ સાથે વાત કરતી હતી. તેણે મૃદુ કંઠે પૂછ્યું:—

"સસરાની મિલકતમાં શું મારો કાંઈ હક નહિ કે નાની વહુ મને વારે ઘડીએ ગાળાગાળી કરે છે ?"

"છેસ્તો ભાભી. જેવો તેનો હક છે તેવો તમારોય છે."

"પણ એવા કાયદા કરીને તો ઘરમાં રહેવાય તેમ નથી. પંચુની મા વચમાં બોલી ઊઠી.

ગુરુચરણ બધું સાંભળી રહ્યો હતો. થોડીવાર તે ચૂપ બોલ્યા ચાલ્યા વગર બેસી રહ્યો.

પરેશને આવવાનો મેં કાગળ લખી નાખ્યો છે. પંચુની મા ! એને એક વાર અહીં આવી જવા દો પછી બધું ય બરોબર ઠીક થઈ જશે. તે આવે નહિ ત્યાં સુધી તમે સહન કર્યે રાખો." ગુરુચરણે વિચાર કરીને જવાબ આપ્યો.

"પણ પરેશ..." ભાભી ખચકાતા ખચકાતા બોલી.

"પણ નહિ; મારા પરેશની બાબતમાં પણ બણ નહિ

ચાલે. હરિ તેનો બાપ ખરો પણ તે મારો જ દીકરો છે. આખીયે દુનિયા જો એક બાજુ થઇ જાય તોય તે મારો જ રહે. તેનો કાકો કદાપિ અન્યાય કરતો નથી, એ જો એ ન સમજે તો આટલા દહાડા પારકા છોકરાને છાતીએ રાખીને મોટા કર્યાનો અર્થ શો ?" ગુરુચરણે ભાભીને વધુ બોલતાં અટકાવીને કહ્યું.

"એમ કહેવાય કે ? તે વરસે શીતળામાં આવ્યો ત્યારે મોતના મોંમાંથી એને કોણ પાછું લાવે તેવું હતું ? ત્યારે એ છોટાબાબુ યે ક્યાં હતા અને એની સાવકી મા તો ગભરાઇને એકવાર જોવાને ય નહોતી આવી. એકલા કાકા જ હતા. તેમણે નથી જોયો દિવસ કે રાત ?" પંચુની મા બોલી.

"પરેશની પોતાની મા જીવતી હોત તો તે આટલું ન કરત !" ભાભી બોલ્યાં.

"એ બધી વાત છોડી દો." ગુરુચરણ કુંઠિત થઇ બોલ્યા.

ભાભી અને પંચુની મા ગયા પછી વૃદ્ધને દેખાયું કે જાણે વિમલ અને પરેશ આવીને પાસે પાસે ઊભા છે. બારી બહાર અંધકારમાં આકાશ સામે જોતાં એકાએક તેના મોંમાંથી નિસાસો નંખાઇ ગયો. ત્યાર પછી વાંસની એક મોટી લાકડી લઈ જાણે તેઓ સરકારની બેઠક પાસે રમવા ચાલ્યા ગયા.

બીજે દિવસે બપોરે ગુરુચરણ જમવા બેઠા હતા, ત્યારે ઘરના ઉત્તર તરફના થોડાક ભાગમાં જ્યાં હરિચરણનું રસોડું આવેલું હતું, ત્યાંથી સ્ત્રીનો કડવાસ ભર્યો અવાજ અને કેટલીક ખરાબ બાબતો થતી સંભળાવા લાગી. તેને જમવામાં અડચણ પડવા લાગી. પણ એકાએક એ આવતા અવાજમાં

પુરુષનો ભારે અવાજ ભેળાઇ આવતો તેના સાંભળવામાં આવ્યો ત્યારે થોડીવાર તે તરફ કાન દઇ તે બેઠો. તે એકાએક ભાણા પરથી ઊભો થઇ ગયો. ભાભી અંદરથી "હાય! હાય!" બોલી ઊઠયાં; અને પંચુની આ ક્રોધે ભરાઇ શું થતું હતું તે પૂછવા લાગી.

આંગણા આગળ આવી ઊભા રહી ગુરુચરણે બૂમ પાડી :—

"હરિચરણ, બૈરાની વાતમાં મને કાન દેવા ગમતા નથી. પરંતુ મરદ માણસ થઇને મોટી વિધવા ભાભીનું આવું અપમાન કરે તો પછી આ ઘરમાં કેમ રહેવાય?"

એનો કોઇએ જવાબ ન દીધો. બહાર જવાના માર્ગમાં તેને નાની ભાભીનો પરિચિત અવાજ સંભળાયો. તે ચાળા પાડીને કહેતી હતી; "આવી રીતે અપમાન કરવાની ના કહું છું. જો અપમાન કરવામાં આવશે તો ભાભી ઘરમાં નહિ રહે." "નહિ રહે તો શું થઇ જવાનું છે?"

"પૃથ્વી રસાતળ જશે, બીજું શું? કોઇક રહેવા માટે માથું આપી દે છે." હરિચરણે પ્રત્યુત્તરમાં કહ્યું.

ગુરુચરણ થંભીને ઊભો રહ્યો. હરિચરણનું બોલવાનું પૂરું થતાં તે ચૂપચાપ બહાર ચાલ્યો ગયો.

૩

હેડમાસ્તરની દીકરીના વિવાહ હોવાથી ગુરુચરણ બહારગામ કૃષ્ણનગર જવાની તૈયારી કરતો હતો, ત્યાં એકાએક તેને ખબર મળ્યા કે બે દિવસ થયાં પરેશ ઘેર આવ્યો હતો અને આવતાં વેંત માંદો પડયો છે. ગુરુચરણ ચિંતા કરતો કરતો પરેશના ઓરડામાં તેને જોવા જતો હતો ત્યાં સામે નાના ભાઇને જોતાં તેને પૂછ્યું :–"પરેશને તાવ આવ્યો છે?"

હરિચરણ "હં" કહેતો જ બહાર ચાલ્યો ગયો.

પરેશના ઓરડા તરફ જતાં હરિચરણની પત્નીના પિયરથી આવેલી કામ કરનારી બાઇએ રસ્તો રોકી ઊભા રહી કહ્યું :–

"તમે ઘરની અંદર જશો નહિ."

"અંદર ન જાઉં ? કેમ ?"

"અંદર મા બેઠાં છે."

"એમને જરાક ખસી જવાનું કહે."

"ખસીને વળી તે ક્યાં જાય ? છોકરાના માથે તે હાથ ફેરવે છે." એમ કહેતી તે પોતાનું કામ કરવા બહાર ચાલી ગઇ.

ગુરુચરણ ચોરની માફક સંતાતો ત્યાં થોડીવાર ઊભો રહ્યો.

"પરેશ, કેમ છે ભાઇ ?" આખરે થાકી જઇને ગુરુચરણે બહાર ઊભા ઊભા મોટેથી બૂમ મારી પૂછ્યું.

ઘરમાંથી એ વ્યાકુળ પ્રશ્નનો કાંઇ ઉત્તર ન મળ્યો, પરંતુ નોકરડીએ ક્યાંકથી જવાબ દેતાં કહ્યું કે–"મોટાબાબુ, તાવ આવ્યો છે તે તો તમે સાંભળ્યું ને ?"

ગુરુચરણ સ્તબ્ધ ભાવે બે ત્રણ મિનિટ ત્યાં ઊભો રહ્યો પછી ધીમે ધીમે બહાર આવ્યો અને કોઇને કશું યે કહ્યા વિના રેલવે સ્ટેશન તરફ ચાલ્યો ગયો.

ત્યાં વિવાહવાળા સ્થળે બીજું કોણ કોણ હતું તેનું તેમને લક્ષ નહોતું. પણ વિવાહનું કામકાજ ઉકલી ગયા પછી તેમના ઘણા લાંબા સમયના મિત્ર હેડમાસ્તરે :તેમને અંદર બોલાવી પૂછ્યું:—

"ગુરુચરણ. આ બધું શું થાય છે? કહે છે કે હરિચરણ તારી પાછળ પડ્યો છે?"

"હરિચરણ? ના રે ના." ગુરુચરણ મૂઢની માફક બોલ્યો.

"ના શું? હરિચરણની શઠતાની વાતો તો બધાય સાંભળે છે."

ગુરુચરણને એકાએક બધુંય યાદ આવ્યું.

"હા, હા. માલ મિલકત હાથ કરવાની હરિચરણ ઘાલમેલ કરે છે ખરો." ગુરુચરણે કહ્યું.

તેની વાત સાંભળીને હેડમાસ્તર દિલગીર થયા. બચપણનો અંગત મિત્ર હોવા છતાંય ગુરુચરણ અંદરની વાતને ઉદાસીનતાના અંચળા હેઠળ ગુપ્ત રાખવા માગતા હતા એટલે હેડમાસ્તરે તેમને બીજો કશોય પ્રશ્ન કર્યો નહિ.

ગુરુચરણે કૃષ્ણનગરથી ઘેર પાછા ફરીને જોયું તો તેમની આ થોડાક દિવસની ગેરહાજરીમાં હરિચરણે ઓસરીમાં ઠેક ઠેકાણે ખાડા ખોદીને એવું તો કરી મૂક્યું હતું કે પગ ન મૂકાય. એમ લાગતું હતું કે તે પોતાની મરજી અને સગવડતા પ્રમાણે આખો ભાગ લઇ વચ્ચે ભીંત ચણવા માગતો હતો.

તેની પાસે પૈસા હતા એટલે તેને કોઇની સલાહ લેવાની કે પૂછપરછ કરવાની જરૂર હતી નહિ.

ઘરમાં દાખલ થઈને કપડાં તે કાઢતો હતો; ત્યાં ભાભીને લઈને પંચુની મા આવી ઊભી. ગુરુચરણ નવાજૂની સાંભળવા જતો હતો, ત્યાં અસ્પષ્ટ સ્વરે રડતી ભાભી નીચે ઢળી પડી. પંચુની મા પણ રડવા લાગી.

"પરમદિવસે સવારમાં ભાભીને ગળે પકડી ધક્કો મારી હરિચરણે ઘરમાંથી કાઢી મૂક્યાં હતાં, અને જો હું હાજર ન હોત તો તેમને મારી મારીને તે અધમૂઈ પણ કરી નાખત." પંચુની માએ રડતાં રડતાં કહ્યું.

બનાવને પૂરેપૂરી રીતે સમજતાં ઘણી વાર લાગી. પછી તે માટીની મૂર્તિની જેમ મૂંગો અને જડ ઊભો રહ્યો.

"હરિચરણે ત્યારે ખરેખર તમારા શરીર પર હાથ ઉપાડ્યો ભાભી? એમ કર્યું?" ગુરૂચરણે પૂછ્યું. પાછો તે ચૂપ થઇ ગયો.

"પરેશ હજુ પથારીવશ છે?" હરિચરણે ચૂપકીદી છોડી પાછું પૂછ્યું.

"તેને તો કાંઈ થયું નથી મોટાભાઉ! એ તો આજ સવારની ગાડીમાં કલકત્તા ગયો." પંચુની માએ જવાબ આપ્યો.

"એ માંદો નહોતો? ત્યારે એ પણ એના બાપની કીર્તિ જાણી ગયો છે?"

"હા બધીએ વાત." પંચુની માએ કહ્યું.

ગુરુચરણના પગ તળેની ધરતી પણ જાણે હાલવા લાગી.

"ભાભી, આવા ભારે ગુનાનો દંડ જો એને નહિ મળે, તો આ ઘરમાંથી મારું અંજળ ઊડ્યું જાણો. હજુ

વખત છે. હું ગાડી બોલાવી લાવું છું. તમારે કોરટમાં જઇને ફરિયાદ કરવી પડશે." ગુરુચરણે કહ્યું.

કોરટમાં ફરિયાદ કરવાના નામે ભાભી ચમકી ઊઠી.

"ગૃહસ્થ ઘરની વહુ અને દાસી માટે એ કામ સારું નથી તે હું જાણું છું. પણ આવા ભારે અપમાનને મોં દાબીને સહન કરશો તો પ્રભુ પણ તમારા તરફ નારાજ રહેશે. એના કરતાં મને કહ્યું ન હોત તો સારું થાત."

"તમે મારે પિતા તુલ્ય છો. મને જે ફરમાવશો તે હું વગર સંકોચે કરીશ." ભાભીએ જમીન પરથી ઊભા થતાં કહ્યું.

હરિચરણની વિરુદ્ધ ફરિયાદ દાખલ થઇ. ગુરુચરણે પોતાની ઘણા દિવસની જૂની સોનાની ચેઇન વેચીને એક મોટા વકીલની ભારે ફી ભરી દીધી.

મુકરર થયેલા દિવસે કેસ નીકળ્યો. વાદી–પ્રતિવાદીના નામની બૂમ પડી. હરિચરણ હાજર થયો પણ વાદી–ભાભી ત્યાં દેખાતી નહોતી. વકીલ કંઇક બોલ્યો. ન્યાયાધીશે કેસ કાઢી નાંખ્યો. લોકોના ટોળામાં ગુરુચરણે પરેશને જોયો, ત્યારે તે મોં ફેરવીને ધીરે ધીરે હસતો હતો.

ગુરુચરણે ઘરે આવતાં સાંભળ્યું કે પિયરથી કાંઇક ભારે ખરાબ સમાચાર મળતાં ભાભી ન્હાવા ખાવાની રાહ જોયા વિના ગાડી કરીને ત્યાં ચાલ્યાં ગયાં હતાં.

પંચુની મા હાથ મોં ધોવા પાણી લાવી ત્યારે એકદમ રડી પડી.

"રાત પણ ખોટીને દિવસ પણ ખોટો મોટાભાઇ, તમે બીજે ક્યાંય ચાલ્યા જાઓ. આ પાપી જગતમાં તમારું સ્થાન નથી." પંચુની મા રડતી રડતી બોલી.

ઢોલ આવ્યાં, નગારાં આવ્યાં, કેસમાં છત મળવાથી ઘરે વાગતાં શ્રી શુભચંડીની પૂજાના વાદ્યોના અવાજોએ આખાએ ગામને ઉશ્કેરી મૂક્યું.

૪

બે ભાગમાં વહેંચાઇ ગયેલા ઘરના એક ભાગમાં હરિચરણ રહ્યો અને બીજા ભાગમાં ગુરુચરણ અને કુટુંબની બહુજ જૂની કામ કરનારી દાસી–પંચુની મા રહ્યાં. બીજે દિવસે સવારે પંચુની માએ આવીને કહ્યું :–"મોટાબાબુ રાંધવાની બધીયે સગવડ કરી દીધી છે."

"રાંધવાની સગવડ! ઠીક–ચાલો જોઇ જાઉં છું." એમ કહેતો ગુરુચરણ ઊઠવા જતો હતો, ત્યાં પંચુની મા બોલી :– "ઉતાવળ નથી મોટાબાબુ! મોડું નથી થયું : તમે આજે ગંગાસ્નાન કરી આવો."

"વારુ ત્યારે સ્નાન કરી આવું છું."

ગુરુચરણ થોડીક જ વારમાં સ્નાન કરવા જવાને તૈયાર થઈ ગયો. તેના કામમાં કે બોલવામાં કશું યે જૂઠું નહોતું તો પણ પંચુની માને કેમ જાણે ખોટું લાગ્યું : તેને એમ જ થયું કે જાણે આ મોટાબાબુ નથી.

પંચુની મા ઘરમાં આવી અને ચીડાઇને બડબડવા લાગી :– "એમ કદાપિ ભલું નથી થવાનું. કોઇ દહાડો ય નહિ થાય. ભગવાન તો દંડ દેવાનો જ છે."

કોઇનું ય ભલું નથી થવાનું. એ કોને દંડ દેવાનો છે તે

બરાબર સમજાયું નહિ; પરંતુ એ માટે નાના ભાઇ તરફથી કોઈએ કશી યે તકરાર કરી નહિ.

અને આમને આમ દિવસો પસાર થવા લાગ્યા.

ગુરુચરણને સંતાનમાં ફક્ત એક પુત્ર–વિમલચંદ્ર હતો. તેનો પિતા સારી રીતે જાણતો હતો કે તે સારો છોકરો નહોતો. થોડાક મહિના પર તે થોડાક જ કલાકો માટે ઘરે આવ્યો હતો. પછીથી તે દેખાયો જ નહોતો. તે વખતે એક બેગમાં તે ગુપ્ત રીતે થોડુંક કંઈક મૂકી ગયો હતો. ગુરુચરણે ત્યારે પરેશને બોલાવી તેમાં તે શું મૂકી ગયો હતો તે જોવાનું કહ્યું હતું. પરેશે અંદર જોઈને કહ્યું હતું કે એમાં થોડાક કાગળ પત્રો છે અને દાખલા–દલીલો જેવા લાગે છે. મારું માનતા હો તો એ બધાને ફેંકી દો.

"એ જરૂરના દાખલા દલીલો છે?"

"જરૂરના છે પણ વિલમને માટે નકામા છે. એને ઘરમાં રાખવામાં જોખમ છે."

"પણ જાણ્યા વગર એનો નાશ ન કરાય. પરેશ, એમ કરવાથી તો કોઇને ભારે નુકશાન થાય. એને તું કોઈ ઠેકાણે સંતાડી મૂક. પછી જે કરવાનું હશે તે કરાશે." ગુરુચરણે કંટાળીને કહ્યું.

આ વાત અત્યારે તેને યાદ પણ નહોતી. આજે સવારે ગંગાસ્નાન કરી આવી રાંધવા જતો હતો ત્યારે તેમણે તે બેગ સાથે પરેશ, હરિચરણ અને ગામના કેટલાક સારા માણસોને જોયા. જમાદાર અને પોલીસનું ટોળું પણ આવીને ઊભું રહ્યું.

ટૂંકમાં વાત એમ હતી કે વિમલ ધાડપાડુ હોવાથી જ ભટકતો ફરતો હતો. વર્તમાનપત્રોમાં સમાચાર વાંચતા જ પરેશે પોલીસને બધીયે વાત કહી દીધી. આટલા દિવસ થયા

બેગ તેની જ પાસે હતી. વિમલ ખરાબ છોકરો હતો. તે મદિરા પીતો હતો અને ખરાબ સોબતને લીધે તેનામાં દુર્ગુણો પણ અપાર હતા. કલકત્તામાં રહી તે એકાદ સાધારણ નોકરી કરી, આવા ધંધા કરતો હતો. વળી તે ચોરી પણ કરી શકતો હતો, છતાં એ જાતનો જરાયે પડતો શક તેના બાપને સ્વપ્નમાં યે આવ્યો નહોતો. થોડીકવારે એકીટશે જોયા પછી પરેશના મોં તરફ ગુરુચરણ જોઈ રહ્યો. આંસુનો એકધારો પ્રવાહ તેની બન્ને દુબળી-ક્ષીણ આંખોના ખૂણામાંથી વહેવા લાગ્યો.

"બધીયે વાત સાચી છે. પરેશ જરાય જૂઠું બોલતો નથી." ગુરુચરણે કહ્યું.

પોલીસ જમાદારે બીજી બેત્રણ વાતો પૂછી તેને છોડી મૂક્યો. જતી વેળા તે એકદમ થોભ્યો અને ગુરુચરણના પગની રજ લઈ મોટેથી બોલવા લાગ્યો:—

"તમે ઉમ્મરમાં મોટા છો. બ્રાહ્મણ છો. મારા અપરાધને ધ્યાનમાં ન લેશો. હવે હું આવું ખોટું લાગે તેવું કદાપિ નહિ કરું."

બીજા થોડાક મહિના પછી સમાચાર મળ્યા કે વિમલને સાત વર્ષની જેલ મળી છે.

૫

ફરીથી એકવાર ઢોલ, ત્રાંસા અને નગારા સાથે શ્રી શુભચંડીની પૂજા ગોઠવાઇ. પરેશે વાંધો ઊઠાવી કહ્યું:–"બાપુ, આ બધું રહેવા દો."

"શા માટે?"

"મારાથી એ સહન થતું નથી."

"ઠીક. સહન ન થતું હોય તો આજે જ કલકત્તા જઇ આવ. જગતમાતાની પૂજા–ધર્મના કામમાં વાંધો ન કાઢીશ."

કહેવાની જરૂર નથી કે ધર્મકામમાં કાંઇ વાંધો પડ્યો નહિ.

દશેક દિવસ પછી એક દિવસે સવારમાં ગુરુચરણના ઘર પાસે ઓચિંતી બૂમાબૂમ અને કોલાહલ થવા લાગ્યાં. થોડીવાર પછી દૂધવાળી રડતી રડતી આવીને ત્યાં ઊભી રહી. તેના નાકમાંથી લોહી ટપકતું હતું.

"લોહી કેમ નીકળ્યું મોક્ષદા! શું થયું?" હરિચરણે વ્યગ્ર થઇ દૂધવાળીને પૂછ્યું.

રડવાના અવાજથી ઘરના બધાય માણસો ટોળે વળી ગયા હતા.

"દૂધમાં પાણી રેડે છે–કહીને મોટાબાબુએ લાકડી મારી, મને કાદવમાં ફેંકી દીધી." મોક્ષદાએ કહેવા માંડ્યું.

"કોણ? મોટાભાઇએ? ઓહ..." હરિચરણ બોલ્યો.

"કોણ કાકાએ? તદ્દન જૂઠી વાત!" પરેશ વચ્ચમાં બોલી ઊઠ્યો.

"બૈરાં પર હાથ ઉગામ્યો? અલી દૂધવાળી સ્વપ્ન તો નથી આવ્યું ને?" નાની વહુ (હરિચરણની પત્ની) બોલી.

શરીર પરનો કાદવકીચડ દેખાડતી, દેવના સોગંદ ખાતી દૂધવાળીએ પાછું કહેવા માંડ્યું :– "સાચે જ મને મારી છે. જોતા નથી?"

"મારી સાથે ચાલ. ફરિયાદ કરાવી આપું." હરિચરણે કહ્યું.

"તમે આ કેવું જૂઠું બોલો છો? મોટાભાઇ તો બૈરાં પર કદીયે હાથ ઉગામે કે? હળાહળ જૂઠી વાત છે." તેની પત્નિએ વાંધો લીધો.

પરેશ સ્તબ્ધ થઈ ઊભો. તે કશુંય ન બોલ્યો.

"ખોટું હશે તોય ફસાશે. પરંતુ હવે મોટાભાઈના મોઢે ખોટું છે એમ કહેવાય નહિ. એ મરે તો જ શાન્તિ થશે."

પતિની યુક્તિ સાંભળતાં પત્નીમાં અક્કલ આવી.

"બરોબર છે. જાઓ આને લઈ જઇને ફરિયાદ નોંધાવી જ દ્યો. સીધા થઈ જશે–થવા જ જોઇએ."

મોટાભાઇએ કચેરીમાં મૌન સેવ્યું. કેસનો ફેંસલો અપાતાં તેમને દશ રૂપિયા દંડ થયો.

આ વખતે શુભચંડીની પૂજા ન થઇ, પણ બીજે દહાડે થોડાક છોકરાંઓનું ટોળું ભેગું મળીને ગુરુચરણની પાછળ બૂમો પાડતું પાડતું ચાલતું દેખાતું હતું. દૂધવાળીને માર્યા બાબતનું એક ગીત પણ એટલીવારમાં તૈયાર થઇ ગયું હતું.

૬

રાત્રીના આઠ વાગ્યાનો સમય હશે. હરિચરણની બેઠકમાં ગણગણાટ થઇ રહ્યો હતો. ગામના મુરબ્બીઓ આજકાલ અહીંયાં જ ભેગા થતા હતા. ત્યાં એકાએક એક જણે આવીને ભારે આનંદના ચમાચાર આપ્યા કે લુહારના ઘરે છોકરાઓ વિશ્વકર્માની પૂજાને અંગે કલકત્તાથી બે રાંડો લાવ્યા હતા. તેમના નાચ મુજરામાં ગુરુચરણ બેઠો હતો.

હરિચરણ હસતો હસતો લોટપોટ થઈ પડતા :બોલ્યોઃ– “ ગાંડો ! ગાંડો ! કહેતો ખરો કે મોટાભાઈ રાંડોનો નાચ જોવા ગયા છે ? તું ક્યાંથી આવે છે અવિનાશ ? ”

અવિનાશે માતાના સોગંદ ખાઈને કહ્યું કે તે પોતે નજરેનજર જોઈને જ આવ્યો હતો. એક માણસ ત્યાં જઈને બરાબર ખબર કાઢવા દોડયો. દશેક મિનિટ પછી આવીને તેણે જણાવ્યું કે વાત તદ્દન સાચી હતી. ફક્ત નાચ જોવાનું તો નહિ પણ તેણે સગી આંખે રૂમાલમાં વીંટીને પ્યાલો અપાતો પણ જોયો હતો. બધામાં ભારે હોહા થઈ ગઈ. કોઈએ કહ્યું કે એક દહાડો આવું થવાનું હતું તેની તો અમને ખબર હતી. કોઈ વળી બોલ્યું કે જ્યારે તે દિવસે વગર વાંકે એક બૈરી પર હાથ ઉગામ્યો હતો, ત્યારથી જણાઈગયું હતું. એક જણે તો તેના છોકરાની ચોરીનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે એના પરથી બાપની ચાલચલગતનો પણ અંદાજ નીકળે આવા તો કેટલાય અભિપ્રાયો અપાયા.

આજે ફક્ત હરિચરણ કશું જ ન બોલ્યો. તે મૂઢની માફક જેમનો તેમ શાંત બેસી રહ્યો. તેને કેમ જાણે કે આજે નાનપણની વાતો યાદ આવવા લાગી. શું આ જ મારો મોટો ભાઈ હતો. આ જ શું ગુરુચરણ મજમુદાર હતો ?

૭

રાતનો ત્રીજો પ્રહર થયો હતો, પણ નાચ પૂરો થવાની હજુ વાર હતી. વિશ્વકર્માની પૂજા સવારે પૂરી થઈ હતી.

પણ તેને એક કોરે રાખી ભક્ત મંડળી દારૂ પી, માંસ ખાઈ, રંડી નચાવી રહી દક્ષયજ્ઞની સમાપ્તિ કરી રહી હતી. એકઠા થયેલા લોકોના મોટા ભાગને જ્ઞાન જેવું કાંઇ નહોતું. આ લોકોની વચ્ચે હસ્તે મોઢે વૃદ્ધ ગુરુચરણ બેઠો હતો.

કોઈ એક માણસે મોં પર ચાદર ઢાંકી ધીરે ધીરે આવીને તેની પીઠ પર હાથ મૂકયો.

"કોણ?" વૃદ્ધ ગુરુચરણે ચમકીને પાછું જોઈ પૂછ્યું.

"હું પરેશ! કાકા ઘરે ચાલો?" તે માણસે જવાબ દીધો.

"ઘરે? ચાલ." ગુરુચરણે કાંઈ સવાલ જવાબ કર્યાં વગર કહ્યું.

ઉત્સવ મંડપનું ઝાંખું તેજ રસ્તા પર પડતું હતું. ત્યાં આવી પરેશે એકીટશે ગુરુચરણના મોં સામું જોયા કર્યું. આંખોમાં પહેલાંનું તેજ નહોતું; મોં પર પણ તેજ નહોતું. સારો માણસ જાણે ભૂત જેવો હતો! આટલા દિવસો પછી તેની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા. વળી આજે આટલા દિવસે તે જોઇ શકયો કે લોકો પાસે કાકાને લીધે શરમાવા જેવું કાંઈ જ હતું નહિ. એ અર્ધ સચેત દેહ છોડીને જુદી જ ભૂમિકા પર ઊતરી પડયો હતો. તે બોલ્યો :–"તમારે કાશીએ જવાની ઘણી ઇચ્છા છે તો ત્યાં જઈશું કાકા?"

"જઇશ, પરેશ જઇશ. પણ મને કોણ લઇ જશે?" ગુરુચરણ એક ભિખારીની માફક બોલી ઊઠયો.

"હું લઈ જઇશ, કાકા!"

"તો ચાલ. હમણા ઘરેથી સરસામાન લઇ આવીએ."

"ના, કાકા. એ ઘરે હવે નહિ. ત્યાંનું મારે કાંઇએ ન જોઇએ."

ગુરુચરણ ઓચિંતો હોંશિયાર બની ગયો. થોડીવાર શાંત થઈ તે બોલ્યો :– "કશુંયે નથી જોઈતું ? એ ઘરનું હવે આપણને કશું યે નથી જોઈતું ?"

"ના, કાકા. કશું ય જોઈતું નથી. એ બધું લેનારા ઘણા માણસો છે. ચાલો." પરેશે આંખો લૂછતાં લૂછતાં કહ્યું.

"ચાલો" કહી ગુરુચરણે પરેશનો હાથ ઝાલ્યો, અને નિર્જન–અંધારા રસ્તે બન્ને જણ રેલવે સ્ટેશન તરફ ચાલ્યા ગયા.



તાજેતરમાં બહાર પડેલા નવા ગ્રંથો.

શ્રીમતી અરૂણા આસફઅલીનું જીવનચરિત્ર

સંપાદક : સુરેશ ગાંધી

મહાત્મા ગાંધીજીએ જેમને બળવાખોર હોવા છતાં પુત્રી માની છે. પંડિત જવાહરલાલ નહેરૂએ જેલમાંથી મુક્ત થતાં સૌથી પ્રથમ જેમની આઝાદીની તમન્નાને અભિનંદન આપ્યા હતા તેમજ અનેક વીરતાભર્યા ભૂગર્ભવાસના પ્રસંગો અને ચિત્રો સાથે

કિંમત રૂા. ૨-૦-૦ વી. પી. ૦-૬-૦

નેતાજી : સંપાદક : પ્રલ્હાદ બ્રહ્મભટ્ટ

આઝાદ હિંદનો સંદેશ સુણાવતું અદ્યતન રાષ્ટ્રિય પ્રકાશન : ૧૮ પ્રાસંગિક તસ્વીરો સાથે

કિંમત રૂા. ૩-૮-૦ વી. પી. ૦-૮-૦

મૌલાના અબુલ કલામ આઝાદ

મહાત્મા ગાંધીજીના રહસ્યમંત્રી શ્રી મહાદેવ દેસાઈએ લખેલ રાષ્ટ્રપતિના આ જીવનચરિત્રનો ગુજરાતી અનુવાદ હરિજન બંધુના તંત્રી શ્રી ચંદ્રશંકર શુકલે કરેલ છે. મહાત્મા ગાંધીજીની પ્રસ્તાવના સાથે.

કિં. રૂા. ૨-૮-૦ વી. પી. ૦-૬-૦

રણચંડી કેપ્ટન લક્ષ્મી : સંપાદક : દયાશંકર ભ. કવિ

આઝાદ હિંદ ફોજના ઝાંસીની રાણી ટુકડીની વીરાંગના કેપ્ટન લક્ષ્મીના, મહારાણી લક્ષ્મીબાઈના પરાક્રમોને યાદ કરાવે તેવા અભૂતપૂર્વ પરાક્રમોની યશગાથા

કિં. રૂા ૨-૮-૦ વી. પી. ૦-૬-૦

ભારતની એકતા : અનુ. ચંદ્રશંકર શુકલ

પંડીત જવાહરલાલ નહેરૂનો ગુજરાતીમાં પ્રગટ થતો છેલ્લામાં છેલ્લો નવો ગ્રંથ કિં. ૨-૮-૦ વી. પી ૦-૬-૦

જવાહર કમલા

પંડીત જવાહરલાલની બાલ્યાવસ્થાથી શરૂ કરી આજ-દીન સુધીના તેમના જીવનની ઝરમર, તેમણે તથા કમલા

નહેરૂએ દેશ ખાતર આપેલા ભોગો અને ત્યાગની અમરકથા
કિંમત રૂા. ૩-૦-૦ વી. પી. ૬ આના

ભારતજનની કસ્તુરબા : સંપાદક : દયાશંકર ભ. કવિ
ભારત માતા કસ્તુરબાનું સંપૂર્ણ જીવનચરિત્ર
કિં. ૧-૮-૦ વી. પી. ૬ આના

પૂણ્યશ્લોક ગાંધીજી : શ્રી. માવલંકરની પ્રસ્તાવના સાથે.
મહાત્મા ગાંધીજીના જીવનને આત્મકથા દ્વારા ઓળખ્યું આ પુસ્તકદ્વારા ગાંધીજીને જગતના મહાન પુરૂષો કેવી રીતે પીછાને છે તે બનાવો ને પ્રસંગોદ્વારા દર્શાવાયું છે.
કિંમત રૂા. ૪-૪-૦ વી. પી. ૮ આના

ગાંધીજીના જીવન પ્રસંગો
(દીનબંધુ એન્ડ્રુઝની પ્રસ્તાવના સાથે)
શ્રી. ચંદ્રશંકર શુકલ અનુવાદીત આ તદન નવા ગ્રંથમાં ગાંધીજીની આત્મકથામાં ન આવેલ એવા પુષ્કળ પ્રસંગો આપવામાં આવેલ છે પુષ્કળ ચિત્રો સાથેનું પુસ્તક.
કિં. ૨-૪-૦ વી. પી. ૬ આના

ગાંધીજીના સમાગમમાં
(સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વચન સાથે.)
ગાંધીજીની આત્મકથામાં અને તેમના લખાણોમાં આવ્યા નથી તેવા અનેક પ્રમાણભૂત પ્રસંગો ત્રીસ વ્યક્તિઓના મૌલિક લેખો આ ગ્રંથમાં શ્રી. ચંદ્રશંકર શુકલે સંગ્રહ કરેલ છે કિં. ૨-૮-૦ વી. પી. ૬ આના

ગાંધીજીને જગવંદના
સ્વામી આનંદની પ્રસ્તાવનાવાળા આ પુસ્તકમાં જગતની મહાન વિભૂતિઓ ગાંધીજીને વંદના કરે છે સર રાધાકૃષ્ણન સર્વપલ્લીના આ ગ્રંથનો શ્રી ચંદ્રશંકર શુકલે ગુજરાતીમાં સરળ અનુવાદ કરેલ છે.
કિં. રૂા. ૩ વી. પી. ૬ આના

ગાંધીજી સાથે અઠવાડીયું
જગપ્રસિદ્ધ અમેરીકન પત્રકાર લુઇ ફીશર ગાંધીજી

સાથે એક અઠવાડીયું સેવાગ્રામમાં રહેલા તે મુલાકાતમાં વાર્તાલાપનો શ્રી ચંદ્રશંકર શુક્લે સરળ ભાષામાં ગુજરાતી અનુવાદ કરેલ છે. કિં. રૂા. ૨ વી. પી. ૫ આના

ગાંધીજીની યુરોપયાત્રા (શ્રી. પ્યારેલાલની પ્રસ્તાવના સાથે)

૧૯૩૧ માં જ્યારે ગાંધીજી બીજી ગોળમેજી પરિષદ વખતે વિલાયત ગયેલા તે વખતનો અહેવાલ આપતું પુસ્તક ગાંધીજીની દીનચર્યા તથા કેટલાક રસિક પ્રસંગ વર્ણનો, તથા ગાંધીજીએ લીધેલી મહર્ષિ રોમેરોલા તેમજ પાંચમા જ્યોર્જની મુલાકાતોના વર્ણન સહિત

કિં. રૂા. ૨–૦–૦ વી. પી. ૫ આના

ભારતનો વારસો

સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના આ નવા ગ્રંથનો અનુવાદ શ્રી. ચંદ્રશંકર શુક્લે કર્યો છે. કિં. રૂા. ૩–૦.૦

વિજયાલક્ષ્મી પંડીત

પંડીત જવાહરલાલ નહેરૂના બહેન વિજયાલક્ષ્મી પંડીતનું સંપૂર્ણ જીવનચરિત્ર તેમજ અનેક જીવન પ્રસંગોનું પુસ્તક. કિં. રૂા. ૩–૦–૦

મહાભારત

લેખક : રાધાકૃષ્ણન અનુ. ચંદ્રશંકર શુકલ : પ્રો. ગોવિન્દલાલ હ. ભટ્ટના પુરોવચન સાથે હિંદુધર્મના ત્રિવેણી સંગમનું વર્ણન કરતું પુસ્તક. કિં. રૂા. ૨–૦–૦ વી. પી. ખર્ચ ૦–૬–૦

જયગુજરાત

સો ઉપરાંત કલામય ચિત્રો સાથે ગુજરાતના ગૌરવનું જ્ઞાન તેમજ ભૌગોલીક માહિતી આપતું આર્ટપેપર ઉપર છપાએલું સુંદર પુસ્તક કિં. ૧–૪–૦ વી. પી. ૦–૫–૦

નૂરજહાં

શ્રી. હરીસાધન મુખોપાધ્યાયકૃત તદ્દન નવીજ નવલકથા સુંદર ત્રિરંગી ગેટઅપમાં કિં. રૂા. ૨–૦–૦ વી. પી. ૦–૫–૦

નવી સાહસ કથાઓ તથા નવી

બાલ વાર્તા : બાલ ગીતો



પટેલ પટલાણી	રમણલાલ સોની	૩–૦	મહાકવિ કાલીદાસની બાલવાર્તા		૨–૮
જાદુઈ ચક્કી	,,	૩–૦	બુદ્ધિનો બાદશાહ		૨–૪
બાટલીનો બૂચ	,,	૩–૦	ચતુર સુજાણ		૧–૮
ખેલાડી	,,	૩–૦	બીરબલની ચિત્રમય બાલવાર્તા		૩–૦
કુમાર કથાઓ	,,	૩–૦	બલૂન પ્રવાસ (જુલેવર્ન)		૩–૦
બરફનું રણ	,,	૨–૦	જય ગુજરાત		૧–૪
કીલુ યાને વીંટીની શોધમાં	,,	૨–૦	બુદ્ધિ વિલાસ		૫–૦
			વિક્રમની વાર્તા		૪–૮
ચાણક્ય	,,	૨–૦	મામાનું ઘર કેટલે ?		૨–૦
ઉપનિષદ કથામંગળ	,,	૧–૦	ફુતુભા ફાંકડાના પરાક્રમો		૧–૮
ભાગવત કથામંગળ	,,	૧–૪	પાયલ બાજે		૦–૭
તુલસીદાસ	,,	૦–૬	અમારાં ગીત		૦–૬
રામદાસ	,,	૦–૮	રાસ કોકીલા		૦–૭



: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨